# नंदन जीवन सौरभ



# નંદન જીવન સૌરભ

સંકલન :
મુનિ નંદિઘોષ વિજય
મુનિ જિનસેન વિજય

પ્રકાશક
શ્રી વિજયનંદનસૂરિ સ્મારક ટ્રસ્ટ (તગડી)
અમદાવાદ

Nandan Jivan Saurabha

**નંદન જીવન સૌરભ**

© સર્વાધિકાર સુરક્ષિત.

પ્રથમાવૃત્તિ : ૨૦૦૦ પ્રત
વિ.સં. ૨૦૫૫, કાર્તિક સુદિ ૧૧, (નંદન જન્મશતાબ્દી વર્ષ)
મૂલ્ય : રૂા. ૩૫-૦૦

પ્રકાશક:
શ્રીવિજયનંદનસૂરિ સ્મારક ટ્રસ્ટ (તગડી)
અમદાવાદ

મુદ્રક:
અમૃત પ્રિન્ટર્સ
કીકાભટ્ટની પોળ,
દરિયાપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં: ૨૧૬૯૮૫૨

# પ્રાસંગિક

સ્પૃહણીયચરિત, ઉદારચેતા અને સ્વનામધન્ય સંઘનાયક આચાર્ય ભગવંત શ્રીવિજયનંદનસૂરીશ્વરજી મહારાજનું આ જન્મશતાબ્દી વર્ષ છે. વિ.સં. ૧૯૫૫ના કાર્તક શુદિ ૧૧ના પ્રારંભાયેલી જીવનયાત્રા વિ.સં ૨૦૩૨માં સમાપ્ત ભલે થઇ; પરંતુ જો તે અટક્યા વિના ચાલી હોત તો આજે ૧૦૦ વર્ષની હોત, એવી એક સુમધુર કલ્પના, એ જન્મશતાબ્દી ઉજવવા માટેનું નિમિત્ત છે.

અગાઉ એક આવા જ પ્રસંગે કહેલી વાત દોહરાવું : જન્મ તો શ્રીજિનેશ્વરદેવનો જ પ્રશસ્ત હોય છે. અન્ય કોઇનો નહિ. છતાં આવા શાસનધોરી પૂજ્યપુરુષની જન્મશતાબ્દી ઉજવવી, તેમાં ઔચિત્ય એટલું જ કે આવા નિમિત્તે આવા ઉત્તમપુરુષનાં ગુણગાન થશે. પરમાત્માની શક્ય ભક્તિ થશે. સંઘ-શાસનને લાભદાયક અને વૈયક્તિક રીતે ઉપકારક એવાં કાર્યો થશે, અને એ બધાં દ્વારા પુણ્યાનુબંધિપુણ્યના શક્ય ઉપાર્જન દ્વારા કર્મક્ષયની દિશામાં જ એકાદ ડગલું આગળ વધાશે, તો આ પ્રયોજન તે રીતે ને તે અંશે સાર્થક બનશે; અને આત્મવિકાસના પંથે પા પા પગલી ભરતાં બાળજીવોને ધર્મપ્રેરણા મળશે તે તો નફામાં જ.

વિચારભેદ, માન્યતાભેદ કે આચરણાભેદ ધરાવનાર પ્રત્યે પણ સમભાવ સભર સૌહાર્દ, અને છતાં પોતાની શુદ્ધ-સમુજ્જવલ પરંપરા પ્રત્યે અચલ નિષ્ઠા એ આ પૂજ્ય પુરુષનું સહજ સુંદર આંતરરૂપ હતું.

તો પોતાના દોષદર્શનમાં રાચનાર કે અવર્ણવાદ કરનાર પ્રત્યે પણ ઉચિત ઉદારતા. સમભાવ અને ઉપકારવૃત્તિ - આ પણ તેમના સ્વભાવની એક અનન્ય લાક્ષણિક્તા હતી.

એમની આવી કેટલીક વિશેષતાઓનું નિદર્શન કરાવતાં થોડાંક લખાણોનું આ લઘુપુસ્તિકામાં સંચયન, વિદ્વાન મુનિરાજ શ્રીનંદીઘોષવિજયજી તથા મુનિરાજ શ્રીજિનસેનવિજયજી દ્વારા થયું છે. આ સંચય દ્વારા પૂજ્યશ્રીના બાહ્યાંતર ઉત્તમ સદ્‌ગુણોનો એક આછેરો આલેખ મળી રહેશે તેવી શ્રદ્ધા છે.

વિ. સં. ૨૦૫૫ — **- વિજયશીલચન્દ્રસૂરિ**

કાર્તક શુદિ ૧૧

વલસાડ

# આર્થિક સૌજન્ય

સ્વ. સા. શ્રી પદ્માશ્રીજી તથા સ્વ. સા. શ્રી પ્રમોદશ્રીજીની

પુણ્યસ્મૃતિમાં તેમના શિષ્યા સા. શ્રી ચંદ્રપ્રભાશ્રીજી

તથા સા. શ્રી હેમપ્રભાશ્રીજીની પ્રેરણાથી

ગુણાનુરાગી ભક્તજનો તરફથી

તથા

કુસુમબેન અને સુધાકરભાઈ

જૈન ધાર્મિક ટ્રસ્ટ, અમદાવાદ.

# શ્રી વિજયનંદનસૂરિ ગુરુમંદિર - તગડી શિલાલેખ

॥ ૐ ॥

॥ શ્રીકદંબગિરિ તીર્થપતયે શ્રી મહાવીર સ્વામિને નમઃ ॥

શ્રીગૌતમસ્વામિને નમઃ॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

પરમ પૂજ્ય પરમ દયાળુ સંઘનાયક આચાર્ય મહારાજ

શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજનો

## જીવન પરિચય

જન્મ :- વિ.સં. ૧૯૫૫ કાર્તિક સુદિ ૧૧- બોટાદ

દીક્ષા :- વિ.સં. ૧૯૭૦ મહાસુદિ ૨ - વળાદ

ગણિ-પન્ન્યાસપદ :- વિ. સં. ૧૯૮૦ - અમદાવાદ

ઉપાધ્યાયપદ :- વિ. સં. ૧૯૮૩ વૈ. સુ. - ૭ અમદાવાદ

આચાર્યપદ : વિ. સં ૧૯૮૩ વૈ. સુ. ૧૦ અમદાવાદ

કાળધર્મ :- વિ. સં. ૨૦૩૨ માગશર વદિ - ૧૪ તગડી

સંસારી નામ :- શ્રી નરોત્તમભાઇ પિતા :- શાહ હેમચંદ શામજી

માતા :- શ્રી જમનાબહેન

દીક્ષાપર્યાય :- ૬૩ વર્ષ, આચાર્યપદપર્યાય - ૫૦ વર્ષ, પૂર્ણ આયુષ્ય-૭૮ વર્ષ

### પરમ પૂજ્ય આચાર્ય મહારાજ
### શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ

આ યુગના પ્રભાવક જૈનાચાર્ય અને પ્રતિભાસંપન્ન ધર્મપુરુષ હતા. ૧૧ વર્ષની બાળવયમાં જ તપાગચ્છાધિપતિ શાસનસમ્રાટ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સમાગમે ત્યાગ ભાવના જાગૃત થતાં દીક્ષા લઇને શાસન સમ્રાટના પટ્ટધર પરમપૂજ્ય સમર્થવિદ્વાન મહાપુરુષ આચાર્ય શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય બન્યા એ પછી અનન્ય અને અજોડ ગુરુસેવા તથા બુધ્ધિ પ્રતિભાના પ્રતાપે એમણે જૈન-જૈનેતર તમામ દર્શનાદિ શાસ્ત્રોનું તલસ્પર્શી જ્ઞાન, ચારિત્રપાત્રતા તથા ગુરુકૃપા સંપાદન કરી અને ફક્ત ૧૨ વર્ષના જ દીક્ષા પર્યાયમાં પૂજ્ય શાસન સમ્રાટની અંતરેચ્છા અને અમદાવાદના નગરશેઠ શ્રી કસ્તુરભાઇ મણિભાઇની વિનતિના ફળસ્વરૂપે ૪૫ આગમસૂત્રોના યોગોદ્વહન વિધિપૂર્વક કરવા પૂર્વક આચાર્યપદવી તથા ન્યાયવાચસ્પતિ, શાસ્ત્રવિશારદ, સિદ્ધાંતમાર્તંડ અને કવિરત્ન એવા ચાર સાર્થક બિરૂદો પ્રાપ્ત કર્યા.

તેમણે પોતાનું સમગ્ર જીવન ગુરુચરણે સમાર્વ્યું હતું અને તેનાજ પ્રતાપે તેઓ શાસનના સર્વજ્યેષ્ઠ તથા સર્વમાન્ય આચાર્ય બન્યા હતા. જ્યોતિષ અને શિલ્પશાસ્ત્રના તેઓ અનુભવની જ્ઞાતા હતા. તેમણે આપેલા મંગલ મુહૂર્તોએ ભારતના અગણિત જિનાલયોનું નિર્માણ તથા પ્રતિષ્ઠા થયેલ છે. અસંખ્ય ધર્મકાર્યો થયાં છે. જૈન આગમો તથા અન્ય તમામ દર્શનોના શાસ્ત્રોનું એમનું જ્ઞાન એમને જંગમ જ્ઞાન કોષ ગણવા પ્રેરતું. એમણે ૧૬ ગ્રંથોની રચના કરી છે. શાસનનું - શ્રીસંઘનું ઐકય એમને હૈયે વસ્યું હતું. ઐકય ટકાવવા માટે તેઓ પોતાના કે સ્વસમુદાયના અંગત પ્રશ્નોને ગૌણ કરતા અને તેમ કરતા ગમે તેટલા ઉપાલંભોને પણ તેમણે પચાવી શાસનની મહાન સેવા બજાવી હતી. કટોકટીના પ્રસંગોમાં સૌની મીટ એમના ઉપરજ મંડાતી અને એમની શાસનસેવાજ શ્રીસંઘને સફળતા પામવામાં

આધાર બનતી. સમય જતાં બીજું બધું તો વિસરાશે પણ તેમણે શાસનનું ઐક્ય જાળવવામાં જે નીડરતા, દીર્ઘદૃષ્ટિ અને વાસ્તવદર્શિતા દાખવી શાસનધુરાને ટકાવી છે તે વર્ષો સુધી યાદ રહેશે અને તે સાથે તેમનો પાર્થિવદેહ ન હોવા છતાં વિચારદેહે જૈનશાસનમાં તેઓ સદા જયવંતા વર્તશે. વાત્સલ્ય, સરળતા, તટસ્થતા, ઉદારતા, સમન્વય, સમયજ્ઞતા, આ તેમના મુખ્ય ગુણો હતા અને તેને લીધે જ **'જેનું કોઇ નહિ તેના નંદનસૂરિ' અને 'કોઇ પણ વ્યક્તિ, સમુદાય, સંઘ, સંપ્રદાય કે સમાજને નડતી સમસ્યાઓનું મારા-તારા ના ભેદભાવ વગરનું તટસ્થ નિરાકરણ સ્થાન એટલે નંદનસૂરિજી'** જેવી ઉક્તિઓ લોકજીભે રમતી થઇ હતી.

જ્ઞાની, સંયમી અને કરુણાળુ સંઘનાયક આ મહાપુરુષે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા, શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર શ્રી આદીશ્વરદાદાની મોટી ટૂંકમાં નવનિર્મિત ભવ્ય બાવન જિનાલયની પ્રતિષ્ઠા કરાવવા માટે પધારવા પેઢીની વિનંતિ થતાં સંવત ૨૦૩૨ ના માગશર વદિ ૩ના દિને અમદાવાદથી પાલિતાણા તરફ વિહાર કર્યો. પણ ભવિતવ્યતા કાંઇક જુદી જ નિર્માઈ હતી, તેઓશ્રી ક્રમશઃ માગશર વદિ ૧૪, બુધવાર, તા. ૩૧-૧૨-૧૯૭૫ ના દિવસે ધંધુકા પાસેના તગડી મુકામે પધાર્યા અને ત્યાં સાંજે ૫-૦૦ વાગે તેઓશ્રીની તબિયત એકાએક અસ્વસ્થ થઇ. હૃદયરોગનો જોરદાર હુમલો થતાં ૫-૨૫ વાગે તેઓશ્રી પૂર્ણ સમાધિભાવ સાધીને કાળધર્મ પામ્યા. તે વખતે તેમના જીવનનું ૭૮મું અને દીક્ષાનું ૬૩મું વર્ષ વહી રહ્યું હતું. એમના ચારિત્રથી પવિત્ર દેહને માગશર વદિ અમાસના પરોઢિયે ડોળીમાં પધરાવીને, સકલસંઘે લીધેલા નિર્ણયાનુસાર ત્યાંથી ૨૪ માઇલ દૂર આવેલ એમની જન્મભૂમિ - બોટાદ લઇ જવાયો અને ત્યાં ભારતભરમાંથી ઉમટેલી ત્રીસેક હજારની જનમેદનીની હાજરીમાં, વિરાટ અંતિમયાત્રા કાઢવા પૂર્વક તેઓશ્રીની શુભ પ્રેરણાનુસાર શ્રીસંઘ તરફથી બંધાનાર શ્રીનેમિ-નંદન વિહાર પૌષધશાળાની જમીનમાં તેમનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો. શેઠ આણંદજી કલ્યાણજી ની પેઢીના પ્રમુખ શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ અમદાવાદના સંઘની મળેલી શોકસભામાં કહ્યું હતું કે - ''નંદનસૂરિ મહારાજના સ્વર્ગવાસથી ભારતનો જ નહિ આખી દુનિયાનો સંઘ શોકમાં ડૂબી ગયો છે.'' આ વાતની યથાર્થતા તે પૂજ્યપુરુષના કાળધર્મ પછીના ગાળામાં શ્રીસંઘ બરાબર અનુભવી રહ્યો છે. પૂજ્ય શાસનસમ્રાટ તેમજ પૂજ્ય આચાર્ય શ્રી વિજયોદયસૂરિ મહારાજના કાળધર્મ પછી પણ, આ પૂજ્ય પુરુષની હયાતીને કારણે તે બંને મહાપુરુષોની ઊણપ સંઘને નહોતી વર્તાતી પણ આ મહાપુરુષનો સ્વર્ગવાસ થતાં તે ત્રણે પૂજ્યોની ખોટ સંઘને એકી સાથે વર્તાવા લાગી છે.

શ્રી સંઘના પરમોપકારક આ મહાપુરુષની સ્મૃતિ કાયમ રહે એ માટે પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મહારાજની શુભ પ્રેરણા થતાં ગુરુભક્ત શ્રેષ્ઠિ-શ્રાવકોએ ''પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયનદનસૂરીશ્વરજી સ્મારક ટ્રસ્ટ'' નામની સંસ્થા રચી અને તેના ઉપક્રમે એકત્ર કરાયેલ ફંડમાંથી, તગડી મુકામે, સ્વ. પૂજ્ય આચાર્ય ભગવંતના સ્વર્ગવાસની ભૂમિથી થોડેક જ દૂર વિશાળ જમીનનો પ્લોટ ખરીદી લઇ, તેના એક ભાગમાં ''શ્રી વિજયનંદનસૂરિ ધર્મોદ્યાન''ની ભવ્ય ઇમારત બંધાવી છે. જેનું ઉદ્ઘાટન શેઠ શ્રી કસ્તૂરભાઇ લાલભાઇના શુભ હસ્તે તા. ૨૫-૩-૧૯૭૯ ના દિને થયું છે. અને જેમાં, વિહાર કરીને તેમજ યાત્રાર્થે આવતા જતા શ્રી સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રીસંઘની પક્ષ, ગચ્છ કે સંપ્રદાયના ભેદભાવ વગર, વૈયાવચ્ચ અને ભક્તિની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઇમારતના આગળના ભાગમાં ગુરુમંદિર તૈયાર કરાવી, તેમાં સ્વ. પૂજ્ય આચાર્ય મહારાજની ૨૯ આંગળની હૂબહૂ આરસ પ્રતિમાની પ્રતિષ્ઠા, વિ. સં. ૨૯૩૬ના માગશર વદિ ૫ શનિવાર તા. ૮-૧૨-૧૯૭૯ ના શુભ દિને, શુભ લગ્ને, શાસન સમ્રાટ શ્રીના પટ્ટધર પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ. આ શ્રી કસ્તૂરસૂરિમ. ના પટ્ટધર પૂજ્ય આ. શ્રી યશોભદ્રસૂરિમ. ના પટ્ટધર પૂ. આ. શ્રી શુભંકરસૂરિ મ. ના પટ્ટ. પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિ મ. ની શુભ નિશ્રામાં અને ચતુર્વિધ શ્રીસંઘના સાંનિધ્યમાં, ત્રણ દિવસના ઉત્સવ પૂર્વક કરવામાં આવી છે.

# વાત્સલ્યનિધિ સંઘનાયક

**- પ. પૂ. આ. શ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ.સા.**

સાચી શાસનપ્રભાવનાનું મૂળ સમત્વની સાધનામાં છે.

જે સૌનું કલ્યાણ વાંછે અને  કરે, મારા-તારાંનો ભેદ જેને અસ્પૃશ્ય હોય, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુસરી, સારાસારનો જે વિવેક કરે, માત્ર સ્વપક્ષની જ નહિ, પરપક્ષની વ્યક્તિમાં પણ જે ગુણ હોય તેને સરળભાવે સ્વીકારે અને અનુમોદે, અન્યના અવગુણ જોવા-જાણવા છતાં, તેની પંચાતથી પર રહીને સમભાવમાં રાચે એનું નામ સાચો શાસન પ્રભાવક.

સાચી શાસનપ્રભાવક્તા આજે દોહ્યલી બની છે ત્યારે એ પૂજ્ય પુરુષ આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજના જીવનની ક્ષણક્ષણમાં અને તન-મનના કણકણમાં પરિણત થયેલી જિનશાસન પ્રત્યેની સૂઝ અને દાઝનો પરિચય પામવો, એ સમૃદ્ધ સૌભાગ્યનું મંગળ ચિહ્ન બની રહેશે.

બોટાદ, ગુજરાતના સાહિત્ય ક્ષેત્રે કવિ બોટાદકરથી પ્રતિષ્ઠા પામ્યું છે અને એમાં પાકેલા પનોતા સાધુપુરુષોએ એને ધર્મક્ષેત્રે ગૌરવવંતુ સ્થાન અપાવ્યું છે. આ સાધુપુરુષોમાંના એક હતા જૈન આચાર્ય શ્રી વિજયનંદનસૂરિશ્વરજી મહારાજ.

બોટાદનું એક વણિક કુટુંબ આ સાધુપુરુષના જન્મે પાવન બન્યું. બોટાદની વણિક કોમમાં એક સિંહપુરુષ રહેતા હતા. નામે શા. હેમચંદ શામજી, નાતે દશાશ્રીમાળી, ધર્મે જૈન. એમનાં ધર્મપત્નીનું નામ સૌ. જમનાબહેન. જમના નદીમાં પાણીનો અખંડ પ્રવાહ વહે એમ એમના જીવનમાં સાદાઈ, સેવા ને સંતોષ જેવાં આદર્શ ગુણોનો ઝરો સતત વહ્યા કરતો. એમને ત્રણ પુત્રો : મોટા સુખલાલ, વચેટ હરગોવિંદ અને નાના નરોત્તમ.

નાના નરોત્તમ એ જ આપણા પ.પૂ. આ. શ્રી વિજયનંદનસૂરિશ્વરજી મહારાજ.

વિ.સં. ૧૯૫૫ની દેવઊઠી અગ્યારશે એમનો જન્મ.

પાંચ કે છ વર્ષની ઉંમરે તેઓ નિશાળે બેઠા. પ્રાથમિક ભણતર પછી અંગ્રેજી નિશાળમાં દાખલ થયા. સાથે ધાર્મિક અભ્યાસ માટે પાઠશાળાએ જતા. ગ્રહણશક્તિ અને યાદશક્તિ પહેલેથી જ તીવ્ર એટલે ભણવામાં સારી પ્રગતિ કરવા માંડ્યા. અંગ્રેજી ચાર ધોરણ સુધી તેઓ ભણ્યા. તેમાંય ચોથું ધોરણ મુંબઈ બાબુ પનાલાલની નિશાળમાં ભણ્યા.

એક દિવસ વહેલી સવારથી બાજી રહેલી નોબતોના પડઘા ગામના પાદરને ઓળંગીને ક્યાંય દૂર સુધી સંભળાતા હતા. જાણે નોબતખાનામાંથી ફેલાતા એ સૂરોને ઉતાવળ હતી બોટાદને આંગણે પધારી રહેલા સૂરિસમ્રાટનું સૌ પહેલું સ્વાગત કરી લેવાની.

પોતાના વિદ્વાન યુવાન શિષ્યોના સમુદાય સાથે સૂરિસમ્રાટ વિહાર કરીને ગામને પાદર આવી પહોંચ્યા અને સામૈયું શરૂ થયું.

માણસ હકડેઠઠ ઊભરાયું હતું. કહે છે કે બોટાદ સંઘના સમગ્ર ઈતિહાસમાં આ રીતનું સામૈયું આ પહેલું જ હતું અને હજીપણ આવી હૈયાની ઊલટથી ભર્યું સામૈયું બોટાદ માટે અદ્વિતીય જ ગણાય છે.

આ સામૈયામાં નરોત્તમ પણ સામેલ હતા. એમના મન પર સામૈયાના ઘેરા અને ખૂબ સારા પ્રતિભાવ પડ્યા એમને થયું : રે આ મહારાજ સાહેબ જેવા આપણે ન થઈ શકીએ ? છેલ્લાં વર્ષોમાં તેઓ કહેતા કે ‘મારા મનમાં ત્યાગ ભાવનાનું બીજ એ સામૈયાએ વાવ્યું. એ સામૈયું જોઈને મને સૌપ્રથમ દીક્ષા લેવાનું મન થયું.’

સૂરિસમ્રાટના એ ચાતુર્માસ દરમ્યાન તેઓ દરરોજ સૂરિસમ્રાટ અને તેમના શિષ્યો પાસે જતા, ભણતા તથા ભક્તિ પણ કરતા. આ ચાતુર્માસના અંતે તેમની દીક્ષાની ભાવના પ્રબળ બની. એમના મનમાં એક વાત ચોક્કસ સ્થિર થઈ કે ‘દીક્ષા લેવી અને તે સૂરિસમ્રાટ પાસે જ, બીજે નહિ.’

‘ભાગ્યશાળીને ભૂત રળે’ એમ નરોત્તમને એમના માર્ગમાં એક પુષ્ટ આલંબન મળી ગયું. એક સાધ્વીજી, નામે સુમતિશ્રીજી, તેઓ વૈદ્યરાજ શ્રી ઈશ્વર ભટ્ટ પાસે વિજયપ્રશસ્તિ મહાકાવ્ય ભણતાં. તેમને નરોત્તમ પ્રત્યે ઘણું હેત. એ સાધ્વીજીને નરોત્તમ પોતાના મનની બધી વાત કરે. પોતાની દીક્ષાની ભાવના પણ ત્યાં વ્યક્ત કરે. એ માટે પોતે ક્યારે, શું કરવા વિચારે છે, એ પણ એમને જ કહે. આ સાધ્વીજીએ એમને એક વાર કહેલું. ‘તું ઉદયવિજય મહારાજનો ચેલો થજે. એ નાના છે અને બહુ વિદ્વાન છે. એ વખતે નરોત્તમે દીકરાને પોતાની મા ઉપર હોય તેવી શ્રદ્ધાથી હા પાડેલી. પણ દીક્ષા માટે ઘરમાંથી રજા મળવાનો સંભવ જ નહોતો. આમને આમ બે અઢી વર્ષ નીકળી ગયાં.

સં. ૧૯૬૯ના એ વર્ષે સૂરિસમ્રાટ કપડવંજ હતા. તેમની ભાળ મળી એ જ રાતે રાતની ગાડીમાં બેસી ભાગી છૂટયા. વીરમગામ, નડિયાદ થઈ છેવટે ભારખાનાના ડબ્બામાં બેસી

કપડવંજ પહોંચ્યા કે તુરત સૂરિસમ્રાટે વાડીભાઇ સાથે પાછા બોટાદ મોકલી આપ્યા. પુનઃ એજ વર્ષે ચાતુર્માસમાં ફરીથી ભાગીને કપડવંજ આવ્યા. સૂરિસમ્રાટે તુરત તેમની પાસે જ બોટાદ ટપાલ લખાવી સમાચાર જણાવી દીધા. દિવાળી સુધી રહ્યા અને દિવાળીમાં બોટાદથી મુંબઇ ગયેલા પિતાજી પાછા કપડવંજ આવી, નરોત્તમને બોટાદ લઇ ગયા.

ત્યાર પછી નરોત્તમ ત્રીજીવાર ભાગ્યા, ત્યારે સ્ટેશને જ ઝડપાઇ ગયા. કારણ કે અમૃતભાઇ, લવજીભાઇ, ઝવેરભાઇ અને નરોત્તમ આ ચારેય દીક્ષાર્થી આખા ય પંથકમાં ભાગી જનાર છોકરાઓ તરીકે પ્રખ્યાત થઇ ગયેલા.

ચોથી વાર ઝવેરભાઇ સાથે ભાગ્યા. જેમ તેમ કરી રાણપુર પહોંચ્યા. ત્યાં સ્ટેશન માસ્તરના હાથમાં ઝડપાઇ ગયા અને ત્યાંથી ગાડીમાં બેસી ભાગે એ પહેલાં ઝવેરભાઇના કાકાના હાથમાં સોંપી દેવાયા. છેવટે પિતાજીએ નરોત્તમને પૂછયું : 'એલા નરોત્તમ ! તું ઘડી ઘડી કેમ ભાગી જાય છે ? શું કરવું છે તારે ?

સાચું કહેવાની હામ નહોતી, ને વિચાર કરવાનો અવસર નહોતો એટલે નરોત્તમે ગપ્પું માર્યું : 'મારે મહેસાણા ભણવા જવું છે.'

પિતાજી કહે : 'ઓહો ? એમાં શું ? કહેતો કેમ નથી ? જરૂર મહેસાણા જા.' બીજે જ દિવસે મોટાભાઇ સુખલાલ મહેસાણા મૂકી આવ્યા. મહેસાણા પાઠશાળાના માસ્તર ત્રિભોવનદાસ બોટાદવાળા, પાઠશાળાના મેનેજર વલ્લભદાસ હાવાને ભલામણ કરી, સામાન વગેરે સોંપી સુખલાલ ઘરે પાછા આવ્યા.

અગિયારમે દિવસે જ અમદાવાદ પત્ર લખી અમુક દિવસે ત્યાં આવું છું એમ જણાવી દીધું. ત્રિભોવનદાસ પાસેથી ત્રણ આના માગી લઇ, થોડા પોતાની પાસેના પૈસા અને થોડી ટપાલ ટિકિટો વેચી, અમદાવાદની ટિકિટના પૈસા મેળવી લીધા અને સામાનનો ડબ્બો માંગી લઇ ભાગ્યા. અમદાવાદ - પાંજરાપોળે પહોંચ્યા. સૂરિસમ્રાટ ત્યાં જ બિરાજતા હતા. તેઓએ નરોત્તમને બધી વિગત પૂછી, પછી અમદાવાદના આગેવાનોને ભેગા કરી વાત કરી : 'શું કરવું ?'

શેઠ પ્રતાપશી મોહોલાલે સલાહ આપી : 'દીક્ષાની સાચી ભાવના જણાતી હોય તો દીક્ષા આપી દોને ?' સૂરિસમ્રાટે ના પાડી કહ્યું : 'સાથે રાખું ખરો પણ એય મારી પાસે અહીં અમદાવાદમાં તો નહિ જ.'

છેવટે શ્રી પ્રભાવવિજયજી તથા શ્રી જિતવિજયજી સાથે નરોત્તમને ગોધરા તરફ વિહાર કરાવ્યો અને દીક્ષા ન આપવાની તાકીદ કરી. રસ્તામાં વળાદ મુકામે નરોત્તમે જિદ કરી દીક્ષા લઇ મુનિ નંદનવિજય બન્યા અને તુરત સૂરિસમ્રાટને પોતે જ પત્ર લખ્યો કે 'મેં દીક્ષા લઇ લીધી છે, ને હવે બીજા મહારાજને મોકલો.'

એ દિવસ હતો વિ. સં. ૧૯૭૦ મહાસુદિ - ૨.

સૂરિસમ્રાટે પંન્યાસ શ્રી પ્રતાપવિજયજીને મોકલ્યા. ચારે સાધુ ભગવંત ઝડપથી વિહાર કરી, ગોધરા - દાહોદ થઇ માળવા તરફ ઊતરી ગયા.

બીજી બાજુ મહેસાણાથી નરોત્તમ ભાગ્યાના સમાચાર મળતાં જ આ વખતે એક ખાસ્સું મોટું ટોળું જ અમદાવાદ સૂરિસમ્રાટ પાસે આવવા નીકળ્યું. ત્યારે જમના માએ સ્પષ્ટ સૂચના આપી કે 'મારા નરોત્તમે જો દીક્ષા લઇ લીધી હોય તો એણે હાથ અડાડશો મા અને દીક્ષા ન લીધી હોય તો પાછો લાવ્યા વગર રહેતા નહિ.'

સૂરિસમ્રાટ પાસે તોફાન લઇને ગયા પરંતુ ત્યાં નરોત્તમ ન મળતાં લીલાતોરણે પાછા આવ્યા. મોટાભાઇ સુખલાલને નિરાંત નહોતી. જ્યાં જ્યાં શંકા ગઇ ત્યાં ત્યાં બધે તપાસ કરી, તપાસ કરતાં કરતાં છેક કલકત્તા પહોંચ્યા. ત્યાં શ્રી શાંતિવિજયજી પાસેથી જાણવા મળ્યું કે નરોત્તમે દીક્ષા લઇ લીધી છે અને એક વર્ષ પછી તમને મળશે.

આ જ સુખલાલે મોટી ઉંમરે સૂરિસમ્રાટ પાસે દીક્ષા લીધી અને પૂ. આ. શ્રી ઉદયસૂરિજી મહારાજના શિષ્ય બન્યા. નામ મુનિ સુમિત્રવિજયજી. તેઓ પણ ઉપાધ્યાય પદ સુધી પહોંચ્યા હતા.

છેવટે સં. ૧૯૭૧માં સૂરિસમ્રાટ સાદડી (મારવાડ) પહોંચ્યા, ત્યાં રાજગઢથી વિહાર કરી મુનિ નંદનવિજય આદિ પહોંચી ગયા. ત્યારે નંદનવિજયજીની દીક્ષાને બરાબર એક વર્ષ થયું હતું. સૂરિસમ્રાટે તુરત બોટાદ તારથી સમાચાર મોકલ્યા.

હેમચંદભાઇ તથા જમના મા સહિત આખું કુટુંબ આવ્યું.

હેમચંદભાઇએ શાંતિથી નંદનવિજયને કહ્યું : 'હું બોટાદમાં સિંહ કહેવાઉ છું, તો સિંહના દીકરાને શોભે એ રીતે સિંહની જેમ દીક્ષા પાળજો, એ મારી ઇચ્છા છે.'

અને વૃદ્ધ પિતાના આશીર્વાદ નતમસ્તકે ઝીલી લીધા.

આત્મવિકાસની ક્રમિક પ્રક્રિયામાં ગુરુભગવંતનું પાવન સાંનિધ્ય પામી તેઓ ઉત્તરોત્તર વિકાસ કરવા લાગ્યા. પોતાની તીવ્ર બુદ્ધિશક્તિના બળે સંસ્કૃત વ્યાકરણ, ન્યાય અને જૈનસિદ્ધાંતના પ્રાથમકિ ગ્રંથોનું જ્ઞાન મેળવી લીધું. એમના આ વિકાસનું પહેલું ફળ નીપજ્યું: વિ.સં. ૧૯૭૨માં સ્તોત્રભાનુ ગ્રંથરૂપે તીર્થંકર, ગણધર અને ગુરુભગવંતોની સ્તુતિરૂપ સંસ્કૃતભાષામાં રચેલ આ ગ્રંથ સૂરિસમ્રાટને સોંપ્યો, ત્યારે સૂરિસમ્રાટના ચિત્તની પ્રસન્નતાનો પાર ન રહ્યો. તેઓએ એ ગ્રંથ સત્વર મુદ્રિત કરાવ્યો.

વિ. સં. ૧૯૭૩નું ચોમાસું ફલોધી રહ્યા. ત્યાં શરૂઆતના દિવસોમાં સૂરિસમ્રાટની પ્રેરણાથી શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર ૧૫ દિવસ વ્યાખ્યાન વાંચ્યું, પર્યુષણા પર્વમાં કલ્પસૂત્રનું પ્રથમ વ્યાખ્યાન હંમેશા સૂરિસમ્રાટ જ વાંચે. પરંતુ મુનિ નંદનવિજયજીની હોંશ જોઈ તેમને વાંચવા દીધું.

એમના અભ્યાસના વિષય હતા : ન્યાયમાં તર્કસંગ્રહ, સિદ્ધાંત મુકતાવલી (એ પર દિનકરી - રામરુદ્રી) વ્યાપ્તિપંચક, સિંહવ્યાઘ્રલક્ષણ, સિદ્ધાન્તલક્ષણ, અવચ્છેદકત્વનિરુકિત, સવ્યભિચાર પ્રકરણ, પ્રશસ્તપાદ ભાષ્ય, ન્યાયકુસુમાંજલિ, લક્ષણાવલી આત્મતત્ત્વવિવેક ઉપરાંત -

પંચદશી, વેદાન્તપરિભાષા - શિખામણિ, અદ્વૈતસિધ્ધિ, સાંખ્યકારિકા, તત્ત્વકૌમુદી, અર્થસંગ્રહ, લૌગાક્ષિભાસ્કર, પાતંજલયોગસૂત્રવૃત્તિ, શ્રીહર્ષનું ખંડનખંડખાદ્ય, સારસ્વતવ્યાકરણ, સિદ્ધહેમવ્યાકરણ, નાગેશ ભટ્ટની મંજૂષા, સાહિત્યદર્પણ, કુવલયાનંદ વગેરે અને રઘુવંશ, કિરાતાર્જુનીયાદિ કાવ્યો.

જૈનદર્શનના પણ જૈનતર્કભાષા, સ્યાદ્વાદમંજરી, પ્રમાણનયતત્ત્વાલોક, અષ્ટક પ્રકરણ, ન્યાયાલોક, સપ્તભંગી તરંગિણી, અષ્ટસહસ્રી, સંમતિતર્ક, ષડ્દર્શનસમુચ્ચય, ન્યાયખંડન ખાદ્ય વગેરે માન્ય - મૂર્ધન્ય ગ્રંથો.

એમના ભણેલા ગ્રંથોમાંથી માત્ર થોડાકનાં જ આ નામો છે.

સિદ્ધાન્ત મુક્તાવલી અને સારસ્વતચંદ્રિકા તો આખી ને આખી કંઠસ્થ હતી.

સં. ૧૯૭૮માં એક ભદ્ર પરિણામી ભાઇ દીક્ષા લેવાની ભાવનાથી આવ્યા. સૂરિસમ્રાટે એમને દીક્ષા આપીને નંદનવિજયજીના શિષ્ય કર્યાં. એમનું નામ મુનિ સોમવિજયજી. એ એમના સૌપ્રથમ શિષ્ય.

કર્મસાહિત્યના તેઓ મર્મજ્ઞ હતા. પ્રથમ ચાર કર્મગ્રંથની ટીકા તેમણે શ્રાવક પંડિત હીરાલાલભાઇ પાસે વાંચેલી. એ સિવાય પ્રાચીન અને નવીન તમામ કાર્મગ્રંથિક સાહિત્ય

આપ મેળે વાંચી ગયા. આખોય કમ્મપયડી નામનો મૂર્ધન્ય ગ્રંથ તેઓએ ચંદ્રના પ્રકાશમાં વાંચેલો.

મારવાડમાં દગડૂમલ નામે મારવાડી ગૃહસ્થ કર્મગ્રંથ વિષયના પ્રખર જાણકાર. છતાં તેમને અમુક વાતો નહોતી સમજાઇ. એનો ઉકેલ મેળવવા ઘણે ઠેકાણે ગયા હતા. એકવાર તેઓ નંદનવિજયજી પાસે આવ્યા. વાતવાતમાં તેમણે પોતાની અમુક શંકા નંદનવિજયજી આગળ રજૂ કરી. તેમણે એ શંકાઓનું સરળ સમાધાન આપ્યું. દગડૂમલને એથી ખરેખર સંતોષ થયો.

તેઓ ૪૫ આગમ વાંચી ગયેલા. એ વખતે બધા આગમો અને એની ટીકાઓ છપાઇ નહોતી તેથી હસ્તલિખિત પ્રાચીન પ્રતોનો ઉપયોગ કરી આગમો અને ટીકાઓ વાંચતા. એક વખત સૂરિસમ્રાટ પાસે વ્યવહારસૂત્ર - ભાષ્ય સૌ પ્રથમ છપાઇને આવ્યું. તેની એકથી વધુ નકલ સૂરિસમ્રાટ પાસે આવી. એમાંથી એક પ્રત નંદનવિજયજીને આપી કહ્યું : 'નંદન ! આપણે બેય વ્યવહારસૂત્ર - ભાષ્ય જાતે વાંચીએ, જોઇએ, કોણ પહેલું પુરું કરે ?' સૂરિસમ્રાટ વીસ દિવસમાં વાંચી રહ્યા અને નંદનવિજયજીએ ત્રેવીશ દિવસમાં પુરૂં કર્યું.

આ રીતે સઘળું આગમ સાહિત્ય વાંચી લીધું. એટલું જ નહિ મહત્ત્વના શાસ્ત્રપાઠો પણ એમણે યાદ રહી જતા. આવાં શાસ્ત્રપાઠો તેમને છેક છેલ્લે સુધી યાદ હતા.

સૂરિસમ્રાટ માનતા કે જિનશાસનની પદવીઓ મેળવનારે શાસનની અને સંઘની મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવવાની છે. એટલે એ પદવીઓ પ્રાપ્ત કરતાં પહેલાં તેને યોગ્ય લાયકાત અને શક્તિઓ તેણે મેળવી લેવી જોઇએ.

એ લાયકાત અને શક્તિ હોય તો ઉંમર અને દીક્ષા પર્યાય ગમે તેટલો ઓછો હોય તો પણ તેને તે પદવી આપવી જોઇએ

સૂરિસમ્રાટે પોતાની આ માન્યતાનો અમલ મુનિ નંદનવિજયજીને પંન્યાસ તથા આચાર્ય પદવી આપવામાં કર્યો. સં. ૧૯૮૦ માં એમણે નંદનવિજયજીને પંન્યાસ પદ અને સં. ૧૯૮૩માં દીક્ષાના ચૌદમે વર્ષે જ અને ઉંમરના ૨૮માં વર્ષે આચાર્ય પદ પ્રદાન કર્યું.

તેમના પંન્યાસપદ પ્રદાનની વિધિ પ્રસંગે ભારતીય તત્ત્વજ્ઞાનના વિશિષ્ટ વિદ્વાન અને બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રો. આનંદશંકર ધ્રુવ ખાસ જિજ્ઞાસાથી હાજર રહેલા અને પદપ્રદાનના અંતે આપવામાં આવતી હિતશિક્ષાથી તેઓ ખૂબ પ્રભાવિત થયેલ.

સૂરિસમ્રાટે આચાર્ય પદવીની સાથે ન્યાય વાચસ્પતિ, શાસ્ત્રવિશારદ, સિદ્ધાંતમાર્તંડ અને

કવિરત્ન એવાં ચાર યથાર્થ બિરુદો આપેલાં.

આ પ્રસંગને અનુલક્ષી તેજોદ્વેષ અને ઈર્ષ્યાથી કેટલાક લોકોએ એવી વાત ચલાવી કે 'આટલી નાની ઉંમર અને આટલા ઓછાં દીક્ષાપર્યાયવાળા મુનિને જેને વ્યાખ્યાન વાંચતાંય આવડતું હશે કે કેમ ? એ શંકા છે, એને આચાર્યપદવી ન અપાય.' આમાં તો સૂરિસમ્રાટનો આંધળો શિષ્યમોહ જ છે.

છેવટે આ તત્ત્વોએ એક સખી ગૃહસ્થને શ્રી નંદનસૂરિજીની વ્યાખ્યાન શક્તિની કસોટી કરવા પ્રેર્યા. તેઓએ સૂરિસમ્રાટને વિનંતી કરી કે 'નવા આચાર્યની વાણી સાંભળવી છે, માટે વિદ્યાશાળાએ મોકલવા કૃપા કરો.' સૂરિસમ્રાટ તો જાણે આવા અવસરની રાહ જ જોતા હતા. તેમણે શ્રી નંદનસૂરિજીને વિદ્યાશાળાએ મોકલ્યા. વિરોધી તત્ત્વોએ તમાશો જોવાની દ્રષ્ટિએ ઘણી જાહેરાત કરી હતી. નવા આચાર્ય શ્રી નંદનસૂરિજીએ પોતાની અનોખી શૈલીથી વ્યાખ્યાન આપ્યું અને પેલા ગૃહસ્થ એટલા બધા ખુશ થઈ ગયા કે તે વખતે તેમના ખિસ્સામાં જેટલા રૂપિયા હતા તે બધા તેઓએ સભામાં ચારેબાજુ હર્ષથી ઉછાળ્યા અને પૂજ્યશ્રી પાસે જઈ માફી માંગી.

આ પછી, સં. ૧૯૮૩નું એ ચોમાસું સૂરિસમ્રાટની આજ્ઞાથી અને સંઘની વિનંતિથી વિદ્યાશાળાએ કર્યું. ત્યાં એમના વ્યાખ્યાનોમાં પંડિત ફતેચંદ લાલન જેવા વિદ્વાન પણ આવતા.

જ્યોતિષ અને શિલ્પશાસ્ત્રમાં શ્રી નંદનસૂરિજીની નિપુણતા એમના અનુભવજ્ઞાનના પરિપાકરૂપે હતી. સૂરિસમ્રાટ અને ગુરુદેવ શ્રી ઉદયસૂરિજી મહારાજના સાંનિધ્યના પ્રતાપે આ બંને વિષયના અગાધ જ્ઞાન, અનુભવ પ્રાપ્ત થયાં હતાં. મુહૂર્ત્ત માટે તે તેઓ મહાતીર્થ મનાતા હતા. જન્મભૂમિ પંચાંગના કર્તા પં. અમૃતલાલ લક્ષ્મીચંદ મુહૂર્ત્તના વિષયમાં તેઓને તેના પોતાના ગુરૂ માનતા.

કેટલાક શિષ્ય વિદ્યમાન ગુરુની અખંડ ભક્તિ કરે, ને ગુરુની હયાતી પછી પણ તેમના નામ - કામને ઉન્નત કરવા દ્વારા એમની ભક્તિ કરે. શ્રી નંદનસૂરિજીએ દીક્ષા લીધી ત્યારથી તે સૂરિસમ્રાટના સ્વર્ગવાસ સુધી એમની જેવી અખંડ ભક્તિ કરી તેવી જ ભક્તિ સૂરિસમ્રાટના સ્વર્ગવાસ પછી પણ જીવનની અંતિમ પળ સુધી કરી હતી. આ ઉત્કૃષ્ટ ગુરુભકિતનું વર્ણન લોકો આ રીતે કરતાં : 'સૂરિસમ્રાટની એક જ આકૃતિના બે પડછાયા છે : એક ઉદયસૂરિજી મહારાજ ને બીજા નંદનસૂરિજી મહારાજ.

પ્રાકૃતમાં એક સુભાષિત છે : એ શિષ્ય ધન્ય છે જેના હૃદયમાં ગુરુનો વાસ છે. પણ એ

શિષ્ય તો ધન્યાતિધન્ય છે, જેનું સ્થાન ગુરુના હૃદયમાં છે.' અહીં એ કેવું ચરિતાર્થ છે !

સં. ૧૯૯૦ના રાજનગર મુનિસંમેલનમાં સર્વાનુમતે ચાર મુનિરાજોની 'ખરડા સમિતિ' નીમાઇ, તેમાં તેઓ મુખ્ય હતા. તેઓએ જે અગિયાર ખરડા તૈયાર કર્યા તેમાં કોઇની પણ સલાહ - સૂચના લીધી નહોતી. ખુદ સૂરિસમ્રાટની પણ નહિ અને સૂરિસમ્રાટે પણ તે અંગે કાંઇપણ પૂછયું નહિ. આ છે સૂરિસમ્રાટના સંપાદન કરેલા વિશ્વાસનું જ્વલંત ઉદાહરણ સંમેલનમાં એ જ ખરડા, ઠરાવરૂપે મૂકાયા.

તિથિચર્ચામાં, સૂરિસમ્રાટ જેટલી જ હૈયાઉકલત શ્રી નંદનસૂરિજીની પણ હતી. સં. ૧૯૯૮ - ૯૯ માં તિથિચર્ચામાં સૂરિસમ્રાટ તથા શ્રી નંદનસૂરિજી મહારાજે પૂ. સાગરજી મહારાજ, શેઠ શ્રી કસ્તૂરભાઇ વગેરે શ્રાવકો તથા લવાદ તરીકે નીમાયેલા પી. એલ. વૈદ્યને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું. 'શાસ્ત્રાર્થ તો જાહેર અને મૌખિક જ થવો જોઇએ અને એ પ્રમાણે થાય તો અમો પણ શાસ્ત્રાર્થ કરવા તૈયાર છીએ.' તે વખતે સૂરિસમ્રાટે કહ્યું કે 'શાસ્ત્રાર્થ જાહેર અને મૌખિક હશે તો મારો 'નંદન' સાગરજી સાથે રહેશે.' શ્રી નંદનસૂરિજીની વિદ્વત્તા ઉપર તેઓને કેવો પ્રખર વિશ્વાસ હશે ? આમ છતાં લેખિત શાસ્ત્રાર્થ કરવાનું નક્કી થયું ત્યારે શ્રી નંદનસૂરિજી મહારાજે પૂ. સાગરજી મહારાજને ચેતવ્યા હતા કે આ રીતે શાસ્ત્રાર્થ કરવામાં સામા પક્ષવાળા તમને ફસાવી ન જાય તેનું ધ્યાન રાખશો. અને તમારો આ શાસ્ત્રાર્થ અમને કોઇ રીતે બંધનકર્તા નથી.' અને પછી જ્યારે ચુકાદો આવ્યો ત્યારે સૂરિસમ્રાટ અને શ્રી નંદનસૂરિજીની દીર્ઘદષ્ટિની સૌને સાચી પ્રતીતિ થઇ.

વિ. સં. ૨૦૦૪માં જ્યારે સંવત્સરી ભેદ આવ્યો ત્યારે સૂરિસમ્રાટ તથા સકળ શ્રી સંઘે શ્રી વિજયદેવસૂર તપગચ્છ સંઘની સેંકડો વર્ષોથી ચાલી આવતી શાસ્ત્રાનુસારી અવિચ્છિન્ન પ્રણાલિકા અનુસાર ભા.સુદ.-પના ક્ષયે અન્ય પંચાંગના આધારે ભા.સુદ-૬નો ક્ષય કરી ભા.સુદ-૪ મંગળવારે સંવત્સરી આરાધી હતી. ત્યારે અમુક વર્ગ તરફથી તેઓશ્રીની વિરુદ્ધમાં ઘણા ઘણા આક્ષેપો થયાં પરંતુ સૂરિસમ્રાટ અને શ્રી નંદનસૂરિજી પોતાના નિર્ણયમાં અડગ રહ્યા હતા.

ત્યારપછી વિ.સં. ૨૦૧૩ - ૧૪ માં શ્રી ઉદયસૂરિજી મહારાજ તથા શ્રી નંદનસૂરિજી મહારાજે, મુંબઇ - ગોડીજી - શ્રી દેવસૂર સંઘની વિનંતિથી સકલ શ્રી સંઘમાં શાસનપક્ષની એકતા ટકી રહે તે માટે, ઉદારતા દાખવી, આજ સુધી શ્રી દેવસૂર સંઘની અવિચ્છિન્ન પ્રણાલિકાનો ત્યાગ કરવાથી આવતી મુશ્કેલી જણાવી, અને ભવિષ્યમાં એ અંગે કાંઇક

નક્કર પ્રયત્નો કરવાના વચન સાથે ફક્ત વિ. સં. ૨૦૧૩ અને ૧૪ના વર્ષ માટે જ ભા.સુ.પ.ના ક્ષયે ત્રીજ અથવા ચોથનો ક્ષય કરવાનું સ્વીકાર્યું.

વિ.સં. ૨૦૧૪માં મુનિ સંમેલનમાં આવી, શાસનપક્ષનું સફળ નેતૃત્વ કરી, શ્રી સંઘને સામા પક્ષની કુટિલ રાજનીતિનો ભોગ બનતો અટકાવ્યો અને બાર પર્વ તિથિની અખંડિતતાનું રક્ષણ કર્યું. એ સાથે સંઘની તત્કાલીન એકતા ખાતર સામાપક્ષ તરફથી મૂકવામાં આવેલી પંચાંગ પરિવર્તનની દરખાસ્તને કદાગ્રહમુક્ત બની સ્વીકારી, મંજુરીની મહોર મારી. ત્યારથી શ્રી શ્વે. મૂ. પૂ. તપગચ્છ જૈન સંઘે ચંડાંશુ ચંડુ પંચાગનો ત્યાગ કરી જન્મભૂમિ પંચાંગ અનુસાર પર્વતિથિની ક્ષયવૃદ્ધિનો સંસ્કાર કરી પંચાંગ તૈયાર કરવા માંડયું.

તેઓશ્રી એટલા ઉદાર અને ગુણ પક્ષપાતી હતા કે જ્યારે આ. શ્રી પ્રેમસૂરિજી કાળધર્મ પામ્યા ત્યારે તેઓની ગુણાનુવાદ સભા તેમની નિશ્રામાં યોજવામાં આવી હતી અને તેમાં તેઓશ્રીએ સ્વર્ગસ્થ આચાર્યશ્રીનાં મુક્ત મને ગુણાનુવાદ કર્યાં હતાં. આ રીતે સકળ શ્રી સંઘમાં વિવિધ ગચ્છ - સંપ્રદાય કે ફિરકાના વિશિષ્ટ ગુણવાનો દ્વારા થતાં સુંદર કાર્યોની તેઓ હંમેશા પ્રશંસા - અનુમોદના કરતા હતા.

દરેક નાના - મોટા સંઘ અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પણ વિવાદાસ્પદ કે શંકાસ્પદ પ્રશ્નોનું નિરાકરણ તેમની પાસે મેળવતાં. જૈન સંઘની તેઓ 'સુપ્રિમ કોર્ટ' ગણાતા.

વિ. સં. ૨૦૩૧માં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની ૨૫મી નિર્વાણ શતાબ્દીની સરકાર દ્વારા થનાર રાષ્ટ્રીય સ્તરની ઉજવણી અંગે શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘમાં સ્પષ્ટપણે બે ભાગ પડી ગયા ત્યારે તેઓશ્રીએ પોતાની માન્યતા સ્પષ્ટ કરતા નિવેદનમાં જણાવ્યું હતું કે 'શ્રી મહાવીર સ્વામીના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રીય ઉજવણીમાં અમારે વિરોધ નથી. વિરોધ કરવો એ પણ ડહાપણભર્યું કામ નથી.' આ સાથે અમદાવાદમાં વિરોધીઓના પ્રચંડ ઝનૂન યુક્ત પ્રચાર-તોફાનોમાં પણ તેઓએ આ ઉજવણીમાં સબળ નેતૃત્વ પુરું પાડ્યું હતું.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર નવમી ટૂંકમાં અવ્યવસ્થિત રીતે પ્રસ્થાપિત પ્રભુ પ્રતિમાઓનું ઉત્થાપન થયું અને નવી ટૂંકનું નિર્માણ કરી, તેમાં તેની પ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું. તે સઘળાં કાર્યમાં તેઓશ્રીનું અદ્ભુત અને સંપૂર્ણ માર્ગદર્શન હતું.

વિ. સં. ૨૦૩૨ માગશર વદ-૩ના અમદાવાદથી પાલીતાણા તરફ - શ્રી શત્રુંજય ગિરિરાજની નવી ટૂંકની પ્રતિષ્ઠા માટે વિહાર કર્યો. એના લગભગ એક દોઢ મહિના પૂર્વેથી શેઠશ્રી કસ્તૂરભાઈની સાથે ચર્ચા વિચારણા કરી, પ્રતિષ્ઠાના સંપૂર્ણ કાર્યક્રમ તથા વિરોધી વર્ગ

દ્વારા આવનાર સંભવિત આક્રમણ સામે શું શું કરવું ? કયાં પગલાં લેવાં ? તેનું સંપૂર્ણ માર્ગદર્શન આપેલ અને સાથે સાથે વિહારમાં એ અંગે જે કાંઇ યાદ આવે તેની સંપૂર્ણ વિગતવાર નોંધ કરાવતા - કરાવતા વિ. સં. ૨૦૩૨ના માગશર વદ-૧૪ના તગડી મુકામે આવ્યા. ત્યાં નવકારશી વાપરી, તડકે બેઠા અને ભગવદ્‌ગીતાનું પુસ્તક લઇ તેમાંથી સ્થિતપ્રજ્ઞના તેર શ્લોકો મને બોલવા કહ્યું મેં શરૂ કર્યું કે તુરત તેઓ પોતે બધા શ્લોક બોલી ગયા અને તેનો અર્થ સમજાવતા ગયા.

રે ! એ વખતે મને કલ્પના પણ કયાંથી આવે કે આ શ્લોકો યાદ કરીને પોતાનાં સ્થિતપ્રજ્ઞ - સ્વરૂપનું જ એમણે દર્શન કરાવ્યું છે અને આજે બનનાર બનાવમાં મને સ્થિતપ્રજ્ઞ બનવાની પ્રેરણા પાઇ છે ?

અને એ જ સાંજે ગોચરી વાપર્યા બાદ ૫-૨૦ મિનિટે શ્રી સિદ્ધગિરિની યાત્રાના શુભભાવમાં આ નશ્વર દેહનો ત્યાગ કરી તેઓ અનંતની યાત્રાએ ઉપડી ગયા.

તાત્કાલિક અમદાવાદ-બોટાદ-ભાવનગર વગેરે સંઘોને રેલ્વે સ્ટેશન માસ્તર દ્વારા સમાચાર પહોંચાડ્યા. ઘણા સંઘોની વિનંતિ હતી. પરંતુ પૂજ્યશ્રી જન્મભૂમિ બોટાદમાં - ફકત ડોળી દ્વારા જ પૂજ્યશ્રીના નશ્વર દેહને લઇ જવાની શરતે રજા આપવામાં આવી. બીજે દિવસે માગશર વદ અમાસે સવારે ચાર વાગે ડોળી દ્વારા પૂજ્યશ્રીના દેહને તગડીથી ઉપાડ્યો અને બપોરે ૧૨ વાગે બોટાદ પહોંચાડ્યો.

બપોરે ત્રણ વાગે - દેવ વિમાન જેવી ભવ્ય પાલખીમાં તેમની અંતિમ મહાયાત્રા શરૂ થઇ. બરાબર સાંજે ૫-૩૦ વાગે ભાવનગરથી આવેલ બેંડના કરુણ સ્વરો વચ્ચે, બહાર ગામથી આવેલ ૨૦ થી ૨૫ હજાર તથા બોટાદ શહેર સમસ્તની હાજરીમાં નેમિનંદનવિહારવાળી જગ્યામાં એમના સંસારી ભત્રીજા શ્રી જયંતિભાઇએ એમનો અંતિમ સંસ્કાર કર્યો ત્યારે હજારો આંખોમાં આંસુના પૂર વહી રહ્યાં હતાં.

અને કલમ પણ હવે વધુ લખવાની ના પાડે છે !

(વિ. સં. ૨૦૩૨, ભાવનગર)

# શાસનના સર્વ જ્યેષ્ઠ પુરુષ

- લે. પં. મફતલાલ ઝવેરચંદ ગાંધી

વિના પ્રયત્ને આપોઆપ ક્રિયા કરવાની વૃત્તિ જાગે, તેને સંસ્કાર કહે છે.

ભવોભવના આહાર સંજ્ઞાના સંસ્કાર હોવાથી જન્મતાંવેંત બાળક સ્તનપાન કરે છે. અને વિષય કષાયના સંસ્કાર હોવાથી કોઈના શીખવ્યા વગર પ્રાણી મારાતારામાં લપેટાય છે. આ સંસ્કાર સારા અને ખોટા બંને પ્રકારના હોય છે. જેમાં નીતિ અને ધર્મનું તત્ત્વ ભળે તે સંસ્કાર સારા.

આ સંસ્કાર ક્ષેત્રજન્ય પણ હોય છે. ભારત ક્ષેત્ર એ ધર્મક્ષેત્ર છે. ત્યાં જન્મેલા માનવીને આપોઆપ ધર્મના સંસ્કાર પડે છે. શહેર, ગામ કે જંગલ ગમે ત્યાં જાઓ પણ ત્યાં તમને ધર્મનું સ્થાનક જોવા મળશે. શહેરનાં વિવિધ મંદિરો, ગામડાના પાદરે એકાદ દેવાલય, તો ગાઢ જંગલમાં છેવટે પત્થર ઉપર સિંદૂર ચઢાવી, દેવત્વની ભાવના આરોપી જંગલનો ભીલ પણ પૂજા કરતો દેખાશે. આનું મૂળ કારણ ભારતના માનવીને પરભવનો ભય છે. તે પોતે પોતાને અશરણ અને નશ્વર માને છે. તેથી તે સૂર્ય, ચંદ્ર, નદી, અગ્નિ અગર કોઈ ને કોઈ વિશિષ્ટ તત્ત્વને દેવ તરીકે પૂજે છે.

વળી, ભારતનો માનવી પરોપકાર, દાન, દયા વગેરે ગુણોમાં ઓતપ્રોત છે. ભારતના મોટા મોટા રાજાઓએ રાજપાટ છોડી જંગલવાસ સ્વીકાર્યો છે. જગતના કલ્યાણ માટે ભારતના ધનાઢયોએ પોતાના ધનભંડાર ખુલ્લાં મૂક્યાં છે, અને અનેક શક્તિ ધરાવતા સંપન્ન માણસોએ સર્વત્યાગ સ્વીકારી સંન્યાસ સ્વીકાર્યો છે.

ભારત, સાધુસંતોની ભૂમિ ગણાય છે. ભારતમાં રાજાઓ, શ્રેષ્ઠિઓ વગેરે તમામ વર્ગ ઉપર સાધુ સંતોનો પ્રભાવ ચિરંજીવ રહ્યો છે. રાજ્યના સંચાલનથી માંડી તમામ વ્યવહાર ઉપર ધર્મનિયમોની આણ સ્વીકારાઈ છે, જેની સાક્ષી અશોકના શિલાલેખો - મનુસ્મૃતિ વગેરે આપે છે. ભાઈઓના ભાગ, રાજ્યની આવક, તેનો વ્યય વગેરે તમામ વ્યવહારોમાં ધર્મનું સ્થાન ભારતમાં મુખ્ય રહ્યું છે.

આ ધર્મમાં ભારતમાં બ્રાહ્મણ ધર્મ અને શ્રમણધર્મ મુખ્ય રહ્યાં છે. બ્રાહ્મણધર્મમાં વેદ, પુરાણ, મહાભારતને અનુલક્ષીને જુદા જુદા ધર્મો સમાય છે. અને શ્રમણધર્મમાં જૈન અને

બૌદ્ધની ગણના થાય છે. આમાં બૌદ્ધ ધર્મ ભારતમાં ઉત્પન્ન થયો છતાં પણ વિવિધ ફેરફારોને લઇ તે ભારતમાં ચિરસ્થાયી થઇ શક્યો નહિ.

આ બન્ને ધર્મના સાધુસંતોથી આ ભારતદેશ પવિત્ર મનાયો છે. તેમાં પણ જૈન સાધુમહાત્માઓનું સ્થાન સેંકડો, હજારો વર્ષથી વિશિષ્ટ રહેતું આવ્યું છે. આ મહાત્માઓ કંચન-કામિનીના ત્યાગી, નિઃસ્પૃહ, ઉઘાડા માથે અને ઉઘાડા પગે વિહાર કરનારા, મહાજ્ઞાની અને મહાતપસ્વી તરીકે જગતમાં પ્રસિદ્ધિ પામ્યા છે. આપણા પૂર્વપુરુષોએ તેમના ઉત્તમ ચારિત્રથી એવી છાપ ઊભી કરી છે કે જેને લઇને સાધુના વેશને દેખતાં જંગલમાં ખેતર ખેડતા ખેડૂત કે ભીલ પણ તેમને પગે લાગે છે અને તેમની પ્રત્યે ખૂબ આદર રાખે છે.

જૈન સાધુ મહાત્માની આ સુંદર છાપ આજની નહિ પણ સેંકડો-હજારો વર્ષથી ભારતમાં સ્થિર થઇ છે. આપણે જાણીએ છીએ કે નયસારના ભવમાં નયસારને સમકિત પ્રાપ્તિનું નિમિત્ત આ સાધુભગવંતો બન્યા છે. તેમ જ નંદિસૂત્રનાં પ્રવચનો પુસ્તકમાં લખાયું છે તેમ, શય્યંભવ બ્રાહ્મણ યજ્ઞ કરાવે છે તે વખતે પ્રભવ સ્વામીના શિષ્ય - સાધુઓ ’अहो कष्टमहो कष्टं, तत्त्वं तु ज्ञायते न हि’ એ શબ્દ ઉચ્ચારે છે, ત્યારે પુરોહિત શય્યંભવને યદ્વા તદ્વા સમજાવે છે, ત્યારે શય્યંભવ સ્પષ્ટ શબ્દમાં કહે છે કે-

शान्ता महर्षयो नैते, वदन्ति वितथं क्वचित् ।

वीतद्वेधेषा वीतरागा, निर्ममा निष्परिग्रहा :॥

આ જૈન સાધુઓ શાન્ત, દ્વેષ વિનાના, રાગ વિનાના, પરિગ્રહ રહિત, મારા તારાના ભેદ વિનાના, કદી જૂઠું બોલે નહિ.

જૈન સાધુઓની આ છાપ ભારતમાં આજ સુધી ચાલી આવે છે. સાધુવેશની આ પ્રતિષ્ઠા આપણા હજારો પૂર્વપુરૂષોએ ઉત્તમ જીવન જીવી પ્રતિષ્ઠિત કરી છે. આ સાધુ ભગવંતો એક ગામથી બીજે ગામ ફરતાં ઘણાં લોકોના પરિચયમાં આવતાં હોઇ લોકોના રીત રિવાજ, સમજ, ભાવના અને આકાંક્ષાને પૂરેપૂરી રીતે સમજતાં હોવાથી, અને તેમનું જીવન ઉત્તમ ચારિત્રપાત્ર હોવાથી, તેમની પ્રત્યે સર્વસામાન્ય સમાજનો આદર અને કૃતકૃત્યભાવ રહ્યો છે. અને તેમના ઉપદેશને નિતાંત કલ્યાણકારી તરીકે સૌએ સ્વીકાર્યો છે.

આ ગ્રંથના પ્રવચનકાર પ. પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ આવા સમયજાણ

ઉત્તમ સાધુ - પુરુષ છે. તેમની વય સિત્યોત્તેર વર્ષની છે. તેમને દીક્ષા લીધે બાસઠ વર્ષ થયાં છે અને આચાર્યપદ પ્રાપ્ત કર્યે ૪૯ વર્ષ થયાં છે. વર્તમાન સમગ્ર સાધુભગવંતોમાં તેઓ સર્વજયેષ્ઠ છે.

જૈન સાધુઓના પ્રવચન અને ઉપદેશની વિશિષ્ટતા તેમના મંગલાચરણમાં છે આ મંગલાચરણમાં જ તેમનો ઉપદેશ, પોતાનો નહિ પણ જે સર્વજ્ઞભગવંતોએ આપેલ છે તેને આધીન રહીને આપવાનો છે, તેનો એકરાર છે. દરેક સાધુ ઉપદેશ આપતાં પહેલાં મંગલાચરણમાં નમસ્કાર - નવકાર મંત્ર બોલે છે, ભગવાનની સ્તુતિ કરે છે અને ગુરુને યાદ કરે છે. આ પછી ઉપદેશ કરે છે. આ નવકાર, ભગવાનની સ્તુતિ અને ગુરુના સ્મરણદ્વારા તેઓ એકરાર કરે છે કે જેમને હું નમસ્કાર કરી ઉપદેશની શરુઆત કરું છું તે ઉપદેશ મારો નહિ પણ નમસ્કરણીય તે સર્વજ્ઞ ભગવંતોનો છે અને મને જે પ્રાપ્ત થયું છે તે ગુરુપરંપરાની ફળશ્રુતિ છે. અને ઉપદેશની પૂર્ણાહુતિમાં 'સર્વમંગલ માંગલ્યં' નું ઉચ્ચારણ પણ પોતે ઉપદેશ આપ્યો તે ઉપદેશ 'जैनं जयति शासनं' ના સંદર્ભમાં છે. જૈન શાસનની પ્રભાવનામાં કારણરૂપ આ ઉપદેશ, પ્રવચન કે વ્યાખ્યાન છે. તેથી જૈનધર્મની જરાપણ હાનિ કે અવહેલના ન થાય તેના પૂરા ખ્યાલથી જૈન સાધુ ભગવંતોને ઉપદેશ આપવાનો હોય છે અને તેઓ આપે છે.

આ ઉપદેશની શરૂઆત કરતાં પહેલાં જે પાટ ઉપર બેસવાનું હોય છે તે પાટને ઉપદેષ્ટા પગે લાગે છે. તેની પાછળ તેમનો આશય એ હોય છે કે આ પાટ ઉપર બેસી પૂર્વપુરુષોએ વફાદારીપૂર્વક જૈનશાસનની પ્રભાવના કરી છે. મારે પણ આ પાટ ઉપર બેસી તેમની આમન્યા સાચવવાની છે.

મને બરાબર ખ્યાલ છે કે આપણા પૂર્વપુરુષોની પ્રથમ વ્યાખ્યાનશૈલી હમેશાં પુસ્તકના પાનાના સાંનિધ્યપૂર્વક જ રહેતી. પુસ્તકની પંક્તિથી કાંઈપણ આડું અવળું પાટ ઉપર ન બોલાઈ જાય તેની પૂરી કાળજી રખાતી. કોઈવાર સંઘના વિવાદાસ્પદ પ્રશ્ન સંબંધી સંઘને સંબોધન કરવું હોય તો તે પાટ ઉપરથી હેઠા ઉતરી અને પછી જ તેનું સંબોધન કરતા. પાટ ઉપર તો ભગવાનની વાણી અને પ્રભાવના જ હોવી જોઈએ એવી તેમની માન્યતા હતી.

આ ગ્રંથના પ્રવચનકાર પ. પૂ. આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજની વ્યાખ્યાનશૈલી ઉપર જણાવેલ શાસનમાન્ય મર્યાદાનું પૂરેપૂરું જતન કરનારી છે. તેઓ વ્યાખ્યાનમાં કોઈપણ વાત રજૂ કરે તો તેનું એક વાક્ય પણ શાસ્ત્રવચનના આધાર વિનાનું નહિ મળે. આથી તેમના વ્યાખ્યાનમાં અનેક શ્લોકોનું પ્રાચુર્ય જોવા મળે છે. **તેમના વ્યાખ્યાનમાં**

**લોકરંજક લાંબી કથાઓ નથી, હાસ્યના ટુચકાઓ નથી, રાજદ્વારી વાતોથી શ્રોતાઓને ઉત્તેજિત કરવાની વાણી નથી** કે જુદા જુદા પ્રશ્નો પૂછી શ્રોતાઓને પાંડિત્ય દર્શાવવાનું આછકલાપણું નથી. તેમના વ્યાખ્યાનમાં પદાર્થોના લક્ષણની વ્યાખ્યા મળશે. વ્યાખ્યાનના સમર્થનમાં ટૂંકા દૃષ્ટાન્તો મળશે. તેની પૂર્તિમાં અન્ય દર્શનકારોના આધારો મળશે. ટંકશાળી વચનોના મૌક્તિકો અને ગુરુપરંપરાનો અનુભવ તેમના વ્યાખ્યાનમાં જોવા મળશે.

ઉપર જણાવેલ બધાં લક્ષણો પ્રસ્તુત પ્રકાશિત થતા 'નંદિસૂત્રનાં પ્રવચનો' નામના ગ્રંથમાં આપણને જોવા મળે છે. તે લક્ષણોની અવગાહના કરતાં પહેલાં 'નંદિસૂત્ર' કેવો ઉપકારક આગમગ્રંથ છે તે જોઈએ.

ભગવાન તીર્થંકર ગણધરોને ત્રિપદી આપે છે. આ ત્રિપદી ઉપરથી ગણધર ભગવંતો આગમની રચના કરે છે. આથી 'अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणं' - અરિહંત ભગવંતો અર્થ કહે અને એને સૂત્રરૂપે ગણધર ભગવંતો ગૂંથે. આમ આગમોના રચયિતા સૂત્રથી ગણધર ભગવંતો અને અર્થથી સાક્ષાત્ અરિહંત ભગવંતો છે. આ આગમોમાં લોકાલોકના સર્વ પદાર્થો યથાતથ્ય પ્રરૂપેલા છે. વર્તમાનમાં 'અગિયાર અંગ, બાર ઉપાંગ, દશપયન્ના, છ છેદ, ચાર મૂળ અને બે ચૂલિકાસૂત્ર' એમ મળી પિસ્તાળીશ આગમો છે.

નંદિસૂત્ર અને અનુયોગદ્વારસૂત્ર, એ બે આગમગ્રંથો ચૂલિકા ગણાય છે. આ નંદિસૂત્રમાં તીર્થંકર ભગવાનની, મહાવીર પરમાત્માની, શ્રીસંઘની, શ્રીગણધર ભગવંતોની, જૈનપ્રવચનની, અને સ્થવિર ભગવંતોની સ્તુતિ બાદ પાંચજ્ઞાનનું વિસ્તૃત સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ સૂત્રના રચયિતા દેવવાચક ગણિ છે અને ટીકાકાર શ્રી મલયગિરિ મહારાજ છે.

પિસ્તાળીસ આગમગ્રંથોમાં નંદિસૂત્રનું સ્થાન વિશિષ્ટ છે. કેમકે ધર્મનું ફળ મોક્ષપ્રાપ્તિ છે. આ મોક્ષપ્રાપ્તિ માટે ઉત્તમ ચારિત્ર જોઈએ. આ ઉત્તમ ચારિત્રની સમજ અને શ્રધ્ધા જ્ઞાન વિના ન બની શકે. માટે સૌ પ્રથમ જ્ઞાનનું સ્વરૂપ શું ? તે જાણવું આવશ્યક છે. આ નંદિસૂત્રમાં જ્ઞાનનો અધિકાર છે. આ જ્ઞાનપ્રાપ્તિ થાય તો આચારનો માર્ગ ખુલ્લો થાય. માણસ કૃતકૃત્ય બની જાય. તેના હૃદયમાં આનંદની છોળો ઉછળે. આથી જ આ સૂત્રનું નામ નંદિસૂત્ર છે. "જે સૂત્રના શ્રવણથી જીવને આનંદ તથા હર્ષ થાય અને તે ઉત્તરોત્તર વધે તેનું નામ નંદિસૂત્ર "

પિસ્તાળીશ આગમગ્રંથોમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને કથાનુયોગ, આ ચાર અનુયોગ પથરાયેલા છે. વિપાકસૂત્ર, જ્ઞાતાધર્મકથા, વગેરેમાં કથાનુયોગ

છે. ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, વગેરેમાં ગણિતાનુયોગ છે. આચારાંગ, દશવૈકાલિક, પિંડનિર્યુક્તિ વગેરેમાં ચરણકરણાનુયોગ છે. ભગવતી, પન્નવણા, નંદિસૂત્ર વગેરેમાં દ્રવ્યાનુયોગ આદિ છે.

આમ, આ બધા આગમગ્રંથોમાં જગતના સર્વપદાર્થોનું અવગાહન છે. પરંતુ નંદિસૂત્ર, આ બધા આગમગ્રંથોના અવગાહનરૂપ જ્ઞાનસૂત્રગ્રંથ છે, દીક્ષા વખતે તેમજ ગણિ, પંન્યાસ કે આચાર્ય પદારોહણ વખતે નંદિસૂત્ર સંભળાવવામાં આવે છે.

પ્રવચનકાર પ. પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે ખંભાતમાં માત્ર આ નંદિસૂત્રની પીઠિકા ઉપર જ સત્તર વ્યાખ્યાનો આપ્યાં છે. આ વ્યાખ્યાનોમાં આગમનું મહત્ત્વ, નંદિસૂત્રનો અર્થ તથા તેના રચયિતા અને ટીકાકારનો પરિચય આપ્યા પછી તેની ભૂમિકાને ખૂબ સ્પષ્ટ કરવા સાથે તેમણે "સૂત્ર, નંદિ, શુકલપાક્ષિક, મંગળ, ત્રિપદી, આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક, ક્ષય, ઉપશમ, ક્ષયોપશમ, પ્રવચન, રાગ-દ્વેષ, મોહ, પરોપકાર, મોક્ષ, ભવ્ય, સુખ-દુઃખ, ઈચ્છા, આશા, જિજ્ઞાસા, શાન્તિ, ચિન્તા, દાન, ધ્યાન, યોગ, ધારણા, ક્રોધ, માન, માયા, લોભ, જિદંગી, નિશ્ચય, વ્યવહાર, કલ્પ, યુગ, ભાવના, ગુણશ્રેણિ, વિનય, આશ્રમ અને તૃષ્ણા વગેરે પદોનાં લક્ષણ, વ્યાખ્યા અને સમજ ખૂબ સરસ રીતે આપેલ છે.

આગમ અને પ્રકરણગ્રંથોની અનેક સાક્ષિઓ આપવા ઉપરાંત પરદર્શનનાં પણ ઘણાં પદ્યો विहाय कामान्., एकाभार्या., उत्खातं निधिशंकया., पुराणं मानवो धर्मः, चला लक्ष्मीः, चेतोहरा युवतयः., एके सत्पुरुषाः., यज्ञार्थं पशवः., ध्यायतो विषयान् पुंसः., मृतस्य लिप्सा., अनुचितकर्मारंभ, असंशयं महाबाहो., न हि कल्याणकृत्., न प्रहृष्येत्., यौवनं धनसंपत्तिः.," વ. રજુ કરી તે તે વિષયોને સ્પષ્ટ કર્યા છે. આ સ્વદર્શન અને પરદર્શનના ઊંડા જ્ઞાન અને ચિંતનને આભારી છે. દૃષ્ટાન્તો પણ તેમણે આ ગ્રંથોમાં ઘણાં રજુ કર્યાં છે. પણ દૃષ્ટાન્તો રજુ કરવાની તેમની શૈલી અનોખી છે. જે વિષય ચાલતો હોય તે વિષયની સ્પષ્ટતા પુરતું દૃષ્ટાંતને સ્પર્શી તે વિષયને આગળ વધાર્યો છે. આમ આ ગ્રંથમાં નંદિસૂત્રની પીઠિકાના વ્યાખ્યાન હોવા છતાં તેમાં જૈનદર્શનના ઘણાં પારિભાષિક શબ્દો, જિનાગમ, જિનધર્મ અને તત્ત્વજ્ઞાનને સુંદર રીતે આવરી લીધાં છે.

આ પુસ્તકમાં ૨૫ મી વીરનિર્વાણ કલ્યાણક શતાબ્દીના ઉપલક્ષ્યમાં વિ. સં. ૨૦૩૧ ના કાર્તક શુદ બીજ અને ચૈત્ર શુદ તેરશના દિવસોએ તેઓએ જે ઉદ્‌બોધન કરેલ તે આપવામાં

આવેલ છે. તેમાં-

"जेतुं दुर्वादिवृन्दं जिनसमयविदः किं न सर्वे सहायाः" ॥ આ પદ આ કાળે ખૂબ વિચારણા માગે છે. ગચ્છો ભલે જુદા હોય, ક્રિયાકાંડને લઈને આપણે ભલે અલગ અલગ હોઈએ, પરંતુ તત્ત્વવાદથી એક હોવાથી જ્યારે જિનેશ્વર ભગવાનના શાસનનો પ્રશ્ન આવે ત્યારે એક થવું જોઈએ. જિનશાસનના પ્રશ્ન વખતે આપણે અંદરના મતભેદને આગળ કરી શાસનની રક્ષામાં અંતરાય ન કરવો જોઈએ.

આ પ્રસંગે મને રતલામના શાંતિનાથ ભગવાનના મંદિરનો પ્રસંગ યાદ આવે છે. રતલામમાં શાંતિનાથ ભગવાનના મંદિરમાં શિવલિંગ અંગે જૈન-જૈનેતર વચ્ચે મોટો વિખવાદ ઊભો થયો. મારામારી થઈ. આપણા આગેવાનો પકડાયા. તે વખતે હું તથા શ્રી બાપાલાલ ચુનીલાલ રતલામ ગયા. એજ વખતે પાલનપુર વતની શ્રી રતિભાઈ પણ ત્યાં આવ્યા. શ્રી બાપાલાલ યંગ મેન્સ સોસાયટીના હતા. શ્રી રતિભાઈ યુવક સંઘના હતા. પણ રતિભાઈએ કલેક્ટર આગળ જૈનસંઘની રક્ષા માટે તનતોડ મહેનત કરી. આવા એક નહિ પણ અનેક પ્રસંગો છે, જેમાં આપણે ગચ્છભેદ, સંપ્રદાયભેદ કે વિચારભેદથી સામસામા મંતવ્ય ધરાવતા હોઈએ પણ શાસનનો પ્રશ્ન આવે ત્યારે વિચારવિમર્શ માટે સમજદારી પૂર્વક તે ભેદ દૂર કરી શાસનની પ્રભાવના અને તેના ઉત્કર્ષ માટે ખભેખભા મિલાવી સહમત થવું જોઈએ.

મને એવો પણ અનુભવ છે કે બાળપણના સંસ્કારથી આપણે જેમને નાસ્તિક, ધર્મવિરોધી અને જેની સોબત કરવી તે સારી નહિ એવા પરમસુધારક માનેલા માનવીઓના સંસર્ગમાં આવ્યા પછી લાગ્યું છે કે આ માન્યતા ખોટી છે. આવા સુધારક માણસો કેટલીક વખત તેમની ભાષા ઉગ્ર અને તેમને લાગ્યું હોય તે કહે પરંતુ તેમના કુટુંબના જન્મજાત સંસ્કારને લીધે ધર્મની આપત્તિકાળે ધર્મની રક્ષામાં તેઓ પરોવાય છે અને તેમની જેવી ધર્મ ઉપરની શ્રદ્ધા હોય છે તેવી શ્રદ્ધા કદાચ આપણે માનેલા શ્રદ્ધાશીલ શ્રાવકોમાં નથી હોતી.

'जेतुं दुर्वादिवृन्दं जिनसमयविदः किं न सर्वे सहायाः' ॥ આ પદ ખાસ યાદ રાખવા જેવું છે. મતભેદના કારણે મનભેદ ન કરવો અને એવા વિરોધમાં ન ઊતરવું કે માણસ સાવ ઉભગી જાય.

આ ગ્રંથના પ્રવચનકાર પ. પૂ. આ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. નો. પરિચય સકલ સંઘને છે. તેમનો જન્મ સૌરાષ્ટ્રના બોટાદમાં વિ. સં. ૧૯૫૫ના કાર્તક શુદિ ૧૧ના રોજ

થયો. સૌરાષ્ટ્રદેશ ભારતના નરપુંગવોની ખાણ છે. તેમના પિતાનું નામ હેમચંદભાઇ. માતાનું નામ જમનાબહેન. તેમનું નામ નરોત્તમ.

જ્યારે તેમની અગિયાર વરસની ઉંમર હતી, ત્યારે વિ. સં. ૧૯૬૬માં પ.પૂ. આ. શ્રી. વિજયનેમિસૂરીશ્વરજી મ.નું ચાતુર્માસ બોટાદ થયું. અહીં વૈરાગ્યનાં બીજ રોપાયાં અને તે પલ્લવિત થતાં વિ. સં. ૧૯૭૦ના મહા શુદિ બીજના રોજ તેમણે ભાગવતી પ્રવજ્યા સ્વીકારી. તેમનું નામ પૂ. મુનિ શ્રી નંદનવિજયજી પાડવામાં આવ્યું.

અગિયાર વર્ષની બાલ્યવયે ત્યાગાભિમુખ વૃત્તિને પરિપકવ કરી પંદર વર્ષની ઉંમરે દીક્ષિત બનેલ આ મહાપુરુષે પરમ પુરુષાર્થ કરી ન્યાય, વ્યાકરણ, જ્યોતિષ અને આગમોના તલસ્પર્શી જ્ઞાન સાથે ગુરુવર્ય શાસનસમ્રાટનો અપાર પ્રેમ સંપાદન કર્યો, જેને લઇને તેમણે મેળવેલું સમગ્ર જ્ઞાન પરણિત થયું.

વિ. સં. ૨૦૦૫માં આસો વદિ ૦)) ના દિવસે મહુવા મુકામે પ. પૂ. શાસનસમ્રાટ આ. શ્રી. વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યા. વિ.સં. ૧૯૭૦થી ૨૦૦૫ સુધીનાં દીક્ષાનાં પાંત્રીસ વર્ષ ગુરૂમહારાજના સાંનિધ્યમાં તેમણે વીતાવ્યાં. આ પાંત્રીસ વર્ષનો સમગ્ર ગાળો सर्वे पदाः हस्तिपदे निमग्ना : એ મુજબ પ. પૂ. શાસનસમ્રાટની શાસનપ્રભાવનામાં અંતર્ગત થાય છે. સૂર્યનો પ્રકાશ ઝળહળતો હોય ત્યારે બીજા જ્યોતિર્ગણના પ્રકાશની ગણના ન ગણાય તેમ, પ. પૂ. શાસનસમ્રાટના જીવનકાળ દરમ્યાન પ. પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજની સ્વતંત્ર કારકિર્દી ગણાય નહિ, કેમ કે તેમણે સમગ્ર જીવન ગુરુચરણે સમર્પિત કર્યું હતું.

શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વ્યક્તિત્વ, પ્રભાવ અને યુગપુરુષપણા માટે મારી લખેલ 'શાસનસમ્રાટ' ગ્રંથની પ્રસ્તાવના બસ છે. અને આ શાસનસમ્રાટ મહાપુરૂષનો પૂર્ણ વારસો પ. પૂ. આચાર્ય શ્રી નંદનસૂરીશ્વરજી મહારાજે સાચવ્યો છે, તેવું - વિચારોમાં મતભેદ હોય છતાં - મારી આગળ ઘણીવાર મારા ગુરુવર્ય સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસે કહ્યું છે અને તે ખરેખર યથાર્થ છે.

ભગવાન મહાવીર પ્રત્યે ગુરુગૌતમને જે પ્રેમ હતો તેનું આછું દર્શન પ. પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી અને પ. પૂ. આ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. ના શાસનસમ્રાટના પ્રેમથી થાય છે. ડગલે અને પગલે 'ઉદય-નંદન' કહી સંબોધન પામતી આ ગુરુશિષ્યની

બેલડી ખરેખર ભાગ્યશાળી હતી. અને શાસનસમ્રાટને મન પણ 'ઉદય-નંદન' ગુરુશિષ્યની બેલડી સર્વસ્વ હતી.

વિ. સં. ૧૯૮૧ થી - મારા અભ્યાસકાળથી - તો હું જાણું છું કે આ ગુરુશિષ્યની બેલડી એક દિવસ પણ મહારાજથી જુદી પડી નથી. જ્યોતિષ, આગમ, શિલ્પ વગેરે અનેક શાસ્ત્રના વિદ્વાન પ. પૂ. આ. શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજ અને ન્યાય, જયોતિષ, આગમ વગેરે અનેક શાસ્ત્રના વિદ્વાન પ્રતિભાવાન સમર્થ શ્રી નંદનસૂરીશ્વરજી મહારાજ. આ ગુરુશિષ્યની બેલડીને કલાકોના કલાક સુધી શાસનસમ્રાટના પગ આગળ સેવા કરતા દેખનાર આગંતુક નવીન માણસ ભાગ્યે જ તેમને આવા સમર્થ વિદ્વાન અને પ્રતિભાવાન કલ્પી શકે અને તેમને યથાર્થ સ્વરૂપે જાણ્યા પછી જૈનશાસનના વિનયને ભારોભાર પ્રશંસ્યા વિના ભાગ્યે જ રહી શકે.

ગુરુશિષ્યની બેલડીની ગુરુભક્તિની પ્રશંસા શાસનમાં ખૂબ પ્રસિદ્ધ છે અને બીજા સમુદાયના આચાર્યોએ પણ વારંવાર તેને અભિનંદી છે. આગમ-મંદિરની પ્રતિષ્ઠાનો પ્રસંગ હતો. પાલિતાણામાં પ. પૂ. શાસનસમ્રાટ જસરાજ મોદીના બંગલે પધાર્યા હતા. સાંજનો સમય હતો. હું ત્યાં બેઠો હતો. થોડીવારે પ. પૂ. સાગરાનંદસૂરીશ્વરજી મ. આવ્યા. બન્ને એક પાટ ઉપર બેઠા. પૂ. સાગરાનંદસૂરીશ્વરજીએ શાસનસમ્રાટ સૂરીશ્વરને સુખશાતા પૂછી. શાસન સમ્રાટશ્રીએ સ્વાસ્થ્ય બરાબર નથી તેમ કહી અશાતાનો ઉદય વર્ણવ્યો. સાગરજી મહારાજે તે વખતે કહ્યું : ''આપ મહાપુણ્યશાળી છો, તમારે ઉદયસૂરિજી અને નંદનસૂરિજી જેવાં પરિચારક શિષ્યો છે, આપને જરાય ઓછું આવવા દે તેવા નથી.'' આના ઉત્તરમાં શાસનસમ્રાટે કહ્યું : 'એ જ મોટી શાતા છે.' આ એક નહિ, પણ ભિન્ન ભિન્ન સમુદાયના બધા આચાર્યોએ ગુરુશિષ્યની બેલડીની ભક્તિની પ્રશંસા ગાઈ છે.

પ. પૂ. આ. શ્રીનંદનસૂરીશ્વરજી મહારાજને શાસનસમ્રાટ ગુરુમહારાજનું નામ મંત્ર સ્વરૂપ છે, કોઈને પણ વાસક્ષેપ 'નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે' આ પદ યાદ કર્યા વગર ન નાખવાનો હોય. કોઈપણ માંગલિક કામમાં ગુરુમંત્રનો જાપ અને તેનું સ્મરણ સદા હોય. તેમનો ગુરુ પ્રત્યેનો અપાર પ્રેમ 'શાસન-સમ્રાટ' ગ્રંથના તેમના 'અંતરોદ્‌ગાર' માં વ્યક્ત થાય છે : ''જગદ્વંદનીય જગદ્‌ગુરુ.... વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ..... મને પામર કીડીને કુંજર સ્વરૂપ બનાવનાર તે મારા પરમ ગુરુ ભગવંતના ઉપકારનો બદલો ભવ કોડાકોડીએ પણ વાળી શકાય તેમ નથી. તેઓશ્રીના મુખમાં છેલ્લાં શ્વાસોચ્છ્વાસ સુધી 'ઉદય-નંદન' હતા.'' ટૂંકમાં વિદ્વાન ગુરુશિષ્ય બેલડીની શાસનસમ્રાટની પરિચર્યાનું દર્શન

અને શાસનસમ્રાટના તે ગુરુશિષ્યની બેલડી પ્રત્યેના અંતરંગ પ્રેમનું દર્શન એ પણ મનુષ્યજીવન પામ્યાનો લ્હાવો હતો.

વિ. સં. ૧૯૮૧ની સાલથી - મારા અભ્યાસ કાળથી - શાસનસમ્રાટ સૂરિવરના સમૂદાય સાથે પરિચય રહ્યો છે.

જ્યારે શત્રુંજયતીર્થની યાત્રા બંધ હતી, આ સાલ વિ. સં. ૧૯૮૩ની સાલ હશે, તે વખતે પ. પૂ. આ શ્રી નંદનસૂરીશ્વરજી મહારાજે પાટણ - દોશીવટમાં શાસનસમ્રાટના સાંનિધ્યમાં જાહેર વ્યાખ્યાન આપેલ. આ વ્યાખ્યાનમાં શાસન પ્રત્યેનો અવિહડ રાગ અને ગુરુમહારાજની છત્રછાયાનું પ્રથમ દર્શન મને થયું. તે વખતે મારી વય અઢાર વર્ષની - મારા અભ્યાસકાળની હતી.

આ પછી તો શાસનમાં અનેક પ્રસંગો આવ્યા. આ બધા પ્રસંગોમાં આ ગ્રંથના પ્રવચનકાર ગુર્વાજ્ઞાને શિરસાવંદ્ય કરી તેમની છાયામાં અંતર્ધાન રહ્યાં છે.

પ. પૂ. આચાર્ય શ્રી નંદનસૂરિ મહારાજમાં વ્યવહારદક્ષતા, નિરહંકારવૃત્તિ, ઊર્ધ્વગામી દ્રષ્ટિ, શાસનરાગ, દૂરંદેશીપણું અને એકતાના વિશિષ્ટ ગુણો છે. શાસનસમ્રાટના પટ્ટધર આઠેઆઠ આચાર્યો હોવા છતાં આખા સમુદાયનું એકસૂત્રીપણું જારી રાખવું તે તેમની વ્યવહારદક્ષતાને આભારી છે. નાનામાં નાના સાધુ અને ગમે તો ગામના સંઘનો નાનામાં નાનો માણસ પોતાની વાત તેમની આગળ રજુ કરી શકે છે. અને ગમે તેટલા કાર્યમાં રોકાયા હોવા છતાં તેને સંતોષકારક જવાબ આપી ઉપકારક બની શકે છે. કોઈપણ કાર્ય કરતાં પહેલાં પરિણામનો વિચાર કરી નિર્ણય કરવાની તેમની શકિત અજોડ છે. મારા તારાના વિચારોને ગૌણ કરી શાસનની હિતદષ્ટિ હમેશાં તેમણે સન્મુખ રાખી છે. માનાપમાનને ગૌણ કરી ઐકય ન તૂટે તેમાં તેમણે સદા લક્ષ્ય રાખ્યું છે. કેટલાય પ્રસંગો આ દરેક બાબતના સાક્ષી છે.

કોઈ દિવસ તેમણે પોતાની જાતને સર્વોપરિ ગણી નથી. નાનામાં નાના માણસના વિચારને તોળી જોયો છે. અને તે વ્યાજબી લાગ્યો તો તે સ્વીકારવામાં જરા પણ આનાકાની કરી નથી. શાસનના ઉપયોગી અંગને કોઈ દિવસ ઉવેખ્યું નથી. તેમ જ કોઈની ધાકધમકી કે આડાઈને શરણે થવાનું તેમના સ્વભાવમાં નથી. સામા માણસને પારખવાની તેમનામાં અજોડ શક્તિ છે. શાસનના આજે ડોળાતા કોઈ પણ પ્રશ્નમાં તટસ્થ નિરાકરણના સ્થાનરૂપ શાસનના મોવડી તરીકે તેઓ રહ્યા છે. તેમની નાદુરસ્ત તબિયત છતાં ગમે તે સંપ્રદાય, ગચ્છ કે

સમુદાય તરફથી ધાર્મિક મુહૂર્ત માટે પૂછવામાં આવે તો તે પરિશ્રમ વેઠીને પણ આપે છે.

છેલ્લાં વીસ વર્ષથી તો પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજનો મને નિકટ પરિચય છે.

શાસનસમ્રાટના દિવંગત થયા પછી સં. ૨૦૧૩-૨૦૧૪ની સાલમાં સંવચ્છરીનો પ્રશ્ન, બીજું સાધુ સંમેલન, શ્રાવકસંમેલન, કોન્ફરન્સનું અધિવેશન અને ૨૫મી વીર નિર્વાણ શતાબ્દી મહોત્સવ જેવા ઘણાં વિવાદાસ્પદ પ્રસંગો સંઘમાં આવ્યા છે, અને આ બધા પ્રસંગોમાં પ. પૂ. આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે સક્રિયપણે ભાગ લીધો છે.

વિ. સં. ૨૦૧૩માં ચંડાંશુચંડૂ પંચાંગમાં ભા. શુ. ૫ નો ક્ષય હતો. ગુરુમહારાજે સં. ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯, ૨૦૦૪માં ભા. શુ. ૫ના ક્ષયે અન્ય પંચાંગના આધારે ભા. શુ. છઠ્ઠનો ક્ષય કરી સંવચ્છરી આરાધી હતી. પૂ. ગુરુદેવે આચરેલી તે શુદ્ધ પ્રણાલિકા સં. ૨૦૧૩-૧૪માં પણ અખંડ રહે તેવી પૂરી અંતરની ઉમેદ છતાંય, શ્રીસંઘમાં એક તિથિ પક્ષમાં ઐકય અખંડ રહેતું હોઇ, અને ભારતભરના શ્રી સંઘોના અગ્રણીઓ તથા ખાસ કરીને ગોડીજી શ્રી દેવસૂરતપાગચ્છ સંઘની આગ્રહપૂર્ણ વિજ્ઞપ્તિ હોઇ, લાભાલાભનો ખૂબ દીર્ઘદષ્ટિથી વિચાર કરીને તેઓશ્રીએ તે સમયને માટે અતીવ સમુચિત અને હિતાવહ નિર્ણય લીધો. (જો કે, આ નિર્ણયથી પણ પૂ. શાસનસમ્રાટના સ્વીકારેલા અને આચરેલા સિદ્ધાંતનો ભંગ નહોતો જ થતો, ઉલ્ટું એમના સિદ્ધાંતનું અણીશુદ્ધ પાલન જ થતું હતું.) આ નિર્ણયને ફળવાન બનાવવા પ. પૂ. આચાર્ય શ્રી ઉદયસૂરીશ્વરજી મ. સાથે વિચાર વિનિમય કરી, એકતા સાધી, પોતાના સમુદાયના લબ્ધપ્રતિષ્ઠિત આચાર્યો પૂ. શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી મ., પૂ. શ્રી અમૃતસૂરીશ્વરજી મ., પૂ. લાવણ્યસૂરીશ્વરજી મ. વગેરેને સહમત કરવામાં તેમણે ખૂબ જ કુનેહથી કામ લઇને બારપર્વની અખંડિતતા માનનાર વર્ગનું ઐકયપણું જાળવી રાખ્યું.

બીજા સાધુસંમેલનમાં તેમની ભાવના હતી કે કોઇપણ રીતે શાસનમાં ખૂબ ગવાયેલો, શાસનને પરેશાન કરનાર આ તિથિચર્ચાનો પ્રશ્ન પતી જશે. તે માટે તેમણે સર્વસંમત થાય તેવો એક પટ્ટક પણ તૈયાર કર્યો. પણ ભવિતવ્યતા જુદી હોવાથી તે પ્રશ્ન ન પત્યો. પણ બાર પર્વતિથિની અખંડિતતા માનનાર વર્ગમાં તિથિ સંબંધી થોડી થોડી ભિન્ન માન્યતા હતી, તેને એક સૂત્રમાં ગોઠવવાનું તો તેઓ કરી શકયા જ.

શ્રાવક સંમેલન, કોન્ફરન્સનું અધિવેશન અને ૨૫મી નિર્વાણ શતાબ્દીમાં તેમનું આધિપત્ય જેતું दुर्वादिवृन्दं जिनसमयविदः किं न सर्वे सहायाः' એ પદને લક્ષ્યમાં રાખીને રહ્યું છે.

આપણું સદ્ભાગ્ય છે કે ગુરુપરંપરાના ઉત્તમ વારસાને સાચવનાર, વિદ્વાન, દીર્ઘદૃષ્ટા, નીડર, શાસનના દૃઢ રાગવાળા આચાર્ય આપણે ત્યાં છે. આપણે ઇચ્છીએ કે તેમના શેષ જીવનમાં વર્તમાનમાં જે કોઈ વિવાદાસ્પદ પ્રશ્નો જૈનશાસનની અવહેલના કરી રહ્યા છે તે પ્રશ્નોનું યોગ્ય સામધાન થાય. મને ખાત્રી છે કે નિખાલસવૃત્તિ રાખી, શાસનની દાઝ હૈડે ધરી આનો પ્રયત્ન કરવામાં આવે તો અશક્ય લાગતું નથી.

**નોંધ :**

*પાલિતાણા ગિરિરાજ પર બંધાયેલા નૂતન જિનાલયની પ્રતિષ્ઠા કરાવવા માટે પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. શ્રી પધારી રહ્યા હતા. તેઓશ્રી માગશર વદિ ૧૩ના રોજ ધંધુકા મુકામે પધાર્યા, ત્યારે હું ત્યાં ગયેલો અને આ પ્રસ્તાવના તેઓશ્રીને વાંચી સંભળાવી. એ સાંભળીને તેઓશ્રીને સંતોષ થયો.*

*એ વખતે કલ્પના પણ ક્યાંથી હોય કે આજે એમનાં છેલ્લાં દર્શન જ હશે !*

*પણ ભવિતવ્યતા અન્યથા નથી કરાતી. આના બીજે જ દિવસે-માગશર વદિ ચૌદશે તેઓશ્રી તગડી મુકામે અચાનક સ્વર્ગવાસ પામ્યા.*

*તેઓશ્રીના પુણ્યાત્માને અનંત વંદન હો.*

# પરમપ્રભાવક સંઘનાયક

# આચાર્ય શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ

**- રતિલાલ દીપચંદ દેસાઈ**

સાધુતા જ્યારે વેશના મહિમાના સીમાડા ઓળંગીને વિચાર, વર્તન અને વાણી સાથે એકરૂપ બને છે, ત્યારે એ જીવનસ્પર્શી બનીને માનવીને કોઈક અનોખા સુખ અને આનંદનો અધિકારી બનાવે છે. આ સુખ અને આનંદ અંતરની ગુણવિભૂતિ અને ગુણગ્રાહક વૃત્તિમાંથી પ્રગટ થતાં હોવાથી એને બાહ્ય સામગ્રી કે આડંબરી આળપંપાળનું દાસપણું નથી વેઠવું પડતું. જીવનસાધના આગળ વધતાં આ સ્થિતિ જ સાધકને એક બાજુ સચ્ચિદાનંદમય દશા તરફ દોરી જાય છે અને બીજી બાજુ વિશ્વવાત્સલ્યના રાહનો યાત્રિક બનાવે છે. સમગ્ર વિશ્વને પોતાનું મિત્ર કે કુટુંબ બનાવવાના ઉદાત્ત અને સર્વમંગલકારી ધ્યેયને વરેલી સાધના એ જ સાચી સાધુતાને પામવાનો રાહ છે. અને એ રાહના પુણ્યયાત્રિક બનવા માટે ભગવાન તીર્થંકરે સમભાવલક્ષી અહિંસા, સંયમ અને તપની કેડીઓ બતાવી છે.

પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ ભગવાન તીર્થંકરે ઉદ્‌બોધેલ મોક્ષ માર્ગના આવા જ એક પુણ્યપ્રવાસી અને શ્રમણશ્રેષ્ઠ સંઘનાયક છે. સમતાભરી સાધુતાની સાધનાની આભા તેઓના સમગ્ર જીવન અને વ્યવહાર ઉપર, ચંદ્રની શીતળ-સુંદર ચાંદનીની જેમ, વિસ્તરેલી જોવા મળે છે, અને તેથી એમના પરિચયમાં આવનાર કોઈને પણ, એમનામાં પ્રગટ થયેલી સહિષ્ણુતા, વત્સલતા, કરુણા, સ્વસ્થતા, કલ્યાણવૃત્તિ વગેરે ગુણોની વિભૂતિનાં સહજપણે આહલાદકારી દર્શન થાય છે.

પૂજ્યપાદ સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ વિક્રમની વીસમી સદીના જૈન શાસનના મહાન પ્રભાવક આચાર્ય થઈ ગયા. તેઓનું વ્યક્તિત્વ અસાધારણ તેજસ્વી હતું અને અતિવિરલ કહી શકાય એવો આંતર અને બાહ્ય પ્રભાવ અને પ્રતાપ એમની આસપાસ જાણે સદાકાળ રેલાયા જ કરતો હતો. નૈષ્ઠિક બ્રહ્મચર્યના તેજના તો જાણે તેઓ સાક્ષાત્ અવતાર જ હતા. તેઓ જ્યાં પણ બિરાજતા હોય ત્યાં ધર્મશાસનની પ્રભાવનાનું અને ધર્મના રક્ષણ તથા પોષણનું કોઈ ને કોઈ નાનું - મોટું કામ ચાલતું જ રહેતું હતું અને ભાવિક જનો એમાં ઉલ્લાસથી ભાગ લેતા જ રહેતા હતાઃ એ સૂરીશ્વરના રોમ રોમમાં શાસનની રક્ષા અને પ્રભાવના કરવાની તમન્ના વહ્યા જ કરતી હતી. તેથી જ શ્રીસંઘે તેઓને

"શાસનસમ્રાટ" જેવું આદર-ભક્તિનું સૂચક મહાન બિરુદ અર્પણ કરીને એમના પ્રત્યે પોતાની કૃતજ્ઞતાની ઊંડી લાગણી દર્શાવી હતી. ચારિત્રની આરાધનામાં સતત જાગૃત રહેવાની સાથે સાથે જ્ઞાનસાધના માટે પણ અસાધારણ પુરુષાર્થ કરીને તેઓએ, શાસ્ત્રપારગામીપણું પ્રાપ્ત કરવાની સાથે, એક ઉત્તમ આદર્શ ઊભો કર્યો હતો. અને જ્ઞાન - ચારિત્રની સાધનાના જે માર્ગ તેઓએ પોતાના જીવનને અમૃતમય બનાવ્યું હતું. તે માર્ગે પોતાની સંયમયાત્રાને આગળ વધારવામાં પોતાના શિષ્ય - પ્રશિષ્યોનો વિશાળ સમુદાય જરાય પાછળ ન રહે કે લેશ પણ પ્રમાદ ન સેવે એ માટે તેઓએ દાખવેલ ચીવટ, જાગૃતિ અને અનુશાસનની વૃત્તિ દાખલારૂપ બની રહે એવી હતી. તેમાંય આચાર્યપ્રવર શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની પોતાના અંતેવાસીઓને નિયંત્રણમાં રાખવાની ધાકને તો આજે પણ લોકો સંભારે છે. તેઓ જેમ એક બાજુ પોતાના અંતેવાસીઓ ઉપર વાત્સલ્યનો અભિષેક કરી જાણતા હતા, તેમ બીજી બાજુ, શ્રીસંઘ અને સમુદાયના હિતમાં જરૂરી લાગતું ત્યારે, શિસ્તની મર્યાદાનો ભંગ કરતા પોતાના શિષ્યો - પ્રશિષ્યોને કઠોર શિક્ષા કરતાં પણ ન ખમચાતા. સાધુ બનનારે સાધુજીવનના આચારોનું અખંડપણે પાલન કરવું જ ઘટે-એ બાબતમાં તેઓ પૂરેપરો આગ્રહ રાખતા હતા. એક ગુરુ તરીકેની આવી જવાબદારીને સાચવી જાણવાને કારણે જ તેઓ જુદા જુદા વિષયોના નિષ્ણાત જ્ઞાતા અને શીલ-પ્રજ્ઞાની સમાન સાધનાથી શોભતા શિષ્ય-પ્રશિષ્યોનું એક મોટું જૂથ શાસનને ભેટ આપી શકયા હતા.

શાસનસમ્રાટના શિષ્યો - પ્રશિષ્યોના આ સમૂહમાં ઉદય-નંદનની ગુરૂ-શિષ્યની બેલડીનું નામ અને કામ તો જાણે કહેવતરૂપ બની ગયું હતું. શાસનસમ્રાટના પ્રથમ પંક્તિના શિષ્યોમાં પરમપૂજય આચાર્ય મહારાજ શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજનું સ્થાન અનોખું અને આગળ પડતું હતું. ધર્મશાસ્ત્રો, જ્યોતિષવિદ્યા તથા શિલ્પશાસ્ત્રના તો તેઓ અધિકૃત વિદ્વાન હતા, છતાં એમને ન તો પોતાના સ્થાનનું લેશ પણ અભિમાન હતું કે ન તો પોતાના જ્ઞાનનું રજમાત્ર ગુમાન હતું. તેઓ તો પોતાની જીવન-સાધનામાં જાણે પોતાની જાતને અને પોતાના સર્વસ્વને શૂન્યમાં મેળવી દેવા માંગતા હોય એમ, આદર્શ શ્રમણને શોભે એવું, જળકમળની જેમ, સાવ અલિપ્ત અને મોહમુક્ત જીવન જીવવાનો જ અખંડ પુરુષાર્થ કરતા રહેતા હતા. અને તેઓની ગુરુભક્તિનું તો કહેવું જ શું ? પોતાના ગુરુદેવ ઉપરનાં તેઓનાં અનુરાગ અને ભક્તિ તો ગુરુ ગૌતમસ્વામીની પોતાના ગુરુ પરમાત્મા મહાવીરદેવ ઉપરની ભક્તિનું સ્મરણ કરાવે એવાં અવિહડ અને ઉત્કટ હતાં - ગુરુની ભક્તિ અને ગુરુની આજ્ઞા આચાર્ય શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજને પોતાના જીવન અને સર્વસ્વ કરતાં પણ અધિક પ્રિય

હતી. સમતાના સરોવર સમા અને સાવ ઓછાબોલા એ આચાર્યપ્રવરના સત્સંગનો લાભ મળવો એ જીવનનું એક જીવનપ્રદ પાથેય બની જતો.

આચાર્ય શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર તે આચાર્ય શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ પોતાના દાદાગુરુના કડક અનુશાસનમાં રહીને આચાર્યશ્રી વિજયનંદનસૂરિજીએ, જ્ઞાન અને ચારિત્રની વિમળ આરાધના કરવાના બળે, શાસનસેવા માટેની જે શક્તિ મેળવી અને જે તત્પરતા કેળવી એ જૈન શાસનને માટે આ સદીમાં મોટી શક્તિ અને મોટા આધારરૂપ બની ગઈ છે. અને એ શક્તિએ અનેક આંતર તેમ જ બાહ્ય આપત્તિઓની સામે, પ્રભુના શાસનની રક્ષા કરવા સાથે, ધર્મશાસનનો નેજો ઊડતો રાખવાનું પુણ્યકાર્ય કર્યું છે, એ વાતની સાક્ષી આપણી નજર સામેનો ઇતિહાસ પણ પૂરી શકે એમ છે. જૈન સંઘની આ સદીની કેટલી બધી ઘટનાઓ સાથે આ આચાર્યશ્રીનું નામ સંકળાયેલું છે !

પણ આવી ધર્મપ્રીતિ, શાસનભક્તિ અને પ્રભાવશીલતાનું વરદાન, વગર પ્રયત્ને, કે આછા પાતળા પ્રયત્ને રાતોરાત મળી જાય છે, એમ રખે કોઈ માની બેસે ! એ માટે તો આ જન્મની, તેમ જ, ક્યારેક તો જન્મ - જન્માંતરની અખંડ જીવનસાધનાની પણ જરૂર પડે છે. આવી સાધનાનો પરિપાક થાય છે ત્યારે શાસનપ્રભાવનાની ભાવના અને શક્તિ, શતદળ કમળની જેમ, વિકસવા માંડે છે. અને એવા જીવનસાધક મહાપુરુષના પગલે પગલે ધર્મકરણીની સરવાણીઓ વહેવા લાગે છે.

પંદર-સોળ વર્ષની પાંગરતી વયે સંસારવ્યવહારનો ત્યાગ કરી તીર્થંકર પરમાત્મા, દાદાગુરુશ્રી તથા ગુરુદેવના ચરણે સર્વભાવે સમર્પિત થયેલા મુનિ શ્રી નંદનવિજયજીએ પોતાની જીવનસાધનાની યાત્રા એવી એકાગ્રતાથી આગળ વધારી કે જેથી તેઓનું જીવન એક બાજુ નિષ્ઠાભરી ધર્મક્રિયાઓથી સુરભિત બન્યું અને બીજી બાજુ સ્વ-પર શાસ્ત્રોના જ્ઞાનથી આલોકિત બન્યું. અને જ્ઞાન - ક્રિયાની આ સાધનાની વચ્ચે પોતાના ગુરુવર્ય તથા દાદાગુરુની ભક્તિની જ્યોત તો અખંડપણે જળહળતી જ રહી. ઉપરાંત, અન્ય સાધુ-મુનિરાજોમાં વિનય-વૈયાવચ્ચ કરવાનો અવસર પણ તેઓ ન ચૂકતા.

આ પ્રમાણે સ્વપુરૂષાર્થથી જાગી ઊઠેલ આંતરિક શક્તિમાં પોતાના ગુરૂશ્રી તથા દાદાગુરૂ શાસનસમ્રાટ સૂરિવરની અસીમ કૃપા અને શુભેચ્છાનું બળ ઉમેરાયું. પરિણામે મુનિ શ્રી નંદનવિજયજીનો ઝડપી અને બહુમુખી એવો વિકાસ થયો કે માત્ર અઠ્ઠાવીસ વર્ષની નાની અને નવયુવાન વયે એમને આચાર્યપદની જવાબદારી સોંપીને એમના આંતરિક બળ અને

તેજનું શ્રીસંઘ દ્વારા બહુમાન કરવામાં આવ્યું. શાસનસમ્રાટ સૂરીશ્વરજી મહારાજ તથા આચાર્ય શ્રી વિજયનંદનસૂરિજી મહારાજના પરિચયમાં આવનાર સૌકોઈ જાણે છે કે આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજને પોતાના આ પ્રશિષ્ય ઉપર કેટલાં હેત અને વિશ્વાસ હતાં ! અરે, આટલું જ શા માટે, આચાર્ય શ્રીવિજયનંદનસૂરિજીએ તો પોતાના મહાન પ્રતાપી દાદાગુરૂશ્રીનું વડાવજીર તરીકેનું મોટું જવાબદારીવાળું પદ મેળવી અને શોભાવી જાણ્યું હતું. - નંદન તો જાણે પોતાના દાદાગુરૂશ્રીના રોમરોમમાં વસી ગયા હતા ! પોતાની નિઃસ્વાર્થ અને નિર્મળ ભક્તિ અને ગુરુવર્યની અસીમ કૃપાનું જ આ સુપરિણામ છે. અને એનાં મીઠાં ફળ જૈન શાસનને ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રમાણમાં મળતાં રહ્યાં છે. ઉંમરના વધવા સાથે કાયાની શક્તિ ઘટતી રહે એ તો સ્વાભાવિક છે. પણ આચાર્ય શ્રી વિજયનંદનસૂરિજીની શાસનદાઝ, કાર્યસૂઝ અને વ્યવસ્થા શક્તિને ઉંમરના ઘસારા પહોંચ્યા નથી એની સાક્ષી, એમની આસપાસ મધપૂડાની જેમ ગુંજતી અનેક પ્રવૃત્તિઓ આપે છે.

ધીર-ગંભીર છતાં પ્રસન્ન એમની પ્રકૃતિ છે. એમણે કાઢી આપેલાં ધમકાર્યોનાં મુહુર્તો એમના અંતરમાં રહેતી કલ્યાણબુદ્ધિ અને શુભ નિષ્ઠાથી વિશેષ મંગલકારી બની જાય છે. તેથી તન અને મનને થકવી નાખે એટલો વ્યાપક પ્રમાણમાં જૈન સંઘના જુદા જુદા ગચ્છો અને ફિરકાઓની વ્યક્તિઓ એમની પાસે મુહૂર્ત કાઢી આપવાની માગણી કરે છે. અને, એક ભાવનાશીલ સંઘનાયકને શોભે એ રીતે, તેઓ આવી માગણીને પૂરેપૂરો ન્યાય પણ આપે છે.

જવાબદારીભર્યા સંઘનાયક પદને ચરિતાર્થ કરી શકે એવા શાણપણ, ધીરજ, ઠરેલપણું, સમયજ્ઞતા, દીર્ઘદૃષ્ટિ, સમયસૂચકતા, વિચક્ષણપણું, પારગામી વિદ્વત્તા, પ્રવચનનિપુણતા, અદમ્ય ઈચ્છાશક્તિ, વ્યવહારકુશળતા, દૃઢમનોબળ વગેરે અનેક ગુણો અને શક્તિઓથી તેઓશ્રીનું જીવન સમૃદ્ધ બનેલું છે. અને તેથી જ શાસન ઉપર આવી પડતી આંતરિક તથા બાહ્ય કટોકટીને વખતે તેઓ સ્પષ્ટ અને પરિણામગામી માર્ગદર્શન આપીને શ્રીસંઘની રક્ષાના યશના ભાગી બની શકે છે.

શીળી અને પ્રશાંત એમની તાકાત છે. અને જે કંઈ કરવું હોય તે, વધુ બોલ્યા-ચાલ્યા વગર કે કોઈ પણ જાતનો આડંબર રચ્યા વગર, ચૂપચાપ કરી બતાવવાનો એમનો સ્વભાવ છે. જે કંઈ નિર્ણય કરવો હોય તે, જરાય ઉતાવળ કર્યા વગર, પૂરેપૂરો વિચાર કરીને તેઓ કરે છે. અને એકવાર અમુક નિર્ણય કરી લીધા પછી, ગમે તેવા ઝંઝાવાતની સામે પણ અડોલ ખડા રહેવાનું એમનું ખમીર છે. વળી વિવેકશીલતાની મર્યાદાને લોપ્યા વગર નિર્ભયતા અને

સ્પષ્ટવાદિતાને પોતાના જીવન સાથે વણી લેવાની એમની કળા અદભુત છે. અને જેઓ તેઓને પરાયા માનતા હોય એમને પણ પોતાના બનાવી દે એવી કરૂણાભરી હેતની સરવાણી એમના અંતરમાં નિરંતર વહેતી રહે છે. - અહિંસા, સંયમ અને તપોમય સમભાવની સાધનાનો જ આ પ્રતાપ છે.

આ ગ્રંથના પ્રવચનકાર આચાર્ય શ્રી અનેક ગુણો અને અનેક શક્તિઓથી શોભતા આવા મહાન સંઘ નાયક છે. એમની ધર્મવાણીની આ પ્રસાદીને અંતરમાં ઝીલવાનો પ્રયાસ કરીએ અને એમના સંઘનાયક પદનો લાભ જૈન શાસનને અને દેશને લાંબા સમય સુધી મળતો રહે એવી પ્રાર્થના કરીએ.

## પ્રશસ્તિ બની શ્રધ્ધાંજલિ

*આ પ્રશસ્તિ લખાઇ ત્યારે કોને ખબર હતી કે એ શ્રદ્ધાંજલિ બનવાની છે ! આ નોંધ લખી તે પછી દસ જ દિવસે તા. ૩૧-૧૨-૭૫ની સાંજે, ધંધુકા પાસેના તગડી ગામે, આચાર્ય મહારાજનો સ્વર્ગવાસ થયો ! તેઓ ગિરિરાજ શ્રી શત્રુંજ્ય ઊપર થનાર પ્રતિષ્ઠા માટે જ પાલીતાણા જઇ રહ્યા હતા. અને એ મહોત્સવના ભાવોલ્લાસમાં જ તેઓ મહાયાત્રાએ સંચરી ગયા ! આપણે ધારીએ છીએ શું અને કુદરત સર્જે છે શું ! કુદરતને કોણ પામી શક્યું છે !*

*તા. ૧૭-૩-૭૬ ર. દી. દેસાઇ*

# અરપું ભાવથી અંજલિ

-પૂ. મુનિ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મ.

(પૃથ્વી છંદ)

પ્રસન્ન મુખ જેહનું નિરખતાં જ હૈયું હસે,
હિતાય બહુજનતણાં મધુરી વાણી જેની વસે;
વિશાળ મન ચિંતવે સકળ જીવ સુખસંપદા,
બહુશ્રુત મુનીશ નન્દન પદામ્બુજે વન્દના. (૧)

ધરો સકલ શાસ્ત્રની વિષમ કૂટ પ્રશ્નાવલી,
મુહૂર્ત-વિષયો તથા અટપટી ગૂંચો ન્યાયની;
તુરંત પળ વારમાં હૃદય-બુદ્ધિમાં ઉતરે,
જવાબ મળતો અહીં નવકશી જ શંકા રહે. (૨)

હવે સ્થળ ન દીસતું વિષમ વાદ-ચર્ચા દ્વિધા,
વિવાદ ઝઘડો મતાન્તર ટળે ખુલાસા મળે;
વિપક્ષ તરફી ઘણા અસહ્ય હુમલાને હવે,
અભીક દૃઢ સત્ત્વથી સજડ ખાળશે કોણ હા ! (૩)

અહીં વિવિધ શાસ્ત્રના મરમજ્ઞાનીવર્યો ઘણા,
પરંતુ ગણરાજ નન્દન સમા ન એકે જડે;
વને પીપર લીંમડા વડ નગોડ ને બોરડી,
પરંતુ તરુરાજ તો સરસ આમ્ર એ આમ્ર છે. (૪)

અખંડ ગુરુભક્તિના અફર રંગથી દીપતા,
કુશાગ્ર પ્રતિભાબળે વિવિધ શાસ્ત્ર નીપજાવતા;
જિનેન્દ્ર-વરશાસને પરમ રાગને ધારતા,
સૂરીશ ! તવ નામને સમરશું હિમાંશુ સુધી. (૫)

ખરે જ ધન ધન્ય તે વિરહમાં સદા સાંભરે;
ચઢે વિમળ નામને કદીય કાળનો કાટ શું ? (૬)

# ભાવવંદના

પ. પૂ. મુનિ શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

(હરિગીત)

નિર્દંશ, નિર્મળ નીર શા, નિર્ભય અને નિર્દોષ જે,
વાત્સલ્યના ઘેઘૂર વડલા સમ, સુગુણના કોષ જે;
શાસનતણા શિરતાજ, ભાજન સજ્જનોની પ્રીતિનાં,
તે પૂજ્ય નન્દનસૂરિવરને ભાવથી કરું વંદના.....૧

ઉત્તુંગ ગિરિની ગોદમાં જયમ નીરનું ઝરણું વહે,
નિષ્પક્ષ ને નિર્દ્વન્દ્વભાવે ખેલતું હસતું રહે;
એમ જેમનાં હૈયે વિલસતી સંઘહિતની ભાવના,
તે પૂજ્ય નન્દનસૂરિવરને ભાવથી કરું વંદના....૨

હો ગચ્છ કે પરગચ્છનો, યા એક કે બે તિથિતણો,
વળી જૈન હો કે ઈતર હો, અનુકૂળ કે પ્રતિકૂળ હો;
પણ, મામકો આ પારકો - એવો ધરાવે ભેદ ના,
તે પૂજ્ય નન્દનસૂરવિરને ભાવથી કરું વંદના....૩

ચાહે ભલું જગ-જીવનું, કરુણા ધરે દુઃખી પ્રતિ,
નજરે ચઢે જો અન્યના અવગુણ, ઉવેખે એ પ્રતિ;
જેમાં જુએ એ સદ્ગુણો તેની કરે અનુમોદના,
તે પૂજ્ય નન્દનસૂરિવરને ભાવથી કરું વંદના....૪

કેવી અલૌકિક દીર્ઘદષ્ટિ ! સૃષ્ટિ શી સુવિવેકની !
શીળી અચલ ઓજસ્વી પ્રતિભા સંઘમાં એ એકની;
તેથી બન્યા બહુમાન્ય ને મૂર્ધન્ય શિષ્ટજનો તણા,
તે પૂજ્ય નન્દનસૂરિવરને ભાવથી કરું વંદના....૪

જે પ્રકૃતિથી ઋજુ સૌમ્ય ને વળી શાન્તરસ-હેમે રસ્યા,
ના બાહ્ય આડંબર રુચે, નિઃસ્પૃહપણે જે ઉલ્લસ્યા;
પરમતસહિષ્ણુ ને પુરસ્કર્તા સમન્વયવાદના,
તે પૂજય નન્દનસૂરિવરને ભાવથી કરું વંદના...૬

કવિરત્ન ને સિદ્ધાન્તમાં માર્ત્તંડ, શાસ્ત્રવિશારદ,
ને ન્યાયવાચસ્પતિ પ્રમુખ છે બિરુદ કેરી સંપદા;
પ્રજ્ઞાનિધાન મહાન, જે નિષ્ણાત ષડ્દર્શન તણા,
તે પૂજય નન્દનસૂરિવરને ભાવથી કરું વંદના...૭

જેણે સદા સેવ્યો અનાગ્રહભાવ નિજજીવન વિષે,
જે સંઘનાયક, તો ય ના અભિમાન લેશ હૃદય વિષે;
તેથી કરું તમ પાસ હે ! હું આશિષોની યાચના,
આવો, અમારાં દુઃખ કાપો નિરવધિ સંસારનાં....૮

(ગોધરા તા. ૧૯-૮-૭૭)

## "તમોને અંજલિ દઇએ આજ"

શ્રી પ્રવીણ વી. દેસાઇ, બોટાદ

**(તર્જ : દેખ તેરે સંસારકી હાલત)**

ચંદન જેવું જીવન તમારું, નંદનસૂરિ ગુરુરાજ, તમોને અંજલિ દઇએ આજ.
વંદન કરીએ ભાવ ધરીને, શાસનના શિરતાજ ! તમોને અંજલિ દઇએ આજ.
જન્મ ધર્યો બોટાદ નગરમાં, દીક્ષા લીધી નાની ઉમરમાં;
મુક્તિમંજિલ રાખી નજરમાં, દોટ મૂકી સંયમની સફરમાં;
જ્ઞાન મેળવ્યું ગુરુ કનેથી ભવ તરવાને કાજ, તમોને અંજલિ દઇએ આજ....૧

સાધનાનાં સોપાન વટાવ્યાં, સાધુજીવનના શિખરે આવ્યા;
ઊંચાં સ્થાન તમે શોભાવ્યાં, રત્ન સમાં કિરણો ફેલાવ્યાં;

ઝળહળ ઝળહળ જ્યોતિ જેવા જૈન જગતના તાજ, તમોએ અંજલિ દઇએ આજ....૨

વિદ્યા એવી કરી ઉપાર્જન, જ્યોતિષની દુનિયાના રાજન;
શિલ્પશાસ્ત્રમાં બન્યા મહાજન, નિષ્ણાતોના પ્રેમનું ભાજન;
વિદ્વાનોનાં હૈયા ઉપર તમે જમાવ્યું રાજ, તમોને અંજલિ દઇએ આજ....૩

આંટીઘૂંટી ઘણી ઉકેલી, શાસનની વિકસાવી વેલી;
સંપ અને સમજણની હેલી, સમાજમાં આપે સરજેલી;
બન્યો તમારે લીધે જગતમાં ઊજળો જૈન સમાજ, તમોને અંજલિ દઇએ આજ...૪

તમે વતનનું નામ દીપાવ્યું, ગૌરવવંતું સ્થાન અપાવ્યું;
ભારતભરમાં ખ્યાત બનાવ્યું, દુનિયામાં સઘળે ચમકાવ્યું;
નહીં ભૂલીએ તમે કર્યું જે કાર્ય અમારે કાજ, તમોને અંજલિ દઇએ આજ....૫

આપતણા જે કામ અધૂરાં, અમે કરીશું એને પૂરાં;
ધર્મકાર્યમાં થઇશું શૂરા, કર્મશિલાના કરશું ચૂરા;
દેવલોકથી સદાય દેજો અમને આશીર્વાદ, તમોને વંદન કરીએ આજ....૬

આકાશેથી રોજ સિતારો, ધરતી ઉપર ખરે બિચારો;
આજ ફર્યો ચક્કરનો આરો, આવ્યો છે ધરતીનો વારો;
પૃથ્વી પરથી એક સિતારો આજ ચડયો આકાશ, અમર હો નંદનસૂરિ મહારાજ.
ચંદન જેવું જીવન તમારું.......૭

# સૌના તારણહાર

સ્વ. શ્રી ભાલચન્દ્ર દયાશંકર કવીશ્વર, ખંભાત

(રાગ-દેશ)

નંદનસૂરીન્દ્રેશ્વર સૌના તારણહાર છે રે,
જ્ઞાનાગાર છે રે...નંદન.

વત્સલતાના એ તો સાગર, શીતલતામાં અપર સુધાકર;
સારસ્વત વૈભવના એ અવતાર છે રે....નંદન. ૧

ધરે સમસ્ત ઉપર એ સમતા, લોક બધા આવે છે નમતા;
અપૂર્વ શાન્તિતણા એ તો આગાર છે રે...નંદન. ૨

રાજસ; તામસ ને સાત્ત્વિક ગણ, દ્વન્દ્વાતીત બને ત્યાં એ પણ;
હૃદયગ્રન્થિભેદનતા ભારોભાર છે રે....નંદન. ૩

હિત મિત પ્રિય અમૃત સમ મીઠી, વાણી એ અન્યત્ર ન દીઠી;
નયન વિષે પ્રેમામૃત પારાવાર છે રે...નંદન. ૪

એ સૂરીન્દ્રનું દર્શન એવું, ચિત્તસમાહિતતાના જેવું;
શાસનનો અદ્વિતીય હીરક હાર છે રે...નંદન. ૫

સૂરિવરેણ્ય-સમાગમ સિદ્ધિ, કલ્પવૃક્ષની ત્યાં છે રિદ્ધિ;
મોક્ષમાર્ગમાં ત્યાં સૌનો સંચાર છે રે...નંદન. ૬

# શ્રદ્ધાંજલિ

**- શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ**

પડતા પંચમકાળનો પ્રભાવ કહો, કે કલિયુગની અસર કહો, અથવા તો કમનસીબ ભવિતવ્યતાનો કુયોગ જાગી ઊઠ્યો હોય- એ ગમે તે હોય-પણ છેલ્લાં ચારેક દાયકાથી જૈન સંઘમાં ખરી રીતે કહેવું હોય તો તપગચ્છ જૈન સંઘમાં, તિથિચર્ચાના રાહુએ ક્લેશ, દ્વેષ, કલહ, કંકાસ અને હુંસાતૂંસીના આવેશને જગવવામાં, પોષવામાં અને વિસ્તારવામાં જે વિઘાતક અને કમનસીબીભર્યો ભાગ ભજવ્યો છે, તે સુવિદિત છે. એવા અતિ ક્લેશમય વાતાવરણમાં પણ તપગચ્છ જૈન સંઘમાં સ્વસ્થપણે અને સાચી દિશાનું માર્ગદર્શન આપી શકે એવા જે અલ્પ-સ્વલ્પ શ્રમણ-ભગવંતો થઈ ગયા, તેમાં સ્વર્ગસ્થ આચાર્યપ્રવર શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજનું નામ અને કામ મોખરે છે, એમ કોઈને પણ લાગ્યા વગર નહિ રહે.

ચારેકોર રાગ-દ્વેષનું ક્લેશકારી વાતાવરણ જ પ્રવર્તતું હોય એવા અતિ વિષમય અને ચિત્તની વૃત્તિઓને ઉશ્કેરી મૂકે એવા ભારેલા અગ્નિ જેવા વાતાવરણ વચ્ચે પણ પોતા તરફથી ઝઘડા-કંકાસનું પોષણ ન થઈ જાય અને સાથે સાથે તપગચ્છ સંઘના એક તિથિવાળા શાંત અને સમજણા પક્ષની વ્યાજબી વાત બે તિથિવાળા પક્ષની ઝનૂની જેહાદને કારણે મારી ન જાય અથવા શિથિલ ન બની જાય, એ રીતે શ્રીસંઘને માર્ગદર્શન આપવાનું અને શ્રીસંઘને સાચી દિશામાં દોરવાનું કામ તલવાર અથવા ઊંચે આભમાં બાંધેલા દોરડા ઉપર ડગ ભરવા જેવું અતિ મુશ્કેલ છે. આવા મુશ્કેલ કામને એ વ્યક્તિ જ મનની શાંતિ, ચિત્તની સ્વસ્થતા અને હૃદયની કૂણી લાગણીઓને જરા પણ ક્ષતિ પહોંચાડ્યા વગર કરી બતાવી શકે કે, જેમણે પોતાના જીવનભર અહિંસા, સંયમ અને તપોમય શ્રમણ જીવનની અપ્રમત્ત સાધના કરીને પોતાના જીવનને તેજસ્વી, શક્તિશાળી અને કર્તવ્યપરાયણ બનાવ્યું હોય. શ્રમણસંઘની જે પ્રતાપી વ્યક્તિએ આવી સાધના દ્વારા પોતાના જીવનને ઉન્નત, ઉદાર અને કર્તવ્યનિષ્ઠ બનાવ્યું હોય તેને શ્રમણશ્રેષ્ઠ તરીકે જ બિરદાવવી ઘટે. આચાર્યદેવ શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ એક શ્રમણશ્રેષ્ઠ અને મહાન પ્રભાવક સાધુપુરુષ હતા.

આવા શ્રમણશ્રેષ્ઠ જે મહાપુરુષ પ્રભુના ધર્મશાસનની ધર્મધુરાને વહન કરતા હોય અને ભગવાનના ધર્મસંઘને સાચી દિશામાં દોરતા રહેતા હોય અને એ પોતાના ઊંઘ કે આરામની પણ ખેવના ન કરતા હોય, એમનો ઉપકાર આપણે શબ્દોથી કેવી રીતે માની શકીએ ?

તેઓનું વતન સૌરાષ્ટ્રમાં બોટાદ ગામ. એમના પિતાનું નામ શ્રી હેમચંદ શામજી શાહ; એમનાં માતાનું નામ શ્રીમતી જમનાબહેન. જ્ઞાતિ દસા શ્રીમાળી જૈન. એમનો જન્મ વિ.સં. ૧૯૫૫ માં. એમનું નામ નરોત્તમ. કુટુંબ આખું ધર્મના રંગે રંગાયેલું. એ સંસ્કારો નરોત્તમમાં નાની ઉંમરે જે સંયમ અને વૈરાગ્ય તરફની પ્રીતિરૂપે ખીલી નીકળ્યા; ત્યાગ-વૈરાગ્યના આ સંસ્કારો એવા પ્રબળ હતા કે માત્ર ૧૫ વર્ષની ઉંમરે જ, વિ. સં. ૧૯૭૦માં શાસનસમ્રાટ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય શાંતસ્વાભાવી આચાર્ય શ્રી વિજયોદયસૂરિજી મહારાજના શિષ્ય તરીકે, મુનિ શ્રી નંદનવિજયજીના નામે, એમણે દીક્ષા લીધી. દીક્ષા પછી મુનિ શ્રી નંદનવિજયજીએ જ્ઞાન અને ચારિત્રની ઉત્કટ આરાધના કરીને એવી યોગ્યતા મેળવી કે શ્રીસંઘે એમને અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે જ આચાર્ય પદવી અર્પણ કરી.

માત્ર અઠ્ઠાવીસ વર્ષની, પ્રમાણમાં નાની અને નવયુવાન કે ઊછરતી કહી શકાય એવી વયે આચાર્યપદ જેવા જૈન શાસનમાં રાજા તરીકેનું ગૌરવ ધરાવતા પદનો જેમના ઉપર અભિષેક કરવામાં આવ્યો હશે, એમનો બાહ્ય તથા આભ્યંતર વિકાસ કેટલો બધો થયો હશે! આવી મહા જવાબદારીથી અલંકૃત થનાર આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે પોતાના ગુરુજનોની તથા શ્રીસંઘની ખૂબ ખૂબ કૃપા અને લાગણી મેળવી હશે ત્યારે જ આ પ્રમાણે બની શક્યું હશે એ કહેવાની જરૂર નથી.

ત્રણ વીસી (બાસઠ વર્ષ) કરતાં પણ વધુ સમયની સાધુજીવનની અખંડ સાધના માટેની સંયમયાત્રા અને લગભગ અરધી સદી (ઓગણપચાસ વર્ષ) જેટલાં સુદીર્ઘ સમય સુધી સફળતાપૂર્વક અને યશસ્વી રીતે નિભાવી જાણેલી આચાર્યપદની જવાબદારી સૌકોઈના સ્વર્ગસ્થ આચાર્ય મહારાજ પ્રત્યેનાં આદર અને ભક્તિમાં વિશેષ ઉમેરો કરે એવી તથા એમના પ્રત્યેની કૃતજ્ઞતાની લાગણીને વધારે વ્યાપક બનાવે એવી છે.

શ્રીસંઘના એક સમર્થ સુકાની તરીકેનું જીવન જીવીને, પોતાની આસપાસ વાત્સલ્ય, કરુણા અને મૈત્રીભાવનું સર્વમંગલકારી વાતાવરણ રેલાવીને અને ચતુર્વિધ શ્રીસંઘના હૃદયના સ્વામી તરીકેનું વિરલ ગૌરવ મેળવીને સ્વર્ગના માર્ગે પ્રયાણ કરી ગયેલા આચાર્ય મહારાજ તો પરમ કૃતાર્થ બની ગયા, પરંતુ સાચી, શક્તિશાળી અને ધ્યેયલક્ષી સાધુતાની બાબતમાં રંક બની રહેલ આપણો સંઘ વિશેષ રંક બની ગયો !

("જૈન" સાપ્તાહિકના અગ્રલેખમાંથી)

# ઉચ્ચ કોટિની ભાવનાવાળા જ્યોતિર્ધર

**- સ્વ. પ. પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ**

શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ મહાન જ્યોતિર્ધર હતા; સાથેસાથે આગમોના ઊંડા જ્ઞાતા પણ હતા. પોતાનું વ્યક્તિત્વ અનોખું હોવા છતાં સરળતા, મધુરતા આદિ અનેક ગુણોથી તેઓનું જીવન ફૂલેલા ફૂલ જેવું સુગંધમય હતું.

गुणाः गच्छन्ति दूतत्वं दूरेऽपि वसतां सताम् ।

केतकीगंधमाघ्रातुं स्वयं यान्ति हि षट्पदाः ॥

ગુણો દૂતનું જ કામ કરે છે; ભલે સંત પુરુષો દૂર હોય પણ કેતકીના ગંધને ગ્રહણ કરવાને માટે સ્વયં ભમરાઓ આવે છે તેમ, આ મહાપુરુષ ભલે આપણાથી દૂર બેઠા હોય, છતાં તેઓના ગુણોની સુવાસ ભારતના ખૂણે ખૂણે ફેલાયેલી હોય છે. કોઈ પણ પ્રતિષ્ઠા, દીક્ષા વગેરે ઉત્સવોનું શુભ મુહૂર્ત આ મહાપુરુષ કાઢે એટલે મહોરછાપ મળી કહેવાય એવું એમનું વ્યક્તિત્ત્વ હતું.

અમારા પંજાબકેસરી શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી અને શ્રીવિજયનંદનસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં વાત્સલ્યભર્યું વાતાવરણ ચાલ્યું આવે છે, તેમાં કોઈ શંકા જેવું નથી. શ્રીવિજયનંદનૂસરિ મહારાજ અને તેઓના વડીલો સાથે લાંબા સમયનો સંપર્ક હોવાથી અમારા માટે આ મહાપુરુષનો ધર્મસ્નેહ ગાઢ હતો. સમાજનાં કોઈ પણ કાર્યોમાં ગૂંચ જેવું જણાય ત્યારે તેઓ એકબીજાની સાથે પરામર્શ કરી, જરૂરી સલાહસૂચના આપતા અને જટિલ પ્રશ્નોને ઉકેલી આપતા. તેઓએ પોતાના વડીલોની માફક, અમારા ઉપર ચાલુ સમયે પણ તેવો જ મીઠો સંબંધ જાળવી રાખ્યો હતો. આવા મહાન જ્યોતિર્ધર અમારી વચ્ચેથી વિદાય થયા તે ક્ષતિ ન પુરાય તેવી મોટી છે. આચાર્યો માટે 'સંબોધ સત્તરી' માં કહ્યું છે કે:

तित्थयरसमो सूरी सम्मं जो जिणमयं पयासेइ ।

आणाइ अइक्कंतो सो कापुरिसो न सप्पुरिसो ॥

જે આચાર્ય જિનમતનું સારી રીતે પ્રકાશન કરે તેમને તીર્થંકર સમાન કહ્યા છે અને જે જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરે તેને સત્પુરુષ નહિ પણ કાપુરુષ જ સમજવો.

આ મહાન જ્યોતિર્ધર પણ જિનેશ્વરના શાસનને ઉન્નત કરવાની ઉચ્ચ કોટિની ભાવનાવાળા

હતા, એમાં સંદેહ જેવું નથી - અમને તેઓના પરિચયથી આ વાત જણાય છે. તેમની સાથે અનેક વાર મધુર મિલન થયું છે. નાના - મોટા સૌને પ્રિય, મધુર, અર્થથી સંકલિત, શાસ્ત્રાનુસાર, આગમાનુસાર અને સમયને ઓળખીને વાત કરવાની આ મહાપુરુષમાં આવડત હતી. તેઓ નીડર પણ હતા; કોઈની વાતોમાં આવીને દબાઈ જવાનું એમના સ્વભાવમાંજ ન હતું. સ્પષ્ટવકતા તરીકેના ગુણથી તેઓનું જીવન સભર હતું. તેઓની સાધના પણ ઉચ્ચ કોટિની જોવામાં આવતી હતી. બધા ઉપર એકસરખો પ્રભાવ અંત સમય સુધી ચાલુ રહ્યો હતો. અંતસમયે સિદ્ધાચલ બાજુ પ્રતિષ્ઠા માટે જતાં તગડી મુકામે આપણાથી સદાને માટે જુદા થયા, પણ ગુણોની સુવાસ મૂકતા ગયા. ચાલતા ચાલતા ચાલ્યા ગયા; પ્રયાણ પણ સિદ્ધાચલ બાજુનું હતું.

એકેકું ડગલું ભરે, સિદ્ધાચલ સામે જેહ;
''રૂષભ'' કહે ભવ કોટિનાં, કર્મ ખપાવે તેહ.

આ ઉક્તિને આ મહાપુરુષે સાચી પુરવાર કરી બતાવી એમ લાગે છે. એમનું આ પ્રયાણ મહાપ્રયાણ જ ગણાય. અને તેમાં પણ સોનામાં સુગંધ જેવું એ બન્યું કે શ્રી શત્રુંજય ગિરિરાજના સોળમા ઉદ્ધાર પછી આશરે સાડા ચારસો વર્ષ બાદ દાદાની ટૂંકમાં બનેલ નૂતન જિનાલયની પ્રતિષ્ઠા જેવા અપૂર્વ મહોત્સવની ઉજવણી કરાવવા તેઓએ પ્રયાણ કર્યું અને એવી ઉત્તમોત્તમ ભાવના ભાવતાં ભાવતાં જ મહાપ્રયાણ કરી ગયા, એમણે અનેક પ્રતિષ્ઠાઓ કરાવી, અનેક પ્રતિષ્ઠાનાં મુહૂર્તો આપ્યાં અને છેવટે પ્રતિષ્ઠાના પંથે જતાં જતાં જ ચાલ્યા ગયા, એ એક શુભ યોગ નહિ તો બીજું શું ? આ તો અતિ શુભ યોગ જ કહેવાય !

એ મહાપુરુષ ભલે આપણી વચ્ચેથી ચાલ્યા ગયા, પણ તેઓનાં કાર્યોની સુવાસ મૂકતા ગયા; તે કાયમ અમર રહેશે, એમાં કોઈ સંશય જેવું નથી.

# શાન્તિનું પરમ તીર્થ

(હરિગીત)

- લે. પૂ. આ. શ્રી વિજય શીલચન્દ્રસૂરિજી

નિર્દંશ, નિર્મળ નીર શા, નિર્ભય અને નિર્દોષ જે,
વાત્સલ્યના ઘેઘુર વડલા સમ, સુગુણના કોષ જે;
શાસન તણાં શિરતાજ, ભાજન સજ્જનોની પ્રીતિનાં,
તે પૂજ્ય નન્દનસૂરિવરને, ભાવથી કરું વંદના.

જેનું સાંનિધ્ય પામીને જીવને શાતા વળે, એના આંતરિક સંતાપો ઉપશમે અને એનાં ચિન્તા, કંટાળો અને હતાશા વિલીન થાય, એનું નામ તીર્થ.

મેં આવાં બે તીર્થો જોયાં છે : એક, શ્રી શત્રુંજય મહાતીર્થ; બીજું પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ.

એક સ્થાવર તીર્થ, બીજું જંગમ તીર્થ.

મારી જ વાત કરું તો, હું ગમે તેટલો કંટાળ્યો હોઉં, માનસિક થાક અને પરિતાપ વેઠીને નિરાશા તરફ ગતિ કરતો હોઉં, એવી અનેક ક્ષણોએ મને આ બન્ને તીર્થોનું સાક્ષાત્ કે સ્મરણરૂપે સાંનિધ્ય સહજ મળી આવતાં મેં મારી નિરાશાને આપમેળે નાશ પામતી જોઇ છે, અંતરને પ્રસન્ન બની જતું જોયું છે અને થાક અને પરિતાપને ઓગળી જતા અનુભવ્યા છે.

આ જ અનુભવ અન્ય વ્યક્તિઓને પણ થયો છે અને એનાં પણ ઉદાહરણ મેં જાણ્યાં છે.

અહીં હું પૂજય આચાર્ય મહારાજ શ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મહારાજનું સ્મરણ સ્તવન કરીશ.

સ્વામી આનંદે એક ઠેકાણે લખ્યું છે : "જો તને પથ્થરમાંથી મોતી પકવવાનો ઊંચો કસબ આવડ્યો તો તેટલા પર તું છકીને નાદાન ન બનતો; કેમ કે એથીયે ચડિયાતો કીમિયો સંતો પાસે હોય છે - માણસના દિલમાંનાં વેરઝેર કાઢી નાંખવાનો."

આ શબ્દો મેં વાંચ્યા, તે ક્ષણે મને પૂજ્ય આચાર્ય મહારાજનું સ્મરણ થયું. એમના સ્વભાવ વિષે ઘણાંને ઘણા અનુભવો ભલે થયા હોય, પણ મને એમના સ્વભાવનો પરિચય આવો જ

- માણસનાં દિલમાંનાં વેરઝેર કાઢી નાંખનાર કીમિયાગરરૂપે - થયો છે. એમના સતત અંતરંગ પરિચયે મેં એમનામાં સરળતાનો દરિયો ઘુઘવતો જોયો છે, સમતા અને સૌમ્યભાવનાં અક્ષય નિધાન નિહાળ્યાં છે, બહુ જ સીમિત એવી વૈયક્તિક તથા સામુદાયિક બાબતોથી માંડીને ગચ્છ, સંપ્રદાય, ધર્મ અને સમાજને સ્પર્શતી તમામ બાબતોમાં એમના ખુલ્લા દિલને, એમની ખેલદિલી તથા નેકદિલીને પ્રગટતી ને વહેતી અનુભવી છે, લાગણીનું અમી છલકાતું માણ્યું છે. સાચી સાધુતાનાં મધુર મિશ્રણવાળું આવું અમી, આવું વાત્સલ્ય ફરી ક્યારે સાંપડશે?

# પ. પૂ. આ. શ્રી. વિજયનન્દનસૂરિજી મહારાજની જીવન સાધના

- પૂ. મુનિ શ્રી શીલચંદ્રવિજયજી (હાલ આચાર્ય)

કેટલાક માણસોને જીવનની ઊગતી પરોઢે જ જીવનનો કોઈ અગમ સાદ સંભળાતો હોય છે. અંતરતલમાંથી ઊઠતો એ સાદ ક્યારેક અધવચાળ જ અટકી કે મુરઝાઈ જાય છે. તો કેટલાક બનાવોમાં એ સાદ, નાદનું રૂપ લઈને આતમરામનાં ઘરબારણે આવીને આતમને જગાવી મૂકે છે ને સાદ સાંભળીને આતમને એ અનુસાર વર્તવા - જીવન ઘડવા પ્રેરે છે. એવે વખતે એ સાદ, સાદ નથી રહેતો, એ તો એ આતમરામના જીવન ઘડતરના પાયાની પહેલી ઈંટ બની જાય છે.

આવો જ સાદ આચાર્યશ્રી વિજયનંદનસૂરિજીને બહુ વહેલી વયે - જ્યારે બીજા બાળકો કુતૂહલ ને તોફાનમસ્તી માણતા હોય તેવી - ૧૨ વર્ષની ઉંમરે - સંભળાયો હતો. એમના જિંદગીના અનાહતનાદ બની ગયેલા એ સાદનું દેહવર્ણન આથમતી ઉંમરે એકવાર એમણે આ રીતે કરેલું. ''મોટા મહારાજ (નેમિસૂરીશ્વરજી મહારાજ)નું બોટાદના સંઘે કરેલું એ સામૈયું, આજેય આંખ આગળ તરે છે. (સંવત) ૧૯૬૬ પછી આજ સુધી એવું સામૈયું બોટાદે જોયું નથી. એ સામૈયું જોઈને મારા હૈયે થયું : અલ્યા જીવ ! ચાલ, તુંય દીક્ષા લઈ લે; તારેય આવા મોટા ધર્માચાર્ય થવાનું છે ને આવી જ ધર્મપ્રભાવના તારે કરવાની છે.''

બાર વરસના નરોત્તમના મનનો આ માત્ર વિચાર હતો એવું નથી. આ તો એને સંભળાયેલો જીવન-સાદ હતો - એના સંસ્કારોએ ઊગાડેલો ને એના ઉન્નત - ઊર્ધ્વમુખ ભવિષ્યે જ જાણે સરજેલો !

અને હવે કલ્પના કરો : પાટ ઉપર બેઠેલા જૈનાચાર્ય શ્રી વિજયનંદનસૂરિજી, રોજના

અનેક ધર્મમુહૂર્તો જોઈ આપવા સાથે ધર્મભીની જનતાને આશીર્વાદ આપી રહ્યા છે; ક્યારેક એ સંઘના આગેવાનો સાથે મહત્ત્વની વાતો કરતા ને સલાહ આપતા દેખાય છે; ક્યારેક નાના બાળકો સાથે ખિલખિલાટ - નિર્દોષ હાસ્ય ફેલાવતાં જોવાય છે; ક્યારેક પચીસમી વીર નિર્વાણ શતાબ્દી અને એવાં સંઘનાં કાર્યોની દોરવણી આપતાં જોવાય છે; તો ક્યારેક વળી ધર્મનાં સારરૂપ રહસ્યોને ઉપદેશતાં નિહાળાય છે તો ક્યારેક સાધુઓને ભણાવતા અને સારવાર કરતાં જોવા મળે છે. અને આ બધાં વિવિધ સ્વરૂપોમાં પણ એમની સાધુતાનાં ને એના પ્રાણ સમી સમતાનાં દર્શન એક અને અખંડરૂપે થયા જ કરે છે.

આ તો એક કલ્પના છે. કલ્પના પણ જો આટલી રમ્ય ને રોમાંચક હોય તો એનું સાક્ષાત્ દર્શન કેવું ભવ્ય હશે ! શ્રી વિજયનન્દનસૂરિજીના આવાં રોમાંચકારી દર્શને પ્રતીતિ થાય છે. કે એમને નાનપણમાં સંભળાયેલા જીવન-સાદને નિજજીવનમાં ઊતારી - અનુસરીને ચરિતાર્થ કરવા તેઓ પ્રતિપળ કટિબદ્ધ છે. અને એ સાથે જ લાગે છે કે એમને વહેલી ઉંમરે સંભળાયેલો એ સાદ, અધવચ્ચ અટકી નથી ગયો, ચિમળાઈ જવા નથી પામ્યો. બલ્કે એ તો નાદસ્વરૂપે ઉત્તરોત્તર આગળ વધીને - વિકસીને એમના જીવનને ઘડતો જ ગયો છે, ઘડતો જ ગયો છે.

દેખીતી રીતે શ્રી વિજયનન્દનસૂરિજીનો જન્મ ભલે સં. ૧૯૫૫માં થયો હોય, છતાં એમનો ખરો જન્મ તો જ્યારે એમણે દીક્ષા લીધી ત્યારે સં. ૧૯૭૦માં થયો. અલબત્ત, એ એમનો આંતરજન્મ હતો. અને વાત પણ સાચી છે કે માણસનો સ્થૂલ જન્મ ભલે ગમે ત્યારે થાય, એનો આંતરજન્મ તો એણે જીવન ધ્યેય તરીકે સ્વીકારવા ધારેલા ગુણનો ઊગમ થાય અથવા કાર્યનો આરંભ થાય ત્યારે થતો હોય છે. શ્રી વિજયનન્દનસૂરિજીને સં. ૧૯૬૬ માં પ્રતીત થયેલું જીવન ધ્યેય-સાધુત્વ છેક ૧૯૭૦માં અમલી બન્યું. ત્યાં સુધી એ ખૂબ ઘૂંટાતું રહ્યું. વધુ ઘૂંટાયેલો અક્ષર જેમ ભરાવદાર અને મરોડદાર બને છે એમ એમનું જીવન ધ્યેય પણ આમ થવાથી વધુ દૃઢ અને ચિરસ્થાયી મૂલ્યવાળું બન્યું.

એમની ઘૂંટવાની રીત પણ સાવ નોખી. કેમ કે પેલા જીવન-સાદની પ્રેરણા એવી તો બળવત્તર હતી કે મનમાં થયા જ કરે કે ક્યારે મારાં જીવન ધ્યેયને આંબી વળું ને એને હાથવગું કરી દઉં ! આમ કરવામાં અવરોધો પાર વગરના હતા. ઘરની રજા મળવી દુર્લભ હતી. એટલે આમણે અંતરમાંથી આવતી પ્રેરણાને ઘૂંટવાનો અને એ રીતે એને ન્યાય કરવાનો નવો રસ્તો અખત્યાર કર્યો. એ વારંવાર નાસભાગ કરવા માંડ્યા. એમ કરવા જતાં રખડવું પડ્યું. ઘણીવાર ભૂલ થઈ જતાં પકડાયા. પકડાયા તો જૂઠું પણ બોલ્યા-બોલવું પડ્યું-

મનમાં રંજ સાથે. ભયને લીધે આમ કરવું પડેલું. પણ વારંવાર ઘૂંટાતો અક્ષર જેમ એકવાર ખરેખર સાચો લખાઇ જાય છે તેમ આમનો પ્રયત્ન એકવાર ફળી ગયો ને એ પોતાનાં ધ્યેયરૂપ સાધુત્વને આંગણે આવી ઊભો.

સાધુ બન્યા પછી તો એમણે હરણફાળ ભરી. નવા જન્મેલા બાળકની જેમ પોતાના નવી જિંદગીના સંસ્કારો ઝીલવામાં એમણે ભારે તત્પરતા દાખવી. ને જોત જોતામાં તો ભણતરના, વિનયના, સેવા ભક્તિના, સદાચારના ને સાધુતાના સંસ્કારો એમના જીવનમાં એકતારરૂપે વણાવા લાગ્યા. સામાન્ય રીતે જોઇએ તો સંસ્કાર સ્વીકારની આ પ્રક્રિયા જીવનના અંત સુધી ચાલે છે, ને માનવી નિત નવા સંસ્કારોને ઝીલતો જ રહેતો હોય છે, પણ જે સંસ્કારોનાં જેટલાં પ્રમાણથી જીવન, જીવન કહી શકાય તેવું બને, અથવા જીવનમાં વિશિષ્ટતા આવે, તેવાં સંસ્કારોના ઘડતરની એમની પ્રક્રિયા બાર વરસ ચાલી, એમની એ પ્રક્રિયાની સફળતાએ ગુરુજનોને આકર્ષ્યા અને બાર વરસના ટૂંકામાં ટૂંકા કહી શકાય એવા ગાળામાં એમના સંસ્કાર ઘડતરે એમને આચાર્યપદ સુધી પહોંચાડ્યા. ને ત્યારે લોકોને પ્રતીતિ થઇ કે જીવનનો અનાહત સાદ જેને સંભળાય છે તેનું ચરિત કેવું વિશિષ્ટ હોય છે.

એમની સાધુતાની ને સમતાની સાધનાનો વિકાસ કાંઇક આવો છે :-

એમને ગુસ્સે થતાં ઘણાએ જોયા હશે પણ એ ગુસ્સા પાછળ સ્વાર્થ, કદાગ્રહ, દ્વેષ, તિરસ્કાર કે કોઇનું અહિત કરવાની વૃત્તિ હોય એવું કોઇ નહિ કહી શકે. એમનો ગુસ્સો પણ કલ્યાણકર હતો. કેમ કે એની ભૂમિકામાં કોઇનું હિત કરી છૂટવાની વૃત્તિ રહેતી ને સિધ્ધાન્ત પાલનની ચુસ્તતા રહેતી. અને પરહિતચિંતા તેમજ સ્વીકૃત સિદ્ધાન્તમાં દૃઢતા એ જ તો સાચી સાધનાનાં સ્વરૂપો છે.

અભિમાન એમનામાં હતું, પણ એ 'અહં' કોટિનું નહિ પોતાની જાતને એમણે કાયમ પામર અને અકિંચિત્-અકિંચન લેખી છે. એમને અભિમાન એક જ વાતનું હતું અને તે પોતાના દેવ, ગુરુ અને ધર્મ સિદ્ધાંતોનું. આ બાબતોનું અભિમાન હોય-હોવું જ જોઇએ એ સહજ હતું. કેમ કે એ ત્રિપુટી તો એમની જીવન-સાધનાના પ્રમુખ કેન્દ્ર સમી હતી. એ અભિમાનને તો અભિમાન નહિ, પણ ગૌરવ કહેવું ઘટે.

સરળતા અને નિરીહતા, આ બે એમની સાધનાની પરમ ઉપલબ્ધિઓ હતી, કોઇ જાતનો આડંબર કે દેખાવ એમને ન ગમતો. એને એ દંભ માનતા. નિખાલસ વર્તન, નિખાલસ વાત ને નિખાલસ વિચાર, આ એમને સહજસિધ્ધ હતા અને નિઃસ્પૃહતા તો એટલી કે હું કહું છું

તેજ-મારી વાત જ-સાચી, એવો આગ્રહ પણ એમણે કદી સેવ્યો નથી. એ તો કહેતા : ''સાચું એ મારું, પણ મારું એ જ સાચું નહિ.'' આવા અનાગ્રહી, ઉદાર માણસમાં બાહ્ય પદાર્થો તરફ મૂર્છા કે આસક્તિ કઈ રીતે સંભવે ? એમને, 'પોતાનો કક્કો જ ખરો; પોતે માને - સમજે - સ્વીકારે તેજ સાચું, સારું, શાસ્ત્રસંમત' - એવું માનનારા અને એવી પોતાની માન્યતાને નહિ સ્વીકારનારને સતાવનારા લોકો પ્રત્યે આ જ કારણે અનુકંપા જાગતી.

અને, આ બધી વસ્તુઓનાં સાર દોહનરૂપે, અને ખરૂં કહો તો પોતાની જીવન-સાધનાના પરિપાકરૂપે એમણે મેળવેલી ચીજ તે પરમતસહિષ્ણુતા અને સર્વમતસમન્વય, બીજાના વિચારો સાંભળવા, તે પર વિચાર કરવો, યોગ્ય લાગે ત્યાં અને ત્યારે એનો સ્વમત સાથે સમન્વય કરવો, આ એમની, અન્યત્ર જોવા ન મળે એવી લાક્ષણિક્તા હતી. આ જ લાક્ષણિક્તાએ એમની પાસે જૈન દર્શન સિવાયનાં અન્ય તમામ ધર્મ દર્શનોનું અધ્યયન-અવગાહન કરાવ્યું છે ને એમનાં વર્તનમાં ને પ્રવચનોમાં પણ સમન્વયવાદનું સિંચન કર્યું છે.

સોળ વર્ષની ઉમરે દીક્ષા. દીક્ષાના બાર વર્ષે આચાર્યપદ, અને એ પદ પણ બે-પાંચ દસ નહિ, પણ પચાસ વર્ષો સુધી અખંડ ભોગવ્યું; માત્ર ભોગવ્યું જ નહિ, એક સંઘ નાયકને છાજે એવી રીતે એની ઉપાસના અને એનો યથાર્થ ઉપયોગ કરી જાણ્યો. ને છેવટે અઠયોતેર વર્ષની ઉંમરે જીવનને, જળોજથા કે જંજાળની જેમ નહિ, પણ ગળે પહેરેલી ફુલની માળાની જેમ ઉતારીને મૂકી દીધું. આ બધું એમના જીવનની સાધનાનું, એમની સાચી સાધુતાનું ને સમતાનું પરિણામ ગણવું જોઈએ. અને એ પરિણામનું મૂળ વિચારીએ છીએ ત્યારે પેલો જીવન-સાદ જે એમને બહુ વહેલી વયે સંભળાયો હતો તે હોય એવું લાગ્યા વિના નથી રહેતું.

આપણને પણ એવો જીવન-સાદ સંભળાય, એવી પ્રાર્થના, આવા સાધુ-પુરુષોની સાધનાનું સ્તવન આલેખન કરતી વેળાએ કરીએ તો, તે અસ્થાને નથી.

# સમર્થ સંઘનાયક

- પૂ. આ. શ્રી વિજયશીલચંદ્રસૂરિજી

પ. પૂજ્ય આ. શ્રી નન્દનસૂરિ મહારાજ

વીસમી સદીના પૂર્વાર્ધના, જૈન સંઘના અને તપગચ્છના ધોરી પુરુષ.

શાસન અને સંઘ મૂળભૂત રીતે સરળતા, અનાગ્રહતા, પવિત્રતા અને ઉદારતા જેવાં ઉમદા ગુણોના પાયા પર રચાયેલા આરાધ્ય તત્ત્વો છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં આ ઉમદા તત્ત્વો પર પ્રહાર કરનારા અને દંભ, પ્રપંચ, કદાગ્રહ, સંકુચિતતા, અપવિત્ર આચાર-વિચારો વગેરેનો પુરસ્કાર કરનારા અમુક આત્માઓ આપણે ત્યાં ઉદ્ભવ તેમ જ ઉદય પામ્યા. આ આત્માઓની તથા તેમના દ્વારા પુરસ્કાર પામતાં દંભ-કદાગ્રહ - અનાચાર જેવાં તત્ત્વોની જેમ જેમ તરક્કી થતી ગઇ, અને સમાજ પર તેમની પકડ વધતી ગઇ, તેમ તેમ આપણા સંઘમાં ક્લેશ, કષાયો, ઉદ્વેગ, વિસંવાદ, તોફાનો વગેરેની ઝડપભેર વૃદ્ધિ થતી ગઇ. પરિણામે, ૫૦૦ વર્ષમાં ન જોયેલ અને ન થયેલ હાનિ આ સંઘે વીતેલા છ - સાત દાયકાઓ દરમ્યાન અનુભવી.

પરંતુ આવા દંભી, અયોગ્ય અને અત્યાગ્રહી તત્ત્વોના જોરની સામે ખુલ્લી છાતીએ પડીને તેમને ઉઘાડા પાડનારા, તેમને ફાવવા ન દેનારા એવા પણ કેટલાક મહાપુરુષો આ સમયમાં સંઘને સાંપડ્યા, જેમાં પૂજ્ય નંદનસૂરિ મહારાજનું નામ પ્રથમ હરોળમાં પણ પહેલા ક્રમે આવે છે.

આ મહાપુરુષમાં જોવા મળતી ચાર-પાંચ મુખ્ય બાબતો આ હતી : તેઓ ભવભીરુ હતા; વાત્સલ્યના મહાસાગર હતા; સરળતા અને હૃદયની વિશાળતા તેમની 'અનન્ય' હતી; અજોડ ગુરુ ભક્ત હતા; શાસન પ્રત્યેની અવિહડ નિષ્ઠા અને સૌના મંગલ-કલ્યાણની સતત ખેવનાથી તેમનું હૃદય રસાયેલું હતું.

આ મહાપુરુષ શાસ્ત્રો અને આગમોનાં સઘળાં રહસ્યોના મર્મજ્ઞ, જ્ઞાતા-પારગામી હતા. આમ છતાં, પોતાના હરીફોની જેમ તેમણે કદાપિ, શાસ્ત્રનો શસ્ત્રલેખે- બીજાઓને પછાડવા-પજવવા-ઊતારી પાડવામાં પ્રયોગ કે ઉપયોગ કર્યો નહિ. તેમનો સ્પષ્ટ મત હતો; શાસ્ત્રો એ આપણે તરવાનું-આત્મસાધનાનું માધ્યમ છે; અન્યોને પછાડવાનું કે બળજબરીનું નહિજ.

વસ્તુતઃ આવા મહાપુરુષ જ ગીતાર્થ અને શાસનના ધોરી હોઇ શકે તથા નીવડી શકે.

એમની આવી સજ્જતાનું સીધું પરિણામ એ આવ્યું કે અયોગ્ય અને શાસનદ્રોહી તત્ત્વો દ્વારા થતાં તિથિ, તીર્થ, સામાચારી, ઇત્યાદિ વિષયો પરનાં અસત્ય - અસભ્ય આક્રમણો છતાં, આ મહાપુરુષના નેતૃત્વ હેઠળ સકળ સંઘ અને તપગચ્છ અક્ષત-અભંગ-અતૂટ અને અડીખમ રહી શક્યો; શાસ્ત્ર - પરંપરાની અણીશુદ્ધ વફાદારી જાળવી શક્યો અને વિરાધક માર્ગે ચડવાથી બચી શક્યો.

બીજા આત્માઓ જ્યારે પોતાના 'પુણ્ય' ના રાસડા લેવડાવતા હતા, બિરદાવળી ગવડાવતા હતા, અને પોતાના પુણ્યનો યથેચ્છ ઉપભોગ, સમાજહિતના ભોગે, કરતા હતા, ત્યારે આ મહાપુરુષે પોતાના પુણ્યનો ઉપયોગ સંઘની અખંડિતતા, શાસ્ત્ર -પરંપરાની રક્ષા અને શુદ્ધ માર્ગની જાળવણી કાજે જ કર્યો; અને પોતે એક સંત કે ફક્કડ ફકીર સરીખું જીવન ગુજાર્યું; જે પુણ્યભોગના આ વિષમ જમાનામાં અસામાન્ય અને વિરલ ઘટના જ ગણાય.

આ મહાપુરુષની છત્રછાયા તળે સમગ્ર જૈન સંઘ અને સમગ્ર તપાગચ્છ એક પ્રકારની શાતા અને આશ્વાસનનો અનુભવ કરતો રહ્યો.

જૈન સંઘના આશ્રયે અસંખ્ય દેરાસરો, ઉપાશ્રયો, ધર્મસ્થાનકો તથા ધર્મકાર્યો થયાં અને થાય છે. આપણી એક શાસ્ત્રસિદ્ધ માન્યતા અનુસાર, પ્રત્યેક પરિસ્થિતિ/પ્રવૃત્તિમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ તથા ભાવ કારણપણે વર્તે છે. આ ચારમાં 'કાળ' પણ એક મહત્ત્વપૂર્ણ પરિબળ ગણાય. શુભ કાર્યોમાં આ 'કાળ' તત્ત્વ શુભ મુહૂર્તરૂપે આવશ્યક અથવા તો અનિવાર્ય અંગ બને છે. શુભ મુહૂર્ત વિના થતાં શુભ કાર્યો ભાગ્યેજ સફળ કે સર્વથા ફળદાયક બની શકે. આ દૃષ્ટિએ વિચારતાં શુભ મુહૂર્ત કાઢી આપવું એ સંઘ ઉપર એક અસામાન્ય ઉપકાર ગણાય.

પૂજ્યપાદ નન્દનસૂરિ મહારાજ આ સંદર્ભમાં સકલ સંઘના પરમ ઉપકારી પુરુષ હતા. તેમનાં મુહૂર્તો એ એક વિશિષ્ટ આલંબન મનાતું. તેમનું મુહૂર્ત મેળવવા માટે સ્વપક્ષ જ નહિ, પર પક્ષમાં પણ ઉત્કંઠા બલ્કે પડાપડી રહેતી. એક એવી શ્રદ્ધા બની ગઇ હતી કે નંદનસૂરિ મહારાજનું મુહૂર્ત જ જોઇએ, અને એ મુહૂર્તે થયેલ કાર્ય સર્વથા ફળદાયક અને શાતાદાયક જ બને.

જ્યોતિષ-શિલ્પ શાસ્ત્રોનું વિશિષ્ટ જ્ઞાન; સંઘમાં સૌ કોઇના હાથે કે નિશ્રામાં થતાં સત્કાર્યો પ્રત્યે અનુમોદનાનો ભાવ; મારા-તારાના ભેદભાવનો સર્વથા અભાવ; મૂહૂર્ત માટે આવનાર દરેકનું માત્ર મંગળ જ થાય અને તેમનું ધર્મકાર્ય વિના વિઘ્ને તેમજ પૂરા ઉમંગથી

સફળતાને પામે - એવી મંગલકારી, ઉદાર મનઃકામના તેમજ શુભાશીષથી છલકાતું મુહૂર્ત્ત-દાન; આ બધું, એમના પ્રત્યે સકલ સંઘને શ્રદ્ધા પ્રેરવા માટેનું પરમ નિદાન હતું.

શાસનનાં કેટકેટલાં કાર્યો એમની પ્રત્યક્ષ નિશ્રા અથવા દોરવણી હેઠળ થયાં છે ! ૨૦૧૪નું સંમેલન અને તેમાં શાસ્ત્રમાર્ગની રક્ષા; શુદ્ધ માર્ગને અનુસરનારા સંઘની એકતા તથા અખંડિતતા; ભગવાન મહાવીરની ૨૫મી નિર્વાણશતાબ્દી; શત્રુંજયગિરિરાજ પર નૂતન ટૂંકની સ્થાપના તથા પ્રતિષ્ઠા; આ અને આવાં શાસનને સ્પર્શતાં અગણિત સત્યકાર્યોની શ્રેણિ, નિઃસંદેહપણે તેમના જમા પાસાંમાં ગણાવી શકાય તેમ છે.

પંડિતવર્ય સુશ્રાવક છબીલદાસ કેસરીચંદ સંઘવી તો પૂજ્ય શાસનસમ્રાટ, સાગરજી મહારાજ, નંદનસૂરિ મહારાજ તથા તત્કાલીન સમર્થ શાસન પ્રભાવક મહાપુરુષોના સાંનિધ્યમાં વર્ષો સુધી રહ્યા છે. તેઓનું સ્પષ્ટ નિરીક્ષણ છે કે "નેમિસૂરિજી મહારાજ ગયા ત્યારે સંઘને મોટી ખોટ પડી; ઉદયસૂરિજી મહારાજ ગયા તો પણ સંઘને અપૂરણીય ખોટ પડી; પણ એ બધાયની ખોટનો અનુભવ નંદનસૂરિ મહારાજના નેતૃત્વ અને માર્ગદર્શન મળતાં રહેવાને કારણે સંઘને ઝાઝો થયો નહિ. પરંતુ જ્યારે નંદનસૂરિ મહારાજે વિદાય લીધી, ત્યારે તો આ ત્રણે ગુરુ ભગવંતોની ખોટ એકી સાથે સંઘને પડી ગઇ હોવાનો અનુભવ થયો. આચાર્યો તો ઘણા છે, થાય છે ને થશે; પણ નંદનસૂરિ મહારાજની હોડ કરે તેવા મહાપુરુષ હવે ભાગ્યેજ જોવા મળશે."

# આચાર્યપ્રવર, ગુણસમુદ્ર, સંમાનનીય
# શ્રી વિજયનંદનસૂરિજી

**- પંડિતવર્ય શ્રી બેચરદાસ જીવરાજ દોશી**

સૌરાષ્ટ્રની ભૂમિમાં અનેક મહાપુરુષો પેદા થયેલ છે. પૂ. ગાંધીજી પોતે જ સૌરાષ્ટ્રના નિવાસી હતા. સ્વામી દયાનંદ સરસ્વતી જેવા મહાન ક્રાન્તિ કરનારા ધુરંધર પુરુષે પણ સૌરાષ્ટ્રને જ પોતાના જન્મથી અલંકૃત કરેલ છે. અમેરિકામાં જઈને જૈનધર્મનો પ્રચાર કરનારા શ્રી વીરચંદ રાઘવજી ગાંધી મહુવામાં જ પેદા થયેલ છે. આ સિવાય મહુવામાં બીજા પણ મહાપુરુષો જન્મેલા છે. શ્રી વિજયનેમિસૂરિજી, શ્રીવિજયધર્મસૂરિજી વગેરેએ પણ પોતાના જન્મથી, સંયમથી અને સમાજમાં વિદ્યાપ્રચારના કાર્યથી મહુવાને જ પ્રતિષ્ઠા આપેલ છે.

માનનીય શ્રી વિજયનંદનસૂરિએ પણ ભાવનગર જિલ્લાના બોટાદમાં જન્મીને બોટાદને વિશેષ પ્રતિષ્ઠિત કરેલ છે. તેઓનું કુટુંબ જૈનધર્મનું આરાધક હતું, એટલે તેમને જન્મથી જ જૈનધર્મના સંસ્કાર મળે એ તદ્દન સ્વાભાવિક છે.

બોટાદમાં જૈન મુનિઓનું આવાગમન થયા કરતું. એને લીધે શ્રીવિજયનંદનસૂરિના કુટુંબમાં જૈન મુનિઓનો સમાગમ, વ્યાખ્યાનવાણી દ્વારા અને સેવા-ભક્તિ દ્વારા, સતત વર્ધમાન રહેતો. આમ થવાથી તેમના ઘરમાં વૈરાગ્યનું વાતાવરણ પ્રાદુર્ભાવ પામે જ અને એ વાતાવરણની અસર ભાઈ નરોત્તમને થાય એમાં શી નવાઈ ? મુનિરાજ શ્રી નેમિવિજયજી મહારાજનો અને તેમના મુનિમંડળનો પરિચય બોટાદને ઘણો વધારે રહેલ છે અને પરિણામે ભાઈ નરોત્તમના મનમાં દીક્ષા લેવાનો ઉમંગ થયો જણાય છે.

તેઓ દીક્ષિત થઈને શ્રી વિજયનેમિસૂરિના મંડળમાં પ્રવેશ પામ્યા અને શ્રી વિજયનેમિસૂરિજીની દેખરેખ નીચે જ તેમણે જૈન શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. જૈન શાસ્ત્રો ઉપરાંત ષડ્દર્શનનો પણ તલસ્પર્શી અભ્યાસ કરવા સાથે અન્ય જ્યોતિષ વગેરે શાસ્ત્રોનો પણ અભ્યાસ કરીને તેમાં પણ તેઓએ પ્રવીણતા મેળવી હતી. અને તેઓ કોઈ પણ ધાર્મિક પ્રસંગ અંગે મુહૂર્ત્ત શોધી આપનાર તરીકે જૈન સંઘમાં વિશેષ પ્રતિષ્ઠા પામ્યા હતા. પ્રતિષ્ઠાનું મુહૂર્ત્ત અથવા દીક્ષાનું મુહૂર્ત્ત વા ધ્વજદંડ વગેરે ચડાવવાનું મુહૂર્ત્ત તેઓ જ મોટે ભાગે કાઢી આપતા.

તેમનો જૈન આગમોનો વિશેષ તલસ્પર્શી અભ્યાસ હોય તે તો સ્વાભાવિક છે. શ્રી વિજયનેમિસૂરિજીની કડક શિસ્તની નીચે તેમનું જીવન ઘડાયેલ હતું, અને એમ હોવાથી

તેઓ સંયમના આરાધનમાં કે શીલ-સદાચાર-તપ વગેરેની પ્રવૃત્તિમાં પણ મોખરે જ હોય એમાં કોઈ વિવાદને અવકાશ ન જ હોય. શાસ્ત્રોનાં એટલે જૈન શાસ્ત્રો ઉપરાંત બૌદ્ધ, ન્યાય, વૈશેષિક, સાંખ્ય અને યોગ વગેરે શાસ્ત્રોના અભ્યાસમાં પણ તેમણે સારી રીતે શ્રમ કરેલો અને એક વિશિષ્ટ વિદ્વાનને શોભે તેવી ખ્યાતિ પ્રાપ્ત કરેલી. તેમનો શાસ્ત્રાભ્યાસ તેમની સંયમની આરાધનાનો પરિપોષક બનેલો.

ઉપરાંત, મધ્યસ્થ વૃત્તિ, ધૈર્ય, સહિષ્ણુતા અને સર્વધર્મસમભાવની ભાવના વગેરે ગુણો તેમનામાં પ્રગટ થાય તે અર્થે શાસ્ત્રાભ્યાસ જ સંપૂર્ણ નિમિત્તરૂપ થયેલો. મારી સ્મૃતિ પ્રમાણે તેમણે સંપ્રદાયના કલહમાં કદી ભાગ લીધો નથી. તેમ જ કોઈ પણ સાંપ્રદાયિક વિચારનો એકાંતપણે આદર કરેલ નથી. વાણીમાં અને વર્તનમાં સ્યાદ્વાદના સિદ્ધાંતને તેમણે અગ્રસ્થાન આપેલ છે.

પાંજરાપોળના ઉપાશ્રયે હું કદી ગયેલો નહિ. મને સાધુઓની એકાંગી વૃત્તિની વિશેષ શંકા રહેતી અને વિચારભેદ અંગે સાધુઓની અસહિષ્ણુતાનો પણ ભય રહેતો. મારા મિત્ર પં. શ્રી દલસુખભાઈએ તથા શ્રી રતિલાલભાઈ દેસાઈએ મને ચોક્કસ કહેલ કે તમે શ્રી નંદનસૂરિને મળો તો તમને તેમની અનેકાંતવિચારશ્રેણીની અને મતસહિષ્ણુતાની ખાતરી થશે. જ્યારે હું તેમને પ્રત્યક્ષ મળ્યો ત્યારે જે વાત મારા મિત્રોએ મને કહેલી તેનો મને પ્રત્યક્ષ અનુભવ થયો.

રૂઢ શ્રાવકો કરતાં મારી સાધુઓ પ્રત્યે વિનયભાવ બતાવવાની રીત જુદી છે; છતાં મારી એ રીત વિશે આચાર્ય શ્રી નંદનસૂરિએ લેશ પણ અરુચિ ન બતાવતાં પહેલે જ સમાગમે તેમણે મને પોતાનો મિત્ર બનાવી દીધો.

આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ શ્રીપુણ્યવિજયજી મહારાજ મારા સન્મિત્ર હતા જ, અને મારા કુશલકર એ મહાનુભાવ સાથે જેમ હું વિનયથી વર્તતો તેમ જ શ્રી નંદનસૂરિ સાથે પણ મેં વર્તવાનુ શરૂ રાખ્યું; અને ધીરે ધીરે સમાગમ વધતાં અમારી વચ્ચે વિશેષ આદરપાત્ર મિત્રતા વધી. અને પછી તો હું તેમની પાસે વારંવાર જઈને તેમના સમાગમનો લાભ મેળવવા લાગ્યો.

મારા ભિન્ન વિચારોનો તેમને ખ્યાલ ન હતો એમ નહોતું, પણ કદી પણ તેમણે એ વિશે મારી સાથે ચર્ચા કરી જ નથી. જ્યારે જ્યારે તેમની પાસે ગયો છું ત્યારે ત્યારે તેમનું સુખદ સ્મિત જ અનુભવેલ છે.

તેમનો પરિચય થવાથી મુનિ શ્રી શીલચંદ્રજીનો પણ મને ઠીક ઠીક પરિચય થયો. અને મુનિ શ્રી શીલચંદ્રજીને પણ ઉદાર વિચારવાળા અને સમભાવી વૃત્તિવાળા મેં બરાબર અનુભવ્યા. હું મૂળ વળા (વલભીપુર)નો છું અને તેઓ મૂળ ભાવનગરના છે; આમ ભૂગોળની દૃષ્ટિએ પણ અમારી એકતા બરાબર હોવાથી પારમાર્થિક દૃષ્ટિએ પણ એકતા જ સધાતી રહી છે, અને આચાર્ય શ્રી નંદનસૂરિજી સ્વર્ગવાસી થતાં અમને બન્નેને તેમની ખોટ ઘણી જ સાલી રહેલી છે. પણ નિયતિ પાસે કોઈનું કશું જ ચાલતું નથી, એવી વિચારણા દ્વારા સમાધાન મેળવીને અમારી પરસ્પરની મિત્રતા આગળ વધી રહેલ છે.

મને મુનિ શ્રી શીલચંદ્રજીના શાસ્ત્રાભ્યાસમાં, વિશેષ રસ છે. એથી સંયમની આરાધનાને પોષક એવા શાસ્ત્રભ્યાસ તરફ તેમનું વિશેષ ધ્યાન ખેંચતો રહું છું. મુનિ શ્રી શીલચંદ્રજીએ મને કહેલું કે, 'સ્વ. આચાર્યશ્રી તમને વિશેષ સંભારતા રહ્યા'- આ સાંભળીને સ્વ. આચાર્યશ્રીની ઉદારતા અને વિશાળતા અંગે મને વિશેષ સદ્ભાવ પેદા થયો અને એ સદ્ભાવ મારા મનમાં કાયમી થઈ ગયો.

એવા વિશેષ વિચારક, વિવેકી અને ગુણપક્ષપાતી આચાર્યશ્રીનો અકસ્માત વિયોગ થતાં મને તો ઘણું જ વસમું લાગ્યું, જેની અસર મારા મનમાંથી હજી ખસી નથી. પણ નિયતિને નામે મનને મનાવતો રહું છું.

છેલ્લે એક પ્રાર્થના શાસનદેવ પ્રત્યે છે કે, મુનિ શ્રી શીલચંદ્રજી વિશેષ સંયમસાધના સાથે શાસ્ત્રોનો ઊંડો માર્મિક અભ્યાસ કરે અને વધારે, જેથી સમાજમાં સમન્વયનું વાતાવરણ પેદા થાય અને દિવંગત આચાર્યશ્રી અમારા ઉપર તેમના શુભ આર્શીવાદ સદા વરસાવતા રહે.

## પૂજ્ય શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ

**- સ્વ. શ્રેષ્ઠીવર્ય કસ્તુરભાઈ લાલભાઈ**

આપણા સમયમાં જૈન શાસનના પ્રભાવક જે આચાર્ય મહારાજો તથા શ્રમણ ભગવંતો થઈ ગયા, એમાં પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ આગળ પડતું સ્થાન ધરાવતા હતા. જૈન સંઘ તથા એમના પરિચયમાં આવનાર અન્ય સમાજની વ્યક્તિઓ એમના તરફ ખૂબ આદર અને ભક્તિ ધરાવતા હતા, અને એનું કારણ, તેઓએ પોતાના ધર્મનાં શાસ્ત્રોનો તથા અન્ય ધર્મશાસ્ત્રોનો પણ તત્ત્વજિજ્ઞાસુ દૃષ્ટિથી પૂરી એકાગ્રતાથી ઊંડો અભ્યાસ કર્યો હતો અને કોઈ પણ જાતનો પ્રમાદ સેવ્યા વગર ચારિત્રધર્મનું પાલન કર્યું

હતું અને એમ કરીને પોતાની સંયમ-યાત્રાને સમભાવ, ધર્મસ્નેહ અને કરુણાપરાયણતાથી શોભાયમાન બનાવી હતી, એ હતું.

પણ એમણે મેળવેલી આવી સફળતાનો ખરો યશ એમના દાદાગુરુ અને જૈન સંઘના આ યુગના મોટા પ્રભાવક આચાર્યદેવ શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજને ઘટે છે. જ્ઞાન અન ચારિત્રની આરાધનામાં પોતાના સમુદાયના નાના કે મોટા બધા સાધુ મહારાજો બરાબર જાગ્રત રહે, એનું તેઓ હમેશાં ધ્યાન રાખતા. જેમ કોઈ પણ સાધુ પોતાના અભ્યાસમાં બેદરકાર રહે એ વાત તેઓ ચલાવી લેતા ન હતા, તેમ કોઈ પણ સાધુ પોતાના સાધુધર્મની ઉપેક્ષા કરીને લેશ પણ શિથિલતાનું પોષણ કરે એ બાબતને પણ તેઓ મુદ્દલ સહન ન કરતા. તેમાંય આચારધર્મની ઉપેક્ષા તરફ તો તેઓને સખ્ત અણગમો હતો, અને આવા પ્રસંગે કઠોરમાં કઠોર અનુશાસન કરતાં પણ તેઓ અચકાતા નહિ. પોતાના સાધુસમુદાયને સંયમમાર્ગમાં સ્થિર કરવાની આચાર્ય મહારાજની આ દૃષ્ટિ આજે તો દાખલારૂપ બની રહે એવી છે.

જ્ઞાન અને ક્રિયાની બરાબર આરાધના કરવામાં ન આવે તો સાધુજીવન બિલકુલ નિષ્ફળ બની જાય, એ વાત તેઓ બરાબર સમજતા હતા. પોતાના સમુદાયના સાધુઓને આ રીતે કેળવવા માટેની તકેદારીને લીધે જ તેઓ અનેક વિદ્વાન અને ચારિત્રપાત્ર આચાર્યો જૈન શાસનને ભેટ આપી શક્યા હતા. અને પૂજ્ય શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ એમાંના એક હતા. એમણે શાસનસમ્રાટ આચાર્ય મહારાજનો પૂરો વિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો.

પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજના કાળધર્મ પછી મંદિર વગેરેના શિલ્પશાસ્ત્ર સંબંધી તથા ખાતમુહૂર્ત, પ્રતિષ્ઠા વગેરેનાં મુહૂર્તો મેળવવાની બાબતમાં સૌકોઈ આચાર્ય શ્રી વિજયનંદનસૂરિજીની દોરવણી સ્વીકારતા.

વળી, પોતાની નિખાલસતા, શાસ્ત્રનિપુણતા, વત્સલતા વગેરે ગુણોને કારણે સાધુ સમુદાયમાં પણ એમણે સારી ખ્યાતિ મેળવી હતી.

જેમ તેઓ ઊંડા શાસ્ત્રાભ્યાસને કારણે શાસ્ત્રીય બાબતોને સહુ સારી રીતે સમજી શકતા અને એનું નિરાકરણ કરી શકતા, તેમ વ્યાપક વ્યવહારુ બુદ્ધિને કારણે શ્રીસંઘ કે ધર્મમાં ઊભા થયેલા પ્રશ્નોના મર્મને પણ સારી રીતે સમજી શકતા અને એનો ઉકેલ કેવી રીતે આવી શકે તે પણ બતાવી શકતા. આચાર્ય મહારાજે સારા પ્રમાણમાં મેળવેલી લોકચાહનામાં એમની આવી વ્યવહારદક્ષતાનો પણ મોટો ફાળો છે.

કોઇ પણ બાબતનો નિર્ણય પૂરી વિચારણા કર્યા પછી જ કરવાનો એમનો સ્વભાવ હતો. અને આ રીતે અમુક બાબતમાં નિર્ણય કર્યા પછી, ગમે તેવા વિરોધની સામે પણ પોતાની વાતને વળગી રહેવાની દૃઢતા અને નિર્ભયતા એમના જીવનમાં અનેક વખતે જોવા મળી હતી.

છેલ્લે છેલ્લે, ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ વર્ષની રાષ્ટ્રીય ઉજવણી સામે તથા ગયા વર્ષે શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર થયેલ પ્રતિષ્ઠાના આદેશો આપવાની પદ્ધતિ સામે, આપણા સંઘના અમુક વર્ગ તરફથી, જે વિરોધ જગવવામાં આવ્યો હતો, તેથી તેઓ જરાય ચલાયમાન થયા ન હતા. અને તેથી જૈન સંઘના એમના તરફના આદરભાવમાં વધારો થયો હતો.

તેઓનો કાળધર્મ જ્યારે તેઓ કીર્તિના ઉચ્ચ શિખરે હતા ત્યારે થયો હતો, એમ લાગે છે.

# આચાર્ય મહારાજની ઉદારતા

**- શેઠ કેશવલાલ લલ્લુભાઇ ઝવેરી**

પૂ. આ. મ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજીને જૈન શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ હતો, એટલું જ નહિ, પણ સાથે સાથે હિંદુ ધર્મશાસ્ત્રોનો પણ સારો અભ્યાસ હતો. તેના પરિણામે જૈન દર્શનનો સ્યાદ્વાદનો સિદ્ધાંત, જે ધર્મના પાયારૂપ છે, તે તેમના આચરણમાં તથા વાણીમાં ઓતપ્રોત થઈને ગૂંથાયેલ હતો. તેથી તેમની સમન્વય કરવાની શક્તિની, કોઇ ધર્મની અગર વ્યક્તિની નિંદામાં નહિ પડતાં ફક્ત ગુણની અનુમોદના કરવાની વૃત્તિની તેમજ સરળતા તથા તત્ત્વપ્રરૂપણની દૃષ્ટિની તેમનું વ્યાખ્યાન સાંભળનારાના મન ઉપર ઘણી ઊંડી અસર પડતી.

તેઓ કોઈની સાથે ખોટા વાદવિવાદમાં ન ઊતરતા. સામા પક્ષની વાત ધીરજ અને શાંતિપૂર્વક સમજી, કોઇ પણ જાતના આગ્રહ વગર, પોતાની વાત સામી વ્યક્તિને સમજાવતા અને એમ કરીને મતભેદના મૂળને શોધીને તેનું નિરાકરણ કરી આપતા. એમની આવી શૈલીથી મોટે ભાગે સમાધાન અને આનંદનું વાતાવરણ પ્રસરી જતું અને કયારેક આવું સમાધાન થવા ન પામે તોપણ સામી વ્યક્તિના મનમાં કોઇ જાતની કડવાશ ઊભી થવા ન પામતી. ભગવાન મહાવીરસ્વામીએ પ્રરૂપેલી સ્યાદ્વાદશૈલી અને અનાગ્રહવૃત્તિના સારને સમજીને તથા પચાવીને તેઓશ્રીએ સાધેલ સમન્વયદૃષ્ટિનું જ આ પરિણામ હતું.

તેઓશ્રીનો ગુરુભક્તિનો ગુણ જૈન સંઘમાં સારી રીતે જાણીતો હતો. પોતે અનેક સ્વ - પર શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હોવા છતાં પોતાને તેઓ પોતાના દાદાગુરૂ, શાસનસમ્રાટ આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના તથા પોતાના ગુરૂદેવ આ. મ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજના ચરણકિંકર જ લેખતા હતા; અને પોતાને જ્ઞાનની તથા ચારિત્ર્યની જે કંઇ પ્રાપ્તિ થઈ છે તે ગુરૂવર્યોની સેવા ભક્તિના જ પ્રતાપે થઈ છે, એમ માનતા હતા. જિંદગીના અંત સુધી ટકી રહેલી તેઓશ્રીની ગુરૂભક્તિની આ ભાવના બીજાઓ માટે દાખલારૂપ બની રહે એવી ઉત્તમ હતી.

તેઓ જૈન તથા જૈનેતર શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હોવા સાથે શિલ્પશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રના મહાન જ્ઞાતા હતા. તેથી જિનમંદિર બનાવવાની બાબતમાં, એના જીર્ણોદ્ધારની બાબતમાં તથા એના દોષને શોધીને એનું નિવારણ કરવાની બાબતમાં તેઓનું માર્ગદર્શન ખૂબ ઉપયોગી નીવડતું. અને અંજનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા, ઉપધાન વગેરે ધર્મક્રિયાઓ માટેનાં તેઓશ્રીએ આપેલાં મુહૂર્તો ખૂબ મંગલમય લેખાતાં. તેથી જૈન સંઘના જુદા જુદા ફિરકા અને ગચ્છો તરફથી આવાં મુહૂર્તો કાઢી આપવાની સતત માગણી રહેતી. અને તેઓ પણ, પોતાની અસ્વસ્થ તબિયતની ચિંતા કર્યા વગર, પોતાનું ધર્મકર્તવ્ય ગણીને, એવાં મુહૂર્તો શાંતિ અને ઉલ્લાસથી કાઢી આપતા અને આ બધો ગુરૂકૃપાનો જ પ્રતાપ છે એમ માની પોતાની નમ્રતા બતાવતા.

તેમણે આપેલ સચોટ મુહૂર્તનો એક પ્રસંગ યાદ કરવા જેવો છે. જૂનાગઢમાં ગામ દેરાસરની કેટલાંક વર્ષ પહેલાં પ્રતિષ્ઠા થવાની હતી. તેનું મુહૂર્ત તેમની પાસે નક્કી કર્યું, પરંતુ ત્યારબાદ બીજા આચાર્ય મહારાજશ્રીએ આ મુહૂર્તથી સંઘમાં ઉત્પાત થશે તેમ જણાવેલું, પણ મહારાજશ્રીએ આપેલ મુહૂર્ત હોઈ તે ફેરવવું યોગ્ય લાગેલ નહિ અને તેમણે આપેલ મુહૂર્ત્તે પ્રતિષ્ઠા કરવામાં આવી. પરિણામે સંઘમાં ઘણા વખતથી ચાલતા કલેશનું સમાધાન થઈ ઘણી જ સુંદર રીતે પ્રતિષ્ઠાની પૂર્ણાહૂતિ થઈ.

તેઓની ઉદાર અને વિશાળ દૃષ્ટિનો એક પ્રસંગ યાદ કરવા જેવો છે. જ્યારે પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યા ત્યારે અમદાવાદમાં તેઓશ્રીની ગુણાનુવાદ સભા પૂજ્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં બોલાવવા તેમના સમુદાયના મુનિમહારાજે વિનંતિ કરતાં તેઓએ તે તરત જ કબૂલ રાખી અને તેઓશ્રીએ એ સભામાં કોઈ પણ જાતના સંકોચ વગર સ્વર્ગસ્થ આચાર્ય મહારાજના ગુણોની મુક્ત મને

પ્રશસ્તિ કરી હતી. આવા પ્રસંગોએ તેઓએ કેળવેલી ઉદાર વૃત્તિ અને સમતાની ભાવનાનાં દર્શન થતાં.

એજ રીતે તેઓ સ્વ-પર સમુદાયનો ભેદ ટાળીને બધા સમુદાયના મુનિરાજોને મમતા અને વાત્સલ્યથી આવકારતા, તેથી કોઇ પણ સમુદાયના મુનિવર તેઓની પાસે સંકોચ વગર જઇને પોતાની વાત કરી શકતા અને જરૂરી સમાધાન મેળવી શકતા. તપગચ્છ જૈન સંઘમાં તિથિચર્ચાને કારણે બંને પક્ષના ગૃહસ્થો પૈકી કોઇ પણ ગૃહસ્થ એમની પાસે મુહૂર્ત માટે કે દેરાસર કે એવી બીજી બાબતમાં સલાહ લેવા જતા, તો તેઓ એમને પ્રેમભાવે આવકારતા અને નિખાલસપણે સલાહ આપતા.

તેઓને પોતાની વાચા તથા કલમ ઉપર ઘણો કાબૂ હતો. અને એમની વાચા તથા લખવાની શૈલી એવી ગંભીર હતી કે જેથી તેઓ પોતાને કહેવાની વાત બરાબર સચોટપણે કહી શકતા. કોઇ ખાસ પ્રસંગ કે મુદ્દાને ધ્યાનમાં લઇને જ્યારે તેઓ કોઇ લખાણનો મુસદ્દો તૈયાર કરતા ત્યારે એમાં સ્પષ્ટતા, દલીલો અને વસ્તુસ્થિતિની રજૂઆત જોઇને એમ જ લાગે કે સારા વકીલ - બેરીસ્ટર જેવા કાયદાના જાણકાર પણ આવું મુદ્દાસરનું અને સચોટ લખાણ ભાગ્યે જ લખી શકે. આ બાબત કોઇ પણ પ્રશ્નને સમજવાની તેઓ કેવી ઊંડી સૂઝ ધરાવતા હતા અને એના ઉકેલ માટે એમના મનમાં કેટલી સ્પષ્ટતા હતી તેનું સૂચન કરતી હતી. તેમના લખાણની તથા વ્યાખ્યાનની શૈલીની તેમના પરિચયમાં આવેલ કાયદાશાસ્ત્રીઓ, બેરીસ્ટરો તેમ જ વકીલો પણ મુકત મને પ્રસંશા કરતા અને બોધ પામતા.

આવા અનેક ગુણો અને આવી અનેક શક્તિઓ ધરાવતી એક જૈન આચાર્ય ભગવંતની શાસનમાં, એમના કાળધર્મ થવાથી, ખોટ પડી છે.

## દીર્ઘદ્રષ્ટા, સર્વજ્યેષ્ઠ, દરિયાવદિલ, પરમપ્રભાવક આચાર્ય

**- પં. શ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધી, અમદાવાદ.**

સ્વ. પ. પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. નો પરિચય મને મારી ૧૬ વર્ષની ઉંમર હતી ત્યારથી છે. પરંતુ છેલ્લા ૨૦ વર્ષથી તો હું તેમના ઘનિષ્ટ પરિચયમાં રહ્યો છું.

**ગુરુમહારાજનો અપૂર્વ પ્રેમ** - તેમને 'નંદન' કહી ઉચ્ચારાતા શાસનસમ્રાટના મુખે સાંભળ્યા છે, અને સેંકડો કામ પડતાં મૂકી 'જી' કહી તેમના ચરણકમળને દબાવતા તેઓશ્રીને

જોયા છે. શાસનના વિકટ પ્રશ્નોની ચર્ચા - વિચારણામાં 'નંદન'ને બોલાવો, તેનું શું માનવું છે તે જાણો - તેવો અપ્રતિમ ભાવ ગુરુમહારાજનો તેમની પ્રત્યેનો નિહાળ્યો છે; અને 'સાગરજી સાથે મારો નંદન શાસ્ત્રાર્થમાં રહેશે' તેવું વચન જામનગરમાં સાંભળી ગુરુમહારાજના તેમના પ્રત્યેના અપાર વાત્સલ્યનાં દર્શન કર્યાં છે.

**શાસનરાગ** - વિ. સં. ૧૯૮૩માં પાટણ દોશીવટમાં, શ્રી સિદ્ધાચલની યાત્રા બંધ હતી તે વખતે, હજારોની મેદનીમાં, તેમની ૨૭ વર્ષની થનગનતી યુવાનીમાં, શત્રુંજય માટે પ્રાણાર્પણ કરવા સુધીની ઝૂંબેશના પુરસ્કર્તા તરીકે તેમને સાંભળ્યા છે; અને શત્રુંજયની યાત્રા બંધ રહે ત્યાં સુધી શ્રોતાઓમાંથી સેંકડો નરનારીઓને શત્રુંજયના સ્મરણ માટે કોઇ વસ્તુના ત્યાગના પચ્ચક્ખાણ આપતા જોયા છે.

**નિખાલસવૃત્તિ અને મિલનસાર સ્વભાવ** - વિ. સં. ૧૯૯૦ માં, ઘણાં વર્ષે, મુનિસંમેલન મળ્યું. ૩૩ દિવસ સુધી ચર્ચાઓ ચાલી. તેના ફળસ્વરૂપે સર્વસંમત 'મુનિ સંમેલન પટ્ટક' તૈયાર થયો. આ મુનિસંમેલન પટ્ટક તૈયાર કરવા માટે યુવાન મુનિ મહાત્માઓ, પૂ. આ. નંદનસૂરિજી, પં. રામવિજયજી ગણિ, મુનિ શ્રી પુણ્યવિજયજી અને મુનિ શ્રી ચંદ્રસાગરજી પસંદ કરાયા. તેમાં અનેક મતભેદોને દૂર કરી સર્વસંમત મુનિ સંમેલન પટ્ટક તૈયાર કરવામાં તેમની નિખાલસ વૃત્તિ, મિલનસાર સ્વભાવ, દીર્ઘ દૃષ્ટિ અને શાસ્ત્રાધ્યયન મુખ્ય હતાં, તે જોયું છે.

**અતિ ગાંભીર્ય અને ઊર્ધ્વગામી દૃષ્ટિ** - જુવાનીના થનગનાટવાળા કાળમાં પણ અનુભવી વૃદ્ધ પુરૂષને છાજે તે રીતે પરમાનંદ પ્રકરણ, વડોદરાનું દીક્ષા પ્રકરણ વગેરે અનેક ઝંઝાવાતોમાં ઊર્ધ્વગામી દૃષ્ટિ રાખી, પરિણામનો વિચાર કરી, અતિ ગાંભીર્યથી, લોકોના અપવાદ સહન કરીને પણ, તેમણે સમતોલપણું રાખ્યું અને રખાવ્યું છે, જેના પરિણામે શાસનની છિન્નભિન્નતા અટકાવવામાં તેઓ નિમિત્તરૂપ બન્યા છે, તે નિહાળ્યું છે.

**દીર્ઘદૃષ્ટિ અને પરિણામનો વિચાર** - વિ. સં. ૨૦૧૩માં ચંડાશુચંડુ પંચાંગમાં ભાદરવા શુદિ પાંચમનો ક્ષય હતો. ગુરુમહારાજે વિ. સં. ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯ અને ૨૦૦૪ માં ભાદરવા શુદિ પાંચમના ક્ષયે અન્ય પંચાંગના આધારે ભાદરવા સુદ છટ્ઠનો ક્ષય કરી સંવચ્છરી આરાધી હતી. ગુરુ પ્રત્યે અપાર પ્રેમ ધરાવનાર અને દરેકને મંગલિક સંભળાવતાં 'નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે' ઉચ્ચારતા સૂરિપુંગવે શાસનનું હિત હૈડે ધરી, દીર્ઘદૃષ્ટિથી, સૂરિસમ્રાટના સમુદાયની એકતા સાચવવાપૂર્વક, બારપર્વીની અખંડિતતા માનનાર વર્ગનું

ઐક્યપણું સાચવી બતાવ્યું છે.

**શાસનના સર્વેસર્વા** - વિ. સં. ૨૦૧૪નું બીજું મુનિસંમેલન થયું. બધા આચાર્યાદિ મુનિ ભગવંતો પધાર્યા. તેઓ એ વખતે પાલીતાણા હતા. નબળા સ્વાસ્થ્યને કારણે તેઓએ આવવાનો વિચાર માંડી વાળ્યો હતો, છતાં સૌને જણાયું કે તેમની ગેરહાજરી શાસનને ભયંકર નુકસાનકર્તા નીવડશે; તેથી તેઓને આગ્રહ થયો. તેઓ આવ્યા. અને તેમની હાજરી શાસન માટે સર્વેસર્વા જેવી રહી. એમની આ પ્રભાવકતા તેમના સ્વર્ગવાસ સુધી શાસનમાં તે જ રીતે રહી છે, તે સૌ જોઇ શક્યા છે.

**પૂર્વગ્રહ વિનાની વિચારસરણી** - જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાલીતાણામાં સંમેલન થયું. આ સંમેલનની પાછળની કાર્યવાહીનું તેમણે નિરીક્ષણ કર્યું અને એમને લાગ્યું કે આની પાછળ શુભાશયની વૃત્તિ છે, એટલે જરા પણ પૂર્વગ્રહ રાખ્યા વિના, નીડરતાપૂર્વક, તેને ટેકો આપ્યો અને જાતે સંમેલનમાં પધારી આશીર્વાદ આપ્યા.

**પ્રતિભારક્ષક આચાર્ય** - ૨૫ મી નિર્વાણ શતાબ્દીના પ્રસંગે તેમની પરિપકવ વિચારધારા અને સમતુલનતાનાં વિશેષ દર્શન થયાં છે. પૂર્વાચાર્યોએ જુદા જુદા રાજય સંક્રાન્તિકાળમાં જે યોગ્ય નિર્ણય કરી જૈન શાસનની રક્ષા કરી, તેનું આછું દર્શન આપણને ૨૫મી નિર્વાણ શતાબ્દી પ્રસંગે તેમણે જે અગ્રગણ્ય ભાગ લીધો અને જૈન શ્રમણસંસ્થાની પ્રતિભાને સાચવી રાખી તેમાં થયું છે.

જૈન શાસનની સમગ્ર પ્રતિભાનો પ્રશ્ન હોય તો ગચ્છભેદ અને વિચારભેદને ગૌણ કરી શાસનની પ્રતિભાને સાચવી રાખવી જોઇએ, જે સૌકોઇની ફરજ થઇ પડે છે, તેનો આદર્શ તેમણે તેમના તે વખતના અગ્રગણ્ય ભાગ દ્વારા આપણને પૂરો પાડ્યો છે.

**શાસનના સર્વમાન્ય શિરોમણિ આચાર્ય** - છેલ્લે શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપરની પ્રતિષ્ઠાનો પ્રસંગ આપણને શાસનના સર્વમાન્ય શિરોમણિ અને સર્વશ્રેષ્ઠ અને સર્વજયેષ્ઠ આચાર્ય તરીકે એમનાં દર્શન કરાવે છે.

આ પ્રતિષ્ઠા-પ્રસંગ જૈન સંઘમાં ત્રણસો-ચારસો વર્ષે આવ્યો હતો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જૈન સંઘની સર્વમાન્ય પ્રતિનિધિ સંસ્થા છે; તેણે આ પ્રસંગે ચારે બાજુ દૃષ્ટિ નાખી શાસનના સર્વજયેષ્ઠ આચાર્ય તરીકે તેમને પસંદ કર્યા અને તેમની નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવવાનું નિર્ણીત કર્યું. પણ કુદરતને તેમની સર્વતોગ્રાહી પ્રતિભા વચ્ચે જ ઉઠાવી જવાનું મંજૂર હશે, એટલે તગડી મુકામે માગસર વદી ચૌદસે તા. ૩૧-૧૨-૭૫ના રોજ,

અચાનક તેઓ સ્વર્ગવાસી થયા.

અમદાવાદના સંઘની તેમની શોકાંજલિ સભામાં શ્રી કસ્તૂરભાઇ શેઠે સાચું જ કહ્યું હતું કે, પ.પૂ. આચાર્ય શ્રી નંદનસૂરીશ્વરજી મહારાજની, કેવળ અમદાવાદને જ નહિ પણ, સમગ્ર ભારતના સંઘને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

શાસનના સુકાની તરીકે જે જે ગુણો જોઇએ તે સર્વ ગુણો તેમનામાં હતા. અપાર કરુણા, નિખાલસ સ્વભાવ, શાસન પ્રત્યેનો અવિહડ રાગ અને પરિણામનો વિચાર.

કોટી કોટી વંદન હો તે સૂરિભગવંતને !

# બહુશ્રુત આચાર્ય શ્રી નંદનસૂરિજી

**પં. શ્રી દલસુખભાઈ માલવણિયા, અમદાવાદ.**

એ મારું દુર્ભાગ્ય જ ગણું છું કે પૂ. શ્રી નંદનસૂરિજીનો સમાગામ, મને બહુ મોડો થયો. દૂરથી દર્શન તો કર્યાં હશે. પણ પરિચયમાં આવવાનો અને નજદીકથી તેમને જાણવાનો. અવસર ત્યારે મળ્યો જ્યારે તેમનું મૃત્યુ નજીક જ હતું. એટલે એમના પાસેથી જે લેવાનું હતું તે લેવાયું નહિ તેનો અસંતોષ રહી ગયો છે. આચાર્ય સૂરિસમ્રાટ શ્રી નેમિસૂરિજીનાં દર્શન તો નાનો હતો ત્યારે ધ્રાંગધ્રામાં તેમની વિશાળ વ્યાખ્યાનસભામાં જ્યારે તેઓ સંઘયાત્રામાં જઇ રહ્યા હતા ત્યારે, કરેલાં. પછી તો એમનાં દર્શન કરવાનો અવસર કયારે પણ મળ્યો નથી. એમના તેજસ્વી વિરાટ વ્યક્તિત્વનું ચિત્ર આજે પણ સ્મૃતિમાં તાજું જ છે. પણ આચાર્ય શ્રી નંદનસૂરિજીનું વ્યકિતત્વ કાંઇક જુદા જ પ્રકારનું હતું - તેજથી આંજી નાખે તેવું નહિ પણ સૌમ્ય અને ગરવું. તેમની પાસે બેઠા હોઇએ તો કોઇ આત્મીય જન સમક્ષ બેઠા હોઈએ એવો અનુભવ થતો અને આવી આત્મીયતા એ વિરલ છે, તેથી જ તો તેમના પ્રત્યે વિશેષ આકર્ષણ થયું હતું અને વારંવાર એમના દર્શન કરવાનું મન થતું.

તેમનું વ્યાખ્યાન મેં એક જ વાર સાંભળ્યું છે. અને તે સાંભળી તેમની વિદ્વત્તા અને તાત્ત્વિક સમજ પ્રત્યે જે બહુમાન મને થયું છે તે મારે માટે જીવનનો એક લહાવો માનું છું. જૈન સાધુસમાજમાં વિચારોની ઉદારતા, જે કેટલાકમાં દેખાઇ છે, તેમાં આચાર્ય શ્રીનંદનસૂરિને હું મહત્ત્વનું સ્થાન આપું છું. નિર્ભય રીતે જૈન તત્ત્વની ઉદાર વ્યાખ્યા એક જૈન આચાર્યના

મુખે મેં સાંભળી ત્યારે અહોભાવથી મારું મન ભરાઈ ગયું હતું અને તેમના પ્રત્યેની ભક્તિમાં વધારો થયો હતો.

ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણની ઉજવણીનો પ્રબળ વિરોધ કેટલાક જૈન આચાર્ય અને મુનિઓએ કર્યો ત્યારે તે ઉજવણીના સમર્થનમાં જે વલણ આચાર્ય શ્રીનંદનસૂરિએ પ્રારંભથી લીધું, તે જીવનનાં અંત સુધી બરાબર જાળવી રાખ્યું અને ઉજવણી સફળ કેમ થાય તેમાં જે પ્રકારે તેઓ પ્રયત્નશીલ થયા તે તેમના અંતિમ જીવનને શોભાવે તેવું જ હતું. એક વ'ર વિચારપૂર્વક નિર્ણય કર્યા પછી તેમાં અડોલ રહેવું એ સૌને માટે સહેલું નથી હોતું, પણ તેઓ તેમાં સફળ થયા તેના સૌ સાક્ષી છે, અને તે માટે જૈન સમાજની ભાવી પેઢી પણ તેમની ઋણી રહેવાની છે, કે ખરે વખતે સમાજને સાચે માર્ગે દોરવાનું કામ તે આચાર્યે કેવી કુશળતા અને નિર્ભયતાથી કર્યું હતું.

બિમાર હોવા છતાં પણ તેઓ અમારી સંસ્થામાં (લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં) ભ. મહાવીર નિર્વાણપ્રસંગે યોજેલ પ્રદર્શન જોવા પધાર્યા અને ફરી ફરીને એ પ્રદર્શન જોયું અને ખૂબ રાજી થયા. સૂરિમંત્ર આદિ જે કેટલીક બાબતો વિષે હું જાણતો જ ન હતો, તે જાણવાનો અવસર તેમણે એ સમયે આપ્યો. પ્રદર્શન સમયે પણ જે કેટલીક બાબતો વિષે તેમણે વિવેચન કર્યું, તે તેમની બહુશ્રુતતાનો પુરાવો હતો. બહુશ્રુત હોય પણ સ્મૃતિ તાજી રહે-અને તે પણ વૃદ્ધાવસ્થામાં-એ વિરલ વાત છે. આચાર્ય શ્રીનંદનસૂરિમાં જે અદ્‌ભૂત સ્મૃતિનાં દર્શન મેં કર્યાં છે તે વિરલ હતાં. અનેક શ્લોકો તેઓ સહજભાવે બોલી શકતા અને તે પણ પ્રસંગાનુસાર-માત્ર પોતાને શ્લોકો યાદ છે, આવડે છે એ બતાવવા નહિ; પણ શાસ્ત્ર અને ગ્રન્થોમાંથી સ્મૃતિનો આધાર લઈ અવતરણો આપવાનું ઘણું અઘરું કામ પણ તેમને માટે સુસાધ્ય હતું.

એમના જ્યોતિષના જ્ઞાન વિષે તો એટલું જ જાણું છું કે સૌ કોઈ દીક્ષાં, પ્રતિષ્ઠા જેવા પ્રસંગે તેમના આપેલા મુહૂર્તને વળગી રહેતા અને તેમની પાસેથી જ એવા મુહૂર્ત લેવાનો આગ્રહ રાખતા. એમના મુહૂર્તના જ્ઞાન વિષે લોકોને એવો વિશ્વાસ હતો.

તેઓ સમજતા હતા કે ગચ્છ, સંપ્રદાય કે તિથિના ઝઘડા એ તત્ત્વના નથી પણ અહંના છે; સત્ક્રિયા એ જ ફળવતી છે, પછી તે ગમે ત્યારે કરવામાં આવે, ગમે ત્યાં કરવામાં આવે. તેથી તેઓ પોતાના જીવનમાં સમભાવ કેળવી શક્યા હતા અને સૌને ઉદારતાથી આવકારી શકતા હતા. તત્ત્વને પામવું હોય અને મોક્ષમાર્ગના યાત્રી બનવું હોય તો ગચ્છ, તિથિ, ક્ષેત્ર આદિની

જે મર્યાદા છે તે સમજી લેવી જોઇએ. અને ધર્મક્ષેત્રે કાંઇ પણ અંતિમ સત્ય હોય તો તે એ જ છે કે જે સત્ક્રિયાથી રાગ-દ્વેષ ઓછા થાય એ જ ખરી સત્ક્રિયા છે; તેને દેશાતીત અને કાલાતીત ગણવી જોઇએ. તેને કોઇ દેશ કે કોઇ કાળ બાધક નથી; કદાચ દેશ-કાળ સાધક થાય તો થાય; પણ પારમાર્થિક સત્ક્રિયા હોય તો દેશ-કાળ બાધક તો બની શકતા જ નથી એ નક્કી વાત છે. આ સત્ય તેઓના સંયમજીવનમાં સાકાર થયેલું જોવા મળતું હતું અને એ એમની જીવનસ્પર્શી બહુશ્રુતતાની કીર્તિગાથા બની રહે એવું હતું.

## અનેક પાસાંઓથી ભરપૂર જીવન

**- શ્રી હઠીચંદ જીવનલાલ દોશી**

૧૯૭૪નું વર્ષ, અમદાવાદ, પ્રકાશ હાઇસ્કૂલનો મધ્યસ્થ ખંડ; જુદા જુદા વક્તાઓ એક આચાર્યની ૭૭મી વર્ષગાંઠ નિમિત્તે, ગુણાનુવાદ કરી રહ્યા છે. વક્તાઓ જૈન કોમના જ ન હતા, પણ જૈનતર પણ હતા અને તે પણ સમર્થ વિચારક, શિષ્ટાચારને ન ગાંઠે તેવા પ્રિન્સિપાલ યશવંત શુકલ જેવા પણ હતા, મધ્યસ્થ ખંડ આબાલવૃદ્ધોથી ભરચક ભરાઇ ગયો હતો, એ ગુણાનુવાદ બીજા કોઇના નહિ પણ સ્વ. પૂજ્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજીના હતા. આ દશ્ય વિરલ અને અવિસ્મરણીય હતું. પણ કોને અમંગળ કલ્પના આવે કે આ લાહવો આપણા માટે છેલ્લો છે !

મને પૂ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજીનો પરિચય ૧૯૨૯ની સાલથી થવા માંડ્યો. તેમના પ્રગુરુ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી પોતાની માતૃભૂમિ-મહુવામાં ચોમાસું હતા. મારી જન્મભૂમિ પણ મહુવામાં. હું કૉલેજનું વેકેશન ગાળવા મહુવામાં હતો. પૂ. શ્રી નેમિસૂરિજી જોડે સંસારી સંબંધને લીધે તેમના શિષ્યસમુદાય સાથે સહજ રીતે આત્મીયતા અનુભવી શક્તો. તે ઉપરાંત ૧૯૩૨થી ૬૮ સુધી મારી કર્મભૂમિ અમદાવાદ રહી. પાંજરાપોળ ઉપાશ્રયથી મારું રહેઠાણ, ઝવેરીવાડ, પટણીની ખડકી, દૂર ન હતું. તેથી તેમની કૃપા, આશીર્વાદ, વિદ્વત્તાનો લાભ મેળવવાની અનેક તકો મળ્યા જ કરતી.

પૂજ્ય શ્રી નેમિસૂરિજી સૂંઠને ગાંગડે ગાંધી થનારને આચાર્યપદવી આપે તેવા ન હતા; એટલું જ નહિ પણ પોતે સમર્થ વિદ્વાન આચાર્ય હોવાથી, તેમની કસોટી જેવી તેવી ન હોય. આ હકીકત, પૂજ્ય શ્રીનંદનસૂરિજીની વિદ્વત્તા ઉપર મહોર મારવા પૂરતી છે; તેમના તે વખતના વ્યાખ્યાનો સાંભળનારાઓને તે બાબતની પ્રતીતિ અનાયાસે થઇ જતી. તેમણે ખંભાતમાં 'નંદિસૂત્ર' ઉપર આપેલાં વ્યાખ્યાન પૂરવાર કરે છે કે એ વિદ્વત્તાનો પ્રવાહ દેહના

અંત સુધી પહેલાંની જેવો જ વહેતો રહ્યો હતો.

મહાવીરે તથા બુદ્ધે પોતાને લાધેલું આત્મજ્ઞાન સર્વ કોઈને સુલભ બને અને જલદી પચે તે માટે શિષ્ટ સમાજની સંસ્કૃત ભાષાને બદલે લોકોની બોલીમાં તે વિષે ઉપદેશ આપ્યો. આજના યુગમાં પરંપરાગત ભાષા, કથા, દાખલા ધારી અસર નથી ઉપજાવી શક્તા. એટલે વિજ્ઞાનની ભાષામાં મહાવીરના આત્મજ્ઞાનની વિશિષ્ટતા વારંવાર સમજાવવામાં આવે તો સમાજ ઉપર વધારે અસર કરી શકે એમ હોવાથી એમ કરવાની ખાસ જરૂર છે. મતલબ કે, આજે જ્યારે વિજ્ઞાનના વિકાસને લીધે world culture-જગતસંસ્કૃતિ-જેવું કંઈક બંધાવા માંડ્યું છે ત્યારે તો આની ખાસ અને તાતી જરૂર છે.

અલબત્ત, આમ કરી શકવા માટે વિજ્ઞાનના પૂર્વગ્રહ વિના કરેલ તલસ્પર્શી અભ્યાસની અપેક્ષા રહે છે. અને મહાવીરના કથન અને વિજ્ઞાને મેળવેલા જ્ઞાનનું પર્યાયપણું સમજાવી શકવા માટે અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ પણ હોવું જોઈએ. પ્રથમ વાત તો એ છે કે, વિજ્ઞાનનું જ્ઞાન મેળવવું જ રહ્યું અને તેના ઢાંચામાં આત્મજ્ઞાન રેડીને પ્રજા-ખાસ કરીને ઊગતી પ્રજાને-આપવું જોઈએ, તેવું સ્વીકારવા આપણે તૈયાર છીએ ? ઊગતી પ્રજાની અવગણના કરીશું તો જૈનધર્મ અને સંસ્કૃતિને, તેની તાજગી અને વેધકતા સહિત, ટકાવી રાખવાં અશક્ય નહિ તો અઘરાં થઈ પડશે. આજે આપણા ઘણા સાધુઓ અને આચાર્યોના જ્ઞાનના સીમાડા ઠીકઠીક વિસ્તરેલા દેખાય છે, એટલે ઉપલો વિચાર આવે છે. ધારે તો આજના બધા નહિ તો કેટલાક સાધુઓ અને આચાર્યો આ કામ સહેલાઈથી કરી શકે તેવા છે.

મેં પૂ. શ્રી નંદનસૂરિજીને મારા પચાસ વર્ષના નિકટના સંબંધને લીધે અનેક રૂપે-શિષ્ય તથા ગુરુરૂપે, વ્યાખ્યાતા, સમાજના નેતા વગેરે રૂપે-જોયા છે. શિષ્ય તરીકે શાસ્ત્રમાં વર્ણવેલાં બધાં ગુણો તેમણે જીવનમાં ઉતારેલા. ગુરુને સવારમાં નોકારસીના પચ્ચક્ખાણ છોડાવે, માંદા પડ્યા હોય ત્યારે પોતાનો દીકરો પણ ન કરે તેવી સેવા કરે, એવાં દૃશ્યો મારી આંખ સમક્ષ આજે પણ તરે છે. 'ઉદય-નંદન' એમ ગુરુમુખેથી શબ્દો નીકળે અને બંને એક જ ક્ષણે તેમની આજ્ઞાની રાહ જોતાં ઊભા રહી ગયા હોય એવાં પ્રેરણા પામવા જેવાં દૃશ્યો મેં જોયાં છે. આ દૃશ્યો સવારમાં પણ જોવાય અને રાત્રીના કોઈ પણ સમયે પણ જોવાય. હું ઘણી વાર તેમની પાસે રાત્રે સૂતો તેથી ઉપર પ્રમાણે લખું છે.

ઉદય-નંદન બંને ગુરુના (પર્યાયરૂપ) જેવા થઈ ગયા હતા. દા.ત. ગાંધીજી અને મહાદેવ દેસાઈની સહી ન હોય તો લખાણ કોનું છે તે કહેવું મુશ્કેલ પડે તેવી રીતે ગુરુ જે કહે તે જ

ઉદય-નંદન કહે અને એથી ઊલટું પણ સાચું હતું. અલબત્ત, બની શકે તેવો વિશાળ શિષ્ય સમુદાય પૂ. શ્રી નેમિસૂરીશ્વરજી પાસે હતો. પણ આ બંને આત્મા ઋણાનુબંધ પ્રમાણે તે સ્થાન પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી બન્યા અને છેવટે સુધી સાચવી શક્યા.

એક ન ભૂલાય તેવો પ્રસંગ યાદ આવે છે : ગુરુજીની તબિયત ખૂબ લથડી ગઇ છે. સાવચેતીથી વિચાર કરવાનો છે. બે માણસના ટેકા વિના ડગલું ભરી શક્તા નથી. છતાં ચાલીને વિહાર કરવાની જીદ લીધી છે. પૂ. શ્રી નંદનસૂરિજી વગેરેએ ડોળીનો ઉપયોગ કરવાની વારંવાર વૃથા વિનંતી કરી, કાકલૂદી કરી, રડ્યા. અને માંડમાંડ ડોળી વાપરવાની હા પાડી. આ દૃશ્ય માનવજીવનની સાર્થકતા કોને કહેવાય તે બતાવવા ઉપરાંત અનેક ઊર્મિઓને જગાવી જતું હતું.

એક બીજી વાત પણ જાણવા જેવી છે : પૂ. શ્રી નંદનસૂરિજી પિત્તાશયની પથરીના દર્દથી વર્ષોથી પીડાતા હતા. ડૉ. કુક અને બીજા સર્જનોનો અભિપ્રાય હતો કે ઑપરેશન કરી પિત્તાશયની કોથળી કાઢયા સિવાય બીજો કોઇ ઉપાય નથી. છેલ્લાં ત્રીસેક વર્ષથી આ દર્દ સહન કર્યું; પૂરું ખવાય નહિ, અપચો રહ્યા કરે અને તેથી ગેસ થાય, તે હૃદય ઉપર અસર કરે. ઑપરેશન ન કરાવવાનું કારણ ગુરુ ન છૂટકે દવા લેવાના હિમાયતી હતા, તે હતું. ઑપરેશનમાં તેઓ લાભ કરતાં અલાભ-સાચી કે ખોટી રીતે માનતા. પણ ગુર્વાજ્ઞા શિરસાવંદ્ય તે આનું નામ.

ઉંમર વધતાં અને શિષ્યસમુદાય વ્યાખ્યાનની જવાબદારી સ્વીકારી શકે તેવો હોવાથી પોતે તે કામ ઓછું કરેલ પણ ધાર્મિક વિધિ-વિધાનો કરવા માટે મુહૂર્ત જોઇ દેવાની તેમની ફાવટ કહેવતરૂપ બની ગઇ હતી. સવાર, બપોર, સાંજ-ગમે તે વખતે જાઓ અને મુહૂર્ત જોઇ આપવાની વિનંતી કરો તો કાઢે પંચાંગ. ગામનું નામ, કરાવનારનું નામ શું ? અને ચંદ્ર વગેરેની સ્થિતિ-ગતિનો આંગળીને ટેરવે હિસાબ મૂકી કહી દે મુહૂર્ત. પછી પૂછવાનું જ નહિ. આ નામના તેમની એટલી બધી ફેલાણી હતી અને સિદ્ધ હતી કે કોઇ આડે દિવસે પાંજરાપોળ ઉપાશ્રયે નહિ ચડનાર પણ આવા કામ માટે (મુહૂર્ત માટે) અચૂક અહીં જ આવતા. જ્યોતિષશાસ્ત્રનો કેવો અભ્યાસ ! આ પણ વિરલ સિદ્ધિ ગણાવી જોઇએ. પણ મુહૂર્ત જોનાર તરીકે જ તેમનું મૂલ્યાંકન થતું ન રહે તે જોવું જોઇએ.

એમણે જેવો આદર્શ શિષ્ય તરીકે ભાગ ભજવ્યો હતો, તેવો જ ગુરુ તરીકે પણ ભાગ ભજવ્યો હતો. જિંદગીના છેલ્લા વર્ષ સુધી પોતાના શિષ્યોને ઉમંગથી, ઉત્સાહી જ્ઞાતા ગુરુની

માફક શીખવતા મેં એમને જોયા છે. કેટલું બધું જ્ઞાન તેઓને કંઠસ્થ હતું તે જોઇ મને આશ્ચર્ય થયેલું.

હું જેમ જેમ પૂ. શ્રી નેમિસૂરિજીના સહવાસમાં આવતો ગયો તેમ તેમ મને થયું કે તેઓશ્રીના જીવનની વિકાસકથા શબ્દદેહે બદ્ધ કરી દેવી જોઇએ. મેં પૂ. શ્રી નંદનસૂરિજી પાસે એ વિચાર મૂક્યો. તેમણે તે કામ મારે કરવું તેવી પ્રેરણા આપ્યા કરી, કારણ કે, મહારાજસાહેબ (પૂ. નેમિસૂરિજી) સ્વમુખે પોતાના વિષે વાત નહિ કરે તેવી એમને ભીતિ હતી. પણ મને તેઓ પોતાની વાત કહે તો ના નહિ તેવું તેમનું કહેવું હતું. હું શનિ-રવિ બપોરના સામાયિક લઇ એમની પાસે બેસતો. હું સવાલો પૂછું અને તેઓ જવાબ આપે અને હું ટૂંકમાં ઉતારી લઉં. કોઇક એવી વાત નીકળે અને હું લખવા જાઉં કે રોકે અને કહે કે આ તને સમજવા ઉપયોગી થાય માટે કહી છે, એ લખાય નહિ; off the record રાખવી. તે રીતે પ્રાથમિક તૈયારીરૂપે મેં નોંધો તૈયાર કરી. હું તે નોંધનો ઉપયોગ કરવા ભાગ્યશાળી ન થયો, કારણ કે, મારો ખ્યાલ એવો છે કે મહાન પુરુષને સમજવામાં આપણામાં મહાનપણું સુષુપ્ત હોવું જોઇએ. ટાગોરનું જીવનચરિત્ર લખવું હોય તો તમે કોઇક દૃષ્ટિબિંદુથી છોટા ટાગોર હોવા જોઇએ. હું એવો નથી તેની મને ખાતરી હતી. બીજું, આવી મહાન વિભૂતિને ખરેખરા અર્થમાં સમજવી, એ માટે પૂરતી તૈયારી કરવી, તે પાછળ વખત અને સાધનનો ભોગ આપવો વગેરે માટે મારી પાસે સગવડ ન હતી. ત્રીજું કારણ એ હતું કે આજે validity of language વિષે વિચારકો શંકામાં પડ્યા છે. દા. ત. આપણે બે મિનિટ બોલીએ કે લખીએ. તેમાં અમુક શબ્દ, દા.ત. ‘ધર્મ’, શબ્દ, બે-પાંચવાર વાપરીએ. પણ દરેક વખતે આપણા મનમાં ‘ધર્મ’ શબ્દનો અર્થ જુદો હોય. એટલે શબ્દનો content (અર્થ) બદલ્યા જ કરતા હોઇએ છીએ. આપણે ભાષાને વર્ણનાત્મક રીતે વાપરીએ છીએ; Definitive (શબ્દ એક જ અર્થમાં વાપરવો) નહિ. જે કહેવું હોય તે જ અર્થ સિવાય બીજું કાંઇ ન કહી જવાય તેટલી હદ સુધીની ભાષા ઉપરની પ્રભુતા આજે પણ મારી પાસે નથી. આ બધું હું defence mechanism તરીકે તો નહિ લખતો હોઉં ? જે હોય તે ખરું; પણ એ નોંધો પૂ. શ્રી શીલચંદ્રવિજયજીને કામ લાગી અને શ્રી વિજયનેમિસૂરિજીનું ચરિત્ર લખવાનું ભગીરથ કામ તેમણે પૂરું કર્યું તેથી આનંદની લાગણી મેં અનુભવી છે.

મારી દૃષ્ટિએ પૂ. શ્રી નંદનસૂરિજીનું છેલ્લું કાર્ય એમના જીવનની કલગીરૂપ બની રહેશે. શ્રી મહાવીર ભગવાની પચીસમી નિર્વાણ શતાબ્દી ઊજવવામાં સરકારી રાહે જે સમારંભો થાય તેમાં ભાગ લેવો ઉચિત ગણાય કે નહિ તે વિષે સંઘમાં ભારે ઊહાપોહ થયેલ. ઊહાપોહ

કરનારાની દલીલ-જે પ્રમાણે હું સમજી શક્યો છું તે પ્રમાણે-એ હતી કે, જૈનધર્મ બીજા ધર્મોથી સૂક્ષ્મ રીતે ક્યાં જુદો પડે છે તે જૈનેતર-non-Jain-ન પકડી શકે અને તેથી જૈનધર્મની લાક્ષણિકતા ભૂલાઈ જાય કે તેની અવગણના થાય. અને તે સાચું હોય તો, આવી ઉજવણીથી લાભ કરતાં ગેરલાભ વધારે થાય. તેના જવાબમાં એમ કહી શકાય કે કેટલીક અગત્યની બાબતો-મોક્ષ, સ્વર્ગ વગેરે-બધા ધર્મોમાં સરખી હોય છે. તે પામવા માટે જુદા જુદા ધર્મપ્રવર્તકો જુદા જુદા રસ્તા બતાવે છે. તે તરફ ધ્યાન દોરવાનું અને તેના ઉપર ભાર મૂકવાનું કાર્ય આપણે એ સમારંભોમાં ભાગ લઈને વધારે સારી રીતે કરી શકીએ. આજે કોઈ માનવી island નથી, કોઈ દેશ isolationમાં રહી શકતો નથી; તો સ્થળ-કાળનો વિચાર કરી, ધર્મને જરા પણ હાનિ થવા દીધા વિના, એમાં ભાગ લેવો જોઈએ તેમ કહી પૂ. શ્રીનંદનસૂરિજીએ લીલી ઝંડી બતાવીને, મારા મતે, યોગ્ય કર્યું છે. તેથી આપણે ગુમાવ્યા કરતાં વધારે મેળવ્યું હશે. શ્રી વિનોબા ભાવે એવું બોલ્યાનું સ્મરણ છે કે, મારી કેટલીક શંકાઓનું સમાધાન મને જૈનધર્મમાંથી મળ્યું છે. સ્વામી આનંદે પણ શું કહ્યું હતું તે સૌએ વાંચ્યું હશે.

એ પ્રસંગે આચાર્યશ્રીએ જે ટૂંકું પ્રવચન કર્યું તેનું મહત્ત્વ જેટલું ગણીએ તેટલું ઓછું છે. આજે આપણે સપાટી પર જીવનારા જીવો છીએ એટલે પરંપરા પ્રમાણે વિધિ-વિધાનો, પૂજા વગેરે કરીને સંતોષ માનીએ છીએ. ધાર્મિક પુનરુત્થાનના ગાતાની જરૂર છે. તે તેમણે અમુક અંશે કર્યું ગણાય; અથવા એ તરફ આંગળી ચીંધી ગણાય. મૂર્તિ આરસ, કાષ્ઠ, અરે, ચિંથરાની બનાવીને પૂજો છો તેમાં મૂર્તિ અગત્યની નથી, ભાર પૂજા ઉપર મૂકવાનો છે. પૂજા કેસર, ચંદન કે સિંદૂર વડે કરો છો તે મહત્ત્વનું નથી, ક્યા ભાવથી કરો છો તે અગત્યનું છે. સાધનને ગૌણ ગણો; સાધ્ય નિરંતર નજર સમક્ષ રાખો. તેમનો કહેવાનો હરગિજ એવો આશય નહિ હોય કે સાધન-સામગ્રી પ્રમાણે પૂજાનાં સાધનો કલાત્મક, સુંદર ન કરવાં; એ જરૂર કરો. પૂજાનાં ભાવને પુષ્ટિ આપે તેવું બધું કરો, ઉપયોગી કરો; પણ સાધન-સામગ્રીને અભાવે રખે પૂજારહિત રહેતા. આ વાત આજે નહિ તો કાલે આપણે બરાબર સમજવી પડશે જ. એ રીતે એ વ્યાખ્યાન બહુ અગત્યનું હતું.

અનેક પાસાંઓથી ભરપૂર જીવન પૂ. શ્રી નંદનસૂરિજી જીવી ગયા. બોટાદમાં તેમના નશ્વર દેહને અગ્નિસંસ્કાર થતો હતો ત્યારે લોકો કંઈક નીચેનો ભાવ પ્રદર્શિત કરતા હતા: As long as he lived we honoured and respected him; now we almost worship him." તેઓ જીવતા હતા ત્યારે અમે એમને બહુ માનથી જોતાં; હવે તો અમે લગભગ પૂજીએ છીએ તે આત્માને !

# પૂજ્યશ્રીની પ્રસાદી

## પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયનન્દનસૂરિજી મહારાજે રચેલ સ્તવનો

(૧)

### શ્રી આદીશ્વરજિન સ્તવન

(સંવત એક અઠલંતરે રે-એ રાગ; મામેરૂં ભલે આવ્યું.)

નાભિનૃપસુત વંદીએ રે, આનંદીએ ચિરકાલ;
જન્મ જરા મૃત્યુ વામીએ રે, પામીયે સૌખ્ય વિશાલ.
હો પ્રભુજી ! પાપ પ્રત્યુહને વારજો રે, જ્ઞાનપ્રકાશ વિસ્તારજો રે,
લોકદીપક જિનરાજ. (૧)

સાંનિધમાં સિદ્ધિ છતાં રે, ભવ્યનું હિત કરવા જ;
ચવિયા સર્વાર્થસિદ્ધથી રે, ભૂમિતલે ભૂપરાજ. હો પ્રભુજી. (૨)
જાણી જ્ઞાનથી આવીયા રે, દેવ સહિત સુરરાય;
વંદી પંચ રૂપી થાય રે, જિન પ્રભુ હસ્ત ધરાય. હો પ્રભુજી. (૩)

દિવ્ય દુંદુભિના નાદથી રે, ગર્જતા ગગન મોઝાર;
સુરવર વૃન્દથી શોભતા રે, ચાલ્યા સુરપતિ સાર. હો પ્રભુજી. (૪)

કંચન ગિરિવર ગાજતો રે, સ્થિર થયો સબ પરિવાર;
શૃંગ ઉપર જિન થાપીયા રે, હર્ષ હૃદય અપાર. હો પ્રભુજી. (૫)

ક્ષીરપયોધિથી ભર્યા રે, કાંચન કલશ વિશાલ;
સ્નાન કરે ભક્તિ ભરે રે, ભેદે ભવભય જાલ. હો પ્રભુજી. (૬)

જન્મોત્સવ હર્ષે કરી રે, આવ્યા જિનજનની પાસ;
શીશ નમાવી વંદીને રે, શક્ર આવ્યા આવાસ. હો પ્રભુજી. (૭)

વય થયે રાજ્ય ભોગવે રે, ત્રણ ભુવન લોકપાલ;
લોકાન્તિક દેવ વિનવે રે, તીર્થંકર ઉજમાલ. હો પ્રભુજી. (૮)

સંયમી થઈ સિદ્ધિ વર્યા રે, જ્યોતિસ્વરૂપ જિનરાય;
શ્રી નેમિસૂરિ તણો રે, ઉદય "નંદન" ગુણ ગાય. હો પ્રભુજી.
પાપ પ્રત્યુહને વારજો રે, જ્ઞાન પ્રકાશ વિસ્તારજો રે,
લોકદીપક જિનરાજ. (૯)

(રચના : વિ.સં. ૧૯૮૦ આસપાસ)

(૨)

## શ્રી ઋષભજિન સ્તવન

(વિહરમાન ભગવાન સુણો મુજ વિનતિ-એ રાગ)

આદીશ્વર આદિ તીર્થપ્રવર્તક તું થયો, આદિ લોકાલોકના ભાવભાસક થયો;
આદિ ધર્મધુરંધર કલ્પશાખી સમો, આદિ મોહનિવારક ભવ્ય જનો ! નમો. (૧)

આદિ અતિશયવંત વિશાલ ગુણે ભર્યો, આદિ સાર્ધ અનંત સુસૌખ્યને તું વર્યો;
આદિ દેવ નરેશ સમૂહથી પરિવર્યો, આદિ ભારત ભૂમિ પાવન કરી વિચર્યો. (૨)

આદિ ચઉવિહ સંઘ-સરોજ વિકાસતો, આદિ હેમ સિંહાસન ભાનુ તું ભાસતો;
આદિ કર્મના મર્મ વિદારક ધર્મને, આદિ રોપક નાથ વિદાયક શર્મને. (૩)

આદિ વીણ અનંત સંસારમાં હું ભમ્યો, આદિ દેવન શુદ્ધ સ્વભાવ મને ગમ્યો;
આદિ વાન અનંત અક્ષય સુખ સાંભળી, આદીશ્વર જિન આવ્યો પાપ દુઃખે બળી. (૪)

શરણે આગત સેવક પાપ નિવારીને, તારક ! તાર તું દાસ દયા દિલ ધારીને;
તપગચ્છ વ્યોમ નભોમણિ નેમિસૂરીશ્વરું, વાચક ઉદય અંતેષદ "નન્દન" સુખ કરું (૫)

(૩)

## શ્રી શાન્તિનાથજિન સ્તવન

(વીરજી સુણો એક વિનતિ મોરી-એ રાગ)

શાન્તિ જિનેશ્વર તારક માહરા, અરજ કરું એક જગધણી રે;
આવ્યો સેવક શરણે તાહરા, હોંશ ધરી મનમાં ઘણી રે.
પ્રભુ ! મને તારો, ભવજલ પાર ઉતારો ને રે. (૧)

સમતા સુંદરીના પ્રભુ ભોગી, ત્રણ રત્ન મુજ આપો ને રે;
દીનદયાલ કૃપાપર તારક, જન્મમરણ દુઃખ કાપો ને રે, પ્રભુ ! મને તારો. (૨)

જેમ પારેવા પંખીની ઉપરે, સ્વામી તુમે કરુણા કીધી રે;
તીમ જો નિજ સેવક સંભારો, તો તુમે પદવી સાચી લીધી રે. પ્રભુ ! મને તારો. (૩)

અર્થી થાએ ઉતાવળો આજે, ક્ષણ લાગે સો વર્ષા સમી રે;
સમકિત સુખડી દ્યો ને પ્રભુજી ! આપને ત્યાં તો નથી કમી રે. પ્રભુ ! મને તારો. (૪)

નરક-નિગોદમાં બહુ ભવ ભમીયો, આથડીયો અજ્ઞાનમાં રે;
કાલ અનંતો ઈણી પેરે ગમીયો, મોહ સુરાના પાનમાં રે. પ્રભુ ! મને તારો. (૫)

મૃગલંછન મનહરણી મૂરતિ, સુરતિ સુંદર પ્રભુ તાહરી રે;
ચન્દ્ર ચકોર તણી પેરે નીરખી, આશ ફળી આજ માહરી રે. પ્રભુ ! મને તારો. (૬)

વિશ્વસેન નૃપ નયનાનંદન, તુમ પદ સેવા પામીને રે;
તપગચ્છ નાયક નેમિ-ઉદયનો, "નન્દન" કહે શિર નામી ને રે. પ્રભુ ! મને તારો. (૭)

(૪)

## શ્રી નેમિનાથજિન સ્તવન

(ભેખ રે ઉતારો રાજા ભરથરી-એ રાગ)

રાજિમતી રંગે ભણે, પ્યારા પ્રાણ આધાર જી;
મુજરો સુણી પ્રભુ ! માહરો, આવો આવો મુજ દ્વાર જી. રાજિમતી. (૧)

પશુનો પોકાર સાંભળી, મૂકી મને નિરાધાર જી;
નવ ભવ કેરી પ્રીતડી, તોડી પ્રભુ ! પલવાર જી. રાજિમતી. (૨)

શાને કારણે પ્રભુ ! આવીયા, જાવું હતું જો નાથ ! જી;
છેતરી છેહ દીધો મુને, પણ છોડું નહિ સાથ જી. રાજિમતી. (૩)

વરસીદાન દેઈ કરી, ચાલ્યા ગઢ ગિરનાર જી;
સહસાવને સંયમ લેઈ, વરીયા કેવલ સાર જી. રાજિમતી. (૪)

તારા જીવન-સંગીતમાં, મારું હૈયાનું ગીત જી;
સાથે સંયમ આદરી, કરું શિવલક્ષ્મીની પ્રીત જી. રાજિમતી. (૫)

આત્મ-અભેદપણે કરી, જ્યોતિમાં જ્યોતિ મિલાય જી;
સાદિ-અનંત સ્થિતિ વરી, સિદ્ધસ્થાને સોહાય જી. રાજિમતી. (૬)

નેમરાજુલ મુક્તિ વર્યાં, પ્રીતિ અભંગ કહાય જી;
નેમિઅંતેષદ ઉદયનો, "નન્દન" કહે ચિત્ત લાય જી. રાજિમતી. (૭)

(૫)

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(પ્રાણ થકી પ્યારો મુને રે, પુરિસાદાણી પાસ-એ રાગ)

આજ આનંદ અતિ થયો રે, ભેટ્યા શ્રી પ્રભુ પાસ;
મૂરતિ મનોહર તાહરી રે, પૂરે મુજ મન આશ. પ્રભુશ્રી સ્તંભનપતિ પાસ. (૧)

અશ્વસેનનો લાડલો રે, આપે અતિહિ આનંદ;
વામાજીનો નંદલો રે, મુખ શારદનો ચંદ. પ્રભુશ્રી. (૨)

મસ્તકે મુગુટ સોહામણો રે, કંઠે નવસરો હાર;
બાંહે બાજુબંધ બેરખા રે, આંખલડી અવિકાર. પ્રભુશ્રી. (૩)

રવિ શશિ મંડલ જીપક કુંડલ-યુગલ મનોહર ઝલકે;
તુમ પરે અહોનિશ ઉદિત કરો પ્રભુ ! ઈમ કહેતાં ગુણ મહકે. પ્રભુશ્રી. (૪)

શાન્ત મૂરતિ પ્રભુની પ્યારી, મુજ મન અતીહિ સુહાય;
કમનીય કાન્તિ નિલમ ક્યારી, પ્રસર્યો સદલ સછાય. પ્રભુશ્રી. (૫)

સ્તંભનપુરપતિ પાસ નિહાળી, બોધિબીજ થયું શુદ્ધ;
ભવોભવ સેવા તુમ પય કેરી, માગું એહિ જ બુદ્ધ. પ્રભુશ્રી. (૬)

વામાનંદન પાર્શ્વપ્રભુજી ! પૂરો મનના કોડ;
નેમિસૂરિ ઉદય વાચકનો, "નન્દન" નેમ કર જોડ. પ્રભુશ્રી. (૭)

(૬)

## શ્રી મહાવીરસ્વામીજિન સ્તવન

(ભેખ રે ઉતારો રાજા ભરથરી-એ રાગ)

ત્રિશલાનંદન પ્રભુ ! માહરી, વિનંતી અવધારી જી;
શ્રવણે સુણી ગુણ તાહરા, આવ્યો તુમ દરબાર જી. ત્રિશલા. ૧

રાગ-દ્વેષ મહા મોહમાં, મૂંઝયો કાલ અનંત જી;
ચૂરો ચઉગઈ માહરી, મહેર કરી જગતાત ! જી. ત્રિશલા. ૨

તારક બિરુદ છે તાહરું, તું શમદમ ભંડાર જી;
કરુણાનાથ દીનાનાથ જી, સકલ ગુણના આગાર જી. ત્રિશલા. ૩

હરિલંછન ગત લંછનો, સિદ્ધરથ જસ તાત જી;
કાયાની માયા સવિ છોડીને, થયા મુનિ અવદાત જી. ત્રિશલા. ૪

સંગમ સુરાધમ દેવના, ઉપસર્ગ બહુ વાર જી;
ઉપશમ રસ માંહી ઝીલતા, સહ્યા પ્રભુ અણગાર જી. ત્રિશલા. ૫

નિજપદપંકજ દંશતો, ચંડકોશીયો ચંડ નાગ જી;
કરુણા કરી પ્રભુ ઉદ્ધર્યો, ગયો દેવલોક સુભાગ જી. ત્રિશલા. ૬

ઘાતી કર્મ ખપાવીને, પામ્યા ક્ષાયિક નાણ જી;
ત્રણે જગતના ભાવને, પ્રકાશે જિનભાણ જી. ત્રિશલા. ૭

કનક રયણ મણી સોહતું, સમવસરણ રચ્યું સાર જી;
ચોસઠ સુરપતિ નાથને, આવી પ્રણમે ઉદાર જી. ત્રિશલા. ૮

ચઉવયણ ભલી દેશના, સોવનવર્ણ પ્રભુરાજ જી;
દીયે જગતના જંતુને, સકળ સંશય ભાંજે જી. ત્રિશલા. ૯

ચઉતીસ અતિશય શોભતા, પાંત્રીસ વાણી ગુણધામજી;
ભામંડલ અતિદીપતું, આદિત્ય પરે લલામ જી. ત્રિશલા. ૧૦

ત્રણ ભુવનના નાથને, માથે ત્રણ છત્ર વિરાજે જી;
ઉભય પાસમાં બે ચામરો, શોભે અતિ મહારાજ જી. ત્રિશલા. ૧૧

સુરકૃત કનકારવિંદમાં, ઠવે પગલાં અભિરામ જી;
ચરણકમલ પ્રભુ ! તાહરા, સેવે સુર કોટી ગ્રામ જી. ત્રિશલા. ૧૨

યજ્ઞ માટે થયા એકઠા, વિપ્ર એકાદશ પ્રધાન જી;
સંશય ટાલી સહુ તેહના, કીધા આપ સમાન જી. ત્રિશલા. ૧૩

નય નિધિ પ્રભુ ! તાહરી, મૂર્તિ શાન્ત અવિકાર જી;
દેખી રીજે ભાવિ આતમા, કઠિન કર્મ નિવાર જી. ત્રિશલા. ૧૪

દયાનિધિ ! દયા ધારીએ, તુજ અનુપ પ્રતાપ જી;
પાપ નિવારો પ્રભુ ! માહરાં, શરણે રહ્યો હવે આપ જી. ત્રિશલા. ૧૫

આદિ અનંત પદ જઇ વર્યું, નહિ દુઃખનો લવલેશ જી;
''નન્દન'' કહે પ્રભુ માહરી, માની લહો અરદાસજી.
ત્રિશલાનંદન પ્રભુ ! માહરી. ૧૬

## દેવદ્રવ્ય સંબંધી ખુલાસો

*એક વાર કોઈકે પૂછાવ્યું કે, પૂજારીનો પગાર દેવદ્રવ્યમાંથી આપી શકાય કે નહિ ? ઘણા ના પાડે છે, આપના જવાબ પર નિર્ણય અવલંબે છે.*

*આ વાંચીને પૂજ્યવર કહે: ''મજાની વાત છે આ. શ્રાવકનો દીકરો વાસણનો વેપારી હોય. એ ત્રિગડા તૈયાર કરીને વેચે ને દેવદ્રવ્યના પૈસા લે, એમાં એને કોઈ દોષ નહિ. કેમ કે એણે વસ્તુ આપીને પૈસા લીધા છે. તો પછી પૂજારી એનાં મહેનતાણાના પગારના પૈસા દેવદ્રવ્યમાંથી શા માટે ન લઈ શકે ? એ તો એની મહેનતાણાના પૈસા લે છે, એમાં શો વાંધો ? મને તો જરાય વાંધો નથી લાગતો.''*

# જ્ઞાનદ્રવ્યના ઉપયોગ સંબંધી ખુલાસો આપતો એક પત્ર

નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે

**જૈન સાહિત્ય મંદિર**, પાલીતાણા (સૌરાષ્ટ્ર) તા. ૧૯-૬-૬૧

લિ. વિજયનંદનસૂરિ વિ.

તત્ર શ્રી દેવગુરૂભક્તિકારક શા. ભોગીલાલ બુલાખીદાસ વગેરે યોગ્ય ધર્મલાભ (અમદાવાદ)

પરમપૂજય પરમોપકારી પ્રાતઃસ્મરણીય શાસનસમ્રાટ બાલબ્રહ્મચારી પૂજ્યપાદ પરમકૃપાળુ શ્રી ગુરૂભગવંતના પુણ્યપસાયથી અહીં સુખશાતા વર્તે છે. તમારો તા. ૧૭-૬-૬૧નો પત્ર મલ્યો. તમારા કુશલાદિ સમાચાર જાણી સંતોષ. જવાબમાં --

તમારે ત્યાં "પ્રાચ્ય વિદ્યા ભવન" જ્ઞાનભંડાર માટે પુસ્તકો આપવા - લેવા - સાચવવા સારુ રાખેલ, જે શ્રી વીતરાગ ભગવાનનો અનુયાયી માણસ છે, તેને મહેનતાણું તે સંસ્થાના જ્ઞાનખાતામાં આવેલ રકમમાંથી આપીએ તો તે બરાબર છે, પૂછાવ્યું તો તે રીતે આપવામાં અમોને કોઇ જાતનો બાધ લાગતો નથી. આપી શકો છો.

વિશેષમાં, તે માણસ પુસ્તકો સિવાયનું બીજું કોઇ કામ તમારું કે સોસાયટીનું કરતા હોય કે કરાવાતું હોય તો તેમાં અમુક ભાગ મહેનતાણું સાધારણ ખાતેથી આપવું, જેથી આપણે આપણું કંઇ આંટાવિંટાનું કરાવતા હોઇએ તો તે બાબતનો પણ દોષ રહે નહિ. જેમ ૧૨ આના જ્ઞાનખાતામાંથી, ૪ આના સાધારણખાતામાંથી અથવા ૧૪ આના જ્ઞાનખાતામાંથી, ૨ આના સાધારણખાતામાંથી આપવા; જેવું જે ખાતાનું કામ.

હાલ એ જ, સાધ્વીજી મહારાજના સ્વાધ્યાય અર્થે મોકલાવેલ શ્રી ઉત્તરાધ્યયન પુસ્તક ૧ મોકલ્યું, તે પણ પહોંચ્યું છે. તે સાધ્વીજી મહારાજને મોકલાવી આપીશું. ધર્મકરણીમાં યથાશક્તિ ઉદ્યમવંત રહેવું . જૈન સોસાયટી સકળ શ્રીસંઘને અમારા ધર્મલાભ.

તા. ક. ઉપર પ્રમાણે મહેનતાણું લેનાર માણસને પણ તે પ્રમાણે ખાતામાંથી મહેનતાણું લેવામાં સંકોચ કે શંકા લાવવાની જરૂર નથી. તે તે ખાતામાં મહેનત કરીને તે તે ખાતામાંથી મહેનતાણું લેવાનું છે. એ જ.

# પૂજ્યશ્રીના બે મંગલ પ્રવચનો

**(વિ. સં. ૨૦૩૧ ના કાર્તક શુદિ ૨ ના દિવસે ૨૫ મી વીરનિર્વાણ કલ્યાણક શતાબ્દીના ઐતિહાસિક અવસરને અનુલક્ષીને અમદાવાદના શ્રીસંઘે યોજેલ ગુણાનુવાદસભામાં પૂજ્ય આચાર્ય ભગવંતે કરેલ પ્રવચન.)**

"જૈનધર્મ તો મહાન અને વિશાળ છે. એ સંકુચિત નથી. પણ એને કૂવાના દેડકા જેવો તો આપણે બનાવી દીધો છે. જૈનદર્શનમાં તો ત્યાં સુધી કીધું છે કે:

अपुनर्बन्धकस्यापि, या क्रिया शमशालिनी ।
चित्रा दर्शनभेदेन, धर्मविघ्नक्षयाय सा ॥

- જે આત્મા અપુનર્બન્ધકભાવમાં - મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ફરી બાંધવી ન પડે એવા ભાવમાં આવી ગયો છે, પણ હજી સમકિત પામ્યો નથી; એની પણ જે શમશાલિની ક્રિયા - ઉપશમભાવની અને અકદાગ્રહભાવની એની જે ક્રિયા, એ ગમે તે દર્શનની હોય - ભિન્ન ભિન્ન દર્શનને અનુસરનારી હોય, તો પણ धर्मविघ्नक्षयाय सा - એ ક્રિયા ધર્મમાં અંતરાય આપનાર વિઘ્નોનો નાશ કરવા માટે સમર્થ છે.

એટલું જ નહિ, પણ ભગવંતે તો કીધું છે કે જ્યાં આત્મા ચોથી દૃષ્ટિમાં વર્તતો હોય, ત્યાં એને એક જ વિચાર આવે કે:

સર્વજ્ઞ તો જગતમાં એક જ છે. ભલે એક જુદાં સર્વજ્ઞ કહે, બીજાં જુદાં સર્વજ્ઞ કહે, ત્રીજાં જુદાં કહે, પણ સર્વજ્ઞનું સ્વરૂપ તો ત્યાં એક જ છે. અને તે વીતરાગીપણું છે.

આવી રીતે મોક્ષનું સ્વરૂપ પણ એક જ છે. જુદું જુદું નથી. કાંઈ વેદાંતીનો મોક્ષ જુદો નથી. પતંજલિનો મોક્ષ જુદો નથી. સાંખ્યનો મોક્ષ કોઈ જુદો નથી. નૈયાયિકનો જુદો નથી, તેમ જૈનનો પણ જુદો મોક્ષ નથી.

'संसाराऽतीततत्त्वं तु, परं निर्वाणसंज्ञितम् ॥'

- સંસારથી ઉલ્લંઘેલું - અતીત - જે મોક્ષ નામનું તત્ત્વ છે, તે કેવું છે ? તો यद् गत्वा न निवर्तन्ते, तद्धाम परमं मम – જ્યાં જઈને પાછું નથી આવવાનું, તે મારું ધામ - મોક્ષ છે વળી -

**यन्न दुःखेन संभिन्नं, न च भ्रष्टमनन्तरम्**

**अभिलाषापनीतं च, तज्ज्ञेयं परमं पदम् ॥**

- જે કોઇ જાતના દુઃખથી મિશ્ર નથી, મળ્યાં પછી જેનો નાશ થવાનો નથી, અને જે સ્થાન મળ્યા પછી જગતની કોઇ જાતની અભિલાષા રહેવાની નથી, આવું ઉત્તમ સ્થાન જો કોઇ હોય તો એ મોક્ષ છે.

અને આવું જે મોક્ષ પદ, તે તો -

**तद्धयेकमेव नियमाच्छब्दभेदेऽपि तत्त्वतः ॥**

- સાંખ્યનું પણ એક જ છે, યોગનું પણ એક જ છે, ને જૈનનું પણ એક જ છે. શબ્દના ભલે ભેદ હોય, કોઇ એને 'પ્રકૃતિનો વિયોગ' કહે. કોઇ 'કર્મોનો નાશ' કહે. કોઇ 'દુરિતધ્વંસ' બોલે. કોઇ એને 'પરમાનંદરૂપ' માને. કોઇ 'ક્ષણિક - નૈરાત્મ્યવાદ' કહે અને કોઇ 'માયાનો વિયોગ' કહે, પણ બધાંનું સ્થાન તો ત્યાં એક સરખું જ છે.

ચોથી દૃષ્ટિમાં રહેલા આત્માને આ ભાવના હોય છે.

આટલો બધો વિશાળ પરમાત્માનો ધર્મ છે. એ જેવો વિશાળ છે, એવો કોઇનો ધર્મ નથી. પણ એને વિશાળ કેમ કરવો ? એને વિશાળતા કેમ આપવી ? એ માટે આપણામાં સામર્થ્ય નથી. એ આપણી શક્તિ બહારનો વિષય છે. પણ કરીએ તો થઇ શકે.

એક જ દાખલો આપું. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ દિગંબરના ગ્રંથ ઉપર વિવરણ લખ્યું છે. એમણે ત્યાં પહેલો શ્લોક લખ્યો છે :

**ऐन्द्रमहः प्रणिधाय, न्यायविशारदयतिर्यशोविजयः ।**

**विषमामष्टसहस्त्री - मष्टसहस्त्र्या विवेचयति ॥**

- યશોવિજયજી મહારાજ બીજે ક્યાંય પોતાનું વિશેષણ મૂકતા નથી. અહીં પોતાનું વિશેષણ મૂક્યું છેઃ ન્યાય વિશારદ એવો હું આત્માના સ્વરૂપને નમસ્કાર કરું છું.

તમે શું કામ કરો છો ?

તો કહે છે : આ વિષમ એવો જે અષ્ટસહસ્રી નામનો ગ્રંથ છે. -

- કોનો ગ્રંથ છે એ ? તો દિગંબરનો ગ્રંથ છે. અને કોણે બનાવ્યો ? તો વિદ્યાનંદ સ્વામી મહારાજે બનાવ્યો છે. એ મહાન ગ્રંથ છે. એના આઠ હજાર શ્લોક છે. એની ઉપર હું વિવરણ કરું છું.

એ વિવરણ કેટલા શ્લોકોનું કરશો ?

તો આઠ હજાર શ્લોકપ્રમાણવાળું વિવરણ હું બનાવું છું.

પછી કહે છે કે :

**सिताम्बरशिरोमणिर्विदितचारुचिन्तामणि**
**र्विधायहृदि रुच्यतामिह समानतन्त्रे नये।**
**अनर्गलसमुच्छहलद्बहलवर्णतर्कोदक-**
**च्छटाभिरयमुत्सवं वितनुते विपश्चित्कुले ॥**

- સિતાંબરોમાં શિરોમણિ એવો હું, તેઓ કોઈ ઠેકાણે આવું - પોતાનું અભિમાન બતાવે એવું - બોલ્યા નથી. પણ અહીં બોલ્યા છે. એ અભિમાન નહોતું. પણ તેઓ સમજીને બોલ્યા છે.

સિતાંબરોમાં શિરોમણિ એવો હું છું, અને જેણે ચિંતામણિ નામનો જે મહાન ગ્રંથ છે - નૈયાયિકનો, ગંગેશ ઉપાધ્યાયે બનાવેલે, એ જેણે કંઠસ્થ કરી નાખ્યો છે, આવું જેને જ્ઞાન છે, એ (યશોવિજય) આ સમાનતંત્ર નય ઉપર વિવરણ કરે છે.

સમાનતંત્ર સિદ્ધાંત, પરતંત્ર સિદ્ધાંત, અભ્યુપગમ સિદ્ધાંત અને અધિગમ (સ્વતંત્ર) સિદ્ધાંત, આ ચાર પ્રકારના સિદ્ધાંતો છે. એનું સ્વરૂપે ય જાણવું જોઈએ.

આપણે તો સૂત્ર જાણવા નથી, ને અર્થ પણ જાણવા નથી. ઉત્સર્ગ કોને કહેવાય ? અપવાદ કોને કહેવાય ? ઉત્સર્ગ - ઉત્સર્ગ કોને કહેવાય ? અપવાદ - અપવાદ કોને કહેવાય ? ઉત્સર્ગ અપવાદ કોને કહેવાય ? ને અપવાદ ઉત્સર્ગ કોને કહેવાય ? આવા છએ પ્રકારના તો સૂત્ર શાસ્ત્રમાં કીધાં છે. આપણને તો એ જાણવાની પણ શકિત નથી, ને વિચારવાની ય શક્તિ નથી. કહેવાનું એ છે કે આ દિગંબરનો જે - સમાનતંત્ર સિદ્ધાંત છે, એમાં रुच्यतां विधाय રુચિ લાવીને હું આ વિવરણ ગ્રંથ બનાવું છું. કેમકે મારે તો એક જ કામ છે:

स्याद्वादार्थः क्वापि कस्यापि शास्त्रे
यः स्यात्त कश्चिद् दष्टिवादार्णवोत्थः ।
तास्याख्याने भारती सस्पृहा मे
भक्तिव्यक्तेर्नाग्रहोऽणौ पृथौ वा ॥

દષ્ટિવાદરૂપી જે દરિયો - પરમાત્માનો છે, એમાંથી એક બિંદુ પણ, એક સ્યાદ્વાદનો કણિયો પણ ઉછળીને ગમે તે શાસ્ત્રમાં ને ગમે તે દર્શનમાં ઊડીને પડ્યો હોય તો એનું વ્યાખ્યાન કરવામાં મારી ભારતી સ્પૃહાવાળી છે.

કેમ ? એટલાં કણિયાનું - બિંદુનું વિવરણ કરવાની શી જરૂર ?

તો જેને પરમાત્માના સ્યાદ્વાદ ઉપર હૃદયમાં ભક્તિ જાગી છે, એને આ નાનું ને આ મોટું, આ મારું ને આ પારકું, એવા આગ્રહ હોય નહિ.

એ ત્યાં વધારે બોલ્યા છે કે :

अम्भोराशेः प्रवेशे प्रविततसरितां सन्ति मार्गा इवोच्चैः-
स्याद्वादस्यानुयोगे कति न पृथक्संप्रदाया बुधानाम् ।
शक्यः स्वोत्प्रेक्षिताथैररुचिविषयतां तत्र नैकोऽपि नेतुं,
जेतुं दुर्वादिवृन्दं जिनसमयविदः किं न सर्वे सहायाः ॥

- જગતમાં મોટી મોટી અસંખ્યાતી નદીઓ છે, એ બધી નદીઓને દરિયામાં પ્રવેશ કરવાના માર્ગો કેટલાંય જુદાં જુદાં હોય છે. પણ એને છેવટે મળવાનું કયાં હોય ? તો દરિયામાં. એવી રીતે સ્યાદ્વાદનું જે વ્યાખ્યાન છે, અનેકાન્તવાદનું જે વ્યાખ્યાન છે, એ દરેક સંપ્રદાયો જુદી જુદી રીતે કરે છે. પણ કરે કોનું વ્યાખ્યાન ? અનેકાન્તવાદનું, બીજા કોઈનું નહિ.

कति कति न पृथक् संप्रदाया बुधानां - એવાં કેટલાંય સંપ્રદાયો હશે, કેટલાંય વિદ્વાનો હશે, કે જેમણે સ્યાદ્વાદના જુદી જુદી રીતે વ્યાખ્યાનો કર્યા છે.

પણ તું તારી કલ્પનાથી, તારી ભ્રામક બુદ્ધિથી, 'એ જુદાં જુદાં વ્યાખ્યાન ખોટાં છે,' એમ

સમજીશ નહિ. 'એ વ્યાખ્યાનોમાંથી અમુક માર્ગ ખોટો છે, એમ કહેવાનો અધિકાર નથી.

કારણ કે - યાદ રાખજે જેતું दुर्वादिवृन्दं जिनसमयविदः किं न सर्वे सहाया : ? આપણાં જુદાં જુદાં કદાચ ગમે તેવા ભેદ હોય, પણ જ્યારે પરવાદી આવશે ત્યારે તો પરમાત્માના શાસનને માનનારા, એની શ્રદ્ધાવાળા, ભેગાં થઇ જશે. અને પરમાત્માના શાસનને હમેશાં જયવંતું જ રાખશે.

આવી વિશાળદૃષ્ટિ કેળવવી, એ આ પ્રસંગે આપણું કર્તવ્ય છે."

---

ચૈત્ર સુદિ ૧૩, બુધવાર, તા.૨૩-૪-૭૫ના ભગવાન મહાવીરના જન્મકલ્યાણક દિને સવારે ૧૦-૩૦ વાગે શેઠ હઠીભાઈની વાડીમાં ગુજરાત રાજય ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ સમિતિના ઉપક્રમે યોજાએલ સમારોહમાં

## પૂજયપાદ તપાગચ્છનાયક પરમદયાળુ આચાર્ય ભગવંત શ્રીવિજયનંદનસૂરીશ્વરજી મહારાજનું પ્રેરક ઉદ્‌બોધન

अनाग्रहादेव वक्तुः सकाशात् तत्त्वावाधिगमो भवति ।

જે વકતાને કોઇ જાતનો આગ્રહ નથી. મારું એ સાચું; એવો કદાગ્રહ નથી. પણ 'સાચું એ મારું' આવો જેને ભાવ છે. તે વકતા પાસેથી સાચું તત્ત્વ મળી શકે છે.

અને 'मध्यस्थो बुद्धिमानर्थी, श्रोता पात्रमिति स्मृतः ।

જે મધ્યસ્થ બુદ્ધિવાળો છે, સમજુ છે અને અર્થી તત્ત્વની જિજ્ઞાસાવાળો છે. તેવા શ્રોતાને જ તત્ત્વની પ્રાપ્તિ થઇ શકે છે.

ત્રિશલાનંદન કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર, જેઓ આપણા ચરમ તીર્થંકર છે, જેઓ જગતના જીવમાત્રના પરમ ઉપકારી છે, જગતના હિત માટે જ જેમનો અવતાર છે, અને જેઓએ જન્મ લઇને સંસારના બંધનોને છોડી પ્રવજ્યા લીધી અને સાડા બાર વર્ષ સુધી ઘોર તપશ્ચર્યા કરી અને શુકલધ્યાનથી ઘાતીકર્મોનો ક્ષય કરી લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન મેળવી, જગતના હિત માટે જેમણે પહેલું આચારશાસ્ત્ર બતાવ્યું અને જગતની આગળ

સ્યાદ્વાદનો સિદ્ધાંત મૂકયો. અને બતાવ્યું છે કે સર્વજ્ઞનું સ્વરૂપ દરેક ધર્મમાં એકસરખું છે. મોક્ષનું સ્વરૂપ પણ એક સરખું છે. અને ઉપશમભાવ પ્રધાન મોક્ષનો માર્ગ પણ દરેકનો એક સરખો છે. આવો ઉદાર અને વિશાળ સિદ્ધાંત ભગવાન મહાવીરનો છે. એ પ્રભુએ કહ્યું છે કે-

सव्वे जीवा न हंतव्वा કોઇ પણ જીવને ત્રાસ, ભય, પરિતાપ કે ઉપદ્રવ ન આપવા. કોઇ જાતનું અસત્ય બોલવું નહિ, ચોરી ન કરવી, શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું અને કોઇ જાતનો પરિગ્રહ પણ ન રાખવો - मुच्छा परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा – ભગવંતે 'મૂર્છા'ને જ પરિગ્રહ કહ્યો છે. કોઈપણ વસ્તુ ઉપર મોહ ને મૂર્છા ન રાખવાં.

વળી ભગવંતે બતાવેલો સ્યાદ્વાદનો સિદ્ધાંત પણ દરેક વસ્તુની સિદ્ધિમાં અને વ્યવહાર દૃષ્ટિએ પણ અરસપરસના સંઘર્ષોને - મતભેદોને, મનભેદોને દૂર કરી, સમન્વય સાધી, સંપ અને એકતા કરવામાં મહાન આલંબન છે.

આ રીતના પ્રભુના સિદ્ધાંતો જગત સમક્ષ મૂકવાની અત્યારે વધારેમાં વધારે જરૂર છે. દુનિયા હિંસા, કલેશ, કંકાસ અને લડાઈથી કંટાળી ગઈ છે. ભૌતિક સુખોમાં રાચતી દુનિયાને આ મહાવીરના સિદ્ધાંતોથી જરૂર ફાયદો થવાનો છે અને જગતની શાંતિ માટે પણ આ સિદ્ધાંતનો પ્રચાર અનિવાર્ય છે. અને તે હેતુસર આ ઉજવણી થાય છે.

પ્રભુ મહાવીરના ચાલતા ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવમાં આજે પ્રભુ મહાવીરના જન્મકલ્યાણકની એટલે પ્રભુની જન્મ જયંતીની આ ઉજવણી થાય છે.

नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।

પ્રભુના જન્મ વખતે જગતના સર્વ જીવોને આનંદ થાય છે. તેમજ નારકીના જીવોને પણ આનંદ થાય છે.

ઉજવણીની રીતરસમોમાં એટલે કે કાર્યક્રમોની પદ્ધાતિમાં ફેર હોઇ શકે છે, પણ દરેકનો હેતુ તો એટલો જ હોય છે કે- 'પ્રભુ મહાવીરના સિદ્ધાંતોનો પ્રચાર થાય અને ધર્મની પ્રભાવના વધે. એટલે તે રીતરસમોમાં વાંધા ઉઠાવવા તે પણ વાજબી નથી, પણ પ્રભુ

મહાવીરના સિદ્ધાંતોનો વધુમાં વધુ  કેમ પ્રચાર થાય અને પ્રભુ મહાવીરના સ્યાદ્વાદથી આપણા અરસપરસના સંઘર્ષો ઓછાં થાય, મતભેદો ઓછાં થાય, અને સંપ થાય, તે રીતે સમન્વય સાધી ખંડનની પ્રક્રિયાને નહિ અપનાવતા, સંપ અને એકતા થાય તે રીતે પ્રચાર કરવો જોઈએ.

ધર્મપ્રચારના કે ધર્મપ્રભાવનાના દરેક કાર્યોમાં સાવદ્યયોગ તો થાય જ છે. પ્રભુના વરઘોડા નીકળે છે, દીક્ષાના-વર્ષીદાનના વરઘોડા નીકળે છે, ગુરુભગવંતોના સામૈયા થાય છે, બધામાં સાવદ્ય વ્યાપાર તો હોવાનો જ.

'विना सावद्ययोगेन, न स्याद्‌धर्मप्रभावना'–

સાવદ્ય વ્યાપાર કર્યા વિના ધર્મની પ્રભાવના થાય જ નહિ, પણ તેનો હેતુ અને ઉદ્દેશ નિર્મળ હોવા જોઈએ, એ જ હંમેશાં જોવાય છે.

ભગવાન મહાવીરના ૨૪૦૦મા નિર્વાણવર્ષમાં આપણે અહીં હતા નહિ, અને ૨૬૦૦મા નિર્વાણવર્ષમાં આપણે અહીં નહિ હોઈએ. એટલે આપણે માટે તો ૨૫૦૦મું વર્ષ અને ૨૫૦૦મા વર્ષની ઉજવણી-એજ બરાબર છે અને ભાગ્યમાં હોય તો જ તેનો લાભ મળી શકે છે.

અને જેને જેને જે જે રીતે ઉજવણી કરવી હોય તે રીતે કરી શકે છે. એમાં પ્રભુના ગુણોનો અનુવાદ કરવાનો છે. પ્રભુના ગુણોને યાદ કરવાના છે, અને પ્રભુના સિદ્ધાંતોનો જગતમાં પ્રચાર કરવાનો છે. દરેકનું ધ્યેય એક જ છે.

કોઈ કહેશે કે, 'મારે પ્રભુની પૂજા કેસરથી કરવી છે.' કોઈ વળી કહેશે કે, 'મારે ચંદનની પૂજા કરવી છે,' કોઈ વળી કહેશે કે, 'અમારે કંકુથી પૂજા કરવી છે.' અને કોઈ કહેશે કે, 'અમારે તો સિંદૂરથી પૂજા કરવી છે.' આ બધાનું ધ્યેય પ્રભુની પૂજા અને ભક્તિનું જ છે.

કોઈ કહે છે કે હું આ પત્થરને દેવ માનું છું. કોઈ કહે છે કે હું આ ચીથરાને ભગવાન માનું છું. તો તે પત્થરની કે ચીંથરાની નિંદા કરી અને તેને ખોટી રીતે ચીતરીને સામાનું હૃદય દુભવવું તે વાજબી નથી. એટલું જ નહિ, પણ સામાના હૃદયને દુભવનાર કાયદેસર ગુનેગાર પણ બને છે.

ભગવાન મહાવીરનું આજે - ચૈત્ર સુદિ તેરશ, બુધવાર તા. ૨૩-૪-૭૫ના દિવસે જન્મકલ્યાણક છે. એ પ્રભુનું જન્મકલ્યાણક જગતના દરેક જીવોને શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ઋદ્ધિ, વૃદ્ધિ, સુખ, સૌભાગ્ય અને મહોદય આપનારું થાઓ.

